# સ્યાદ્વાદની સર્વોત્કૃષ્ટતા





: લેખક :

પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય સુશીલ સૂરીશ્વરજી મ.સા.

# સ્યાદ્વાદની સર્વોત્કૃષ્ટતા

: લેખક :

પ્રતિષ્ઠા શિરોમણિ - ગચ્છાધિપતિ
પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય
**સુશીલસૂરીશ્વરજી મ.સા.**

: સંપાદક :

જીર્ણોદ્ધાર પ્રેરક - સુમધુર પ્રવચનકાર
પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય
**જિનોત્તમ સૂરીશ્વરજી મ.સા.**

: પ્રકાશક :

**શ્રી સુશીલ-સાહિત્ય પ્રકાશન સમિતિ**

જોધપુર (રાજ.)

પુસ્તક : સ્યાદ્વાદની સર્વોત્કૃષ્ટતા

પ્રતિ : ૧૦૦૦

આવૃત્તિ : દ્વિતીય

મૂલ્ય : પઠન-પાઠન

## પ્રાપ્તિ સ્થાન

**શ્રી અષ્ટાપદ જૈન તીર્થ**
સુશીલ વિહાર, વરકાણા રોડ
મુ. રાની સ્ટેશન
પિન : 306 115. જિ. પાલી (રાજ.)
Ph.: (02934) 222715
Fax : 223454

**આચાર્ય શ્રી સુશીલ સૂરિજી**
જ્ઞાન મંદિર
શાન્તિ નગર
પો. સિરોહી - 307 003 (રાજ.)

**શ્રી સુશીલ-સાહિત્ય પ્રકાશન સમિતિ**
C/o. સંઘવી શ્રી ગુણદયાલચંદજી ભંડારી
રાઈકા બાગ, પુરાની પુલિસ લાઈન,
પો. જોધપુર - 342 006 (રાજ.)
Ph.: (0291) 2511829, 2510621
Fax : 2511674


**સુશીલ સંદેશ પ્રકાશન મંદિર**
જી-૪/૬, રાની સતી નગર, પહેલે માળ
એસ. બી. રોડ, મલાડ (પશ્ચિમ)
પો. મુંબઈ - 400 064 (રાજ.)
Ph.: (022) 28897779, 28723362
Mobile : 098200 67121

**શ્રી જૈન શાસન સેવા ટ્રસ્ટ**
C/o. શા. દેવરાજજી જૈન
૧૨૫, મહાવીર નગર, પો. પાલી - 306 401
Ph.: (02932) (O) Fax : 231667
(R) 230146
Mobile : Devrajji - 94141 19667
Rakesh - 98290 20667

**સુશીલ ફાઉન્ડેશન**
C/o. Mangilal MangalChand Tater
52, Maddox Street, Vepery
CHENNAI - 600 007
Ph.: (044) 26422632, 26422773
Fax : 26427698

**શ્રી સુશીલ ગુરુભક્ત મંડલ** C/o. શા. જુગરાજજી દાનમલજી શ્રીશ્રીમાલ
C/o. S. K. & Co.
51/53, New Hanuman Lane, Maru Bhawan
MUMBAI - 400 002 (M.H.)
Ph.: (O) 22015157 (R) 23712546 Mobile : 98690 07161

સાહિત્ય સમ્રાટ્




॥ નમામિ સાદરં
લાવણ્ય સૂરીશં ॥

શાસન સમ્રાટ્



॥ નમામિ સાદરં નેમિ સૂરીશં ॥

સંયમ સમ્રાટ્




॥ નમામિ સાદરં
દક્ષ સૂરીશં ॥

પ્રતિષ્ઠા શિરોમણિ - ગચ્છાધિપતિ



॥ નમામિ સાદરં
સુશીલ સૂરીશં ॥

જીર્ણોદ્ધાર પ્રેરક
સુમધુર પ્રવચનકાર



॥ નમામિ સાદરં જિનોત્તમ સૂરીશં ॥

# સમર્પણ

આસ્થા કે આયામ
ગુણોં કે નિધાન
કવિત્વ કે અજસ્રોત
જ્ઞાન ગુણ ઓત-પ્રોત

પરમોપકારી-ભવોદધિતારક-પરમકૃપાલુ
મેરી જીવન નૈયા કે સુકાની
પરમ પૂજ્ય ગુરુદેવ આચાર્ય ભગવંત
શ્રીમદ્ વિજય સુશીલસૂરીશ્વરજી મ.સા.
ના કર-કમલોમાં સવિનય
સાદર સમર્પિત...

-વિજય જિનોત્તમસૂરિ

કૃપા છત્ર મુઝ પર સદા, રખના દીન દયાલ ।
યહી જિનોત્તમ ભાવના, રખના પૂર્ણ કૃપાલ ॥


શેઠ હઠીસિંહ ની વાડી



# પ.પૂ. શાસન સમ્રાટ્ સમુદાયના
# વડિલ-ગચ્છાધિપતિ
# પરમ પૂજ્ય આચાર્ય ભગવંત
# શ્રીમદ્ વિજય
# સુશીલસૂરીશ્વરજી મ.સા.

## : જીવન પરિચય :

| | | |
|---|---|---|
| જન્મ | : | વિ.સં. ૧૯૭૩, ભાદ્રપદ શુક્લ દ્વાદશી, ૨૮ જૂન ૧૯૧૭, ચાણસ્મા (ઉ.ગુ.) |
| માતા | : | શ્રીમતી ચંચલબેન મેહતા |
| પિતા | : | શ્રી ચતુરભાઈ મેહતા |
| નામ | : | ગોદડભાઈ |
| પરિવાર ગૌત્ર | : | ચૌહાણ ગૌત્ર વીશા શ્રીમાલી |
| સંયમી પરિવાર | : | પિતાજી તથા બે ભાઈ અને બહેને જૈન ભાગવતી દીક્ષા અંગીકાર કરી |
| દીક્ષા | : | વિ.સં. ૧૯૮૮ કાર્તિક (માર્ગશીર્ષ) કૃષ્ણા-૨, તા.૨૭ નવેમ્બર ૧૯૩૧ શ્રી પદ્મનાભ સ્વામી જૈન તીર્થ, ઉદયપુર (રાજ.) |
| દીક્ષા નામ | : | પૂ. મુનિ શ્રી સુશીલ વિજયજી મ.સા. |
| બડી દીક્ષા | : | વિ.સં. ૧૯૮૮, મહા સુદી પંચમી, શેરીસા તીર્થ (ગુજરાત) |
| ગણિપદવી | : | વિ.સં. ૨૦૦૭, કાર્તિક (માર્ગશીર્ષ) કૃષ્ણા ૯, તા. ૧ ડિસેમ્બર ૧૯૫૦ વેરાવલ (ગુજરાત) |
| પંન્યાસ પદવી | : | વિ.સં. ૨૦૦૭, વૈશાખ શુક્લા-૩, તા.૯ મે ૧૯૫૧, અમદાવાદ (ગુજરાત) |
| ઉપાધ્યાય પદ | : | વિ.સં. ૨૦૨૧, માઘ શુક્લા-૩, તા.૪ ફેબ્રુઆરી ૧૯૬૫, મુંડારા (રાજસ્થાન) |
| આચાર્ય પદ | : | વિ.સં. ૨૦૨૧, માઘ શુક્લા-૫, તા.૬ ફેબ્રુઆરી ૧૯૬૫, મુંડારા (રાજસ્થાન) |
| સાહિત્ય સર્જન | : | લગભગ ૧૫૦ ગ્રંથ પુસ્તકોનું લેખન, પુસ્તકોનું અનુવાદ, ગ્રન્થોનું સમ્પાદન |
| પ્રતિષ્ઠા | : | ૧૭૧ થી વધુ જૈન મંદિરોની પ્રતિષ્ઠા અને અંજનશલાકા (વિ.સં. ૨૦૧૭ થી વિ.સં. ૨૦૫૮ સુધી) |
| જૈન તીર્થ નિર્માતા | : | શ્રી અષ્ટાપદ જૈન તીર્થ - સુશીલ વિહાર, રાની (રાજસ્થાન) |
| અલંકરણ | : | સાહિત્યરત્ન, શાસ્ત્ર વિશારદ તથા કવિભૂષણ, મુંડારા (રાજસ્થાન) |
| જૈનધર્મ દિવાકર | : | વિ.સં. ૨૦૨૭, જૈસલમેર (રાજસ્થાન) |
| મરુધર દેશોદ્ધારક | : | વિ.સં. ૨૦૨૮, રાની સ્ટેશન (રાજસ્થાન) |
| રાજસ્થાન દીપક | : | વિ.સં. ૨૦૩૧, પાલી-મારવાડ (રાજસ્થાન) |
| શાસન રત્ન | : | વિ.સં. ૨૦૩૧, જોધપુર (રાજસ્થાન) |
| શ્રી જૈન શાસન શણગાર | : | વિ.સં. ૨૦૪૬, મેડતા સિટી (રાજસ્થાન) |
| પ્રતિષ્ઠા શિરોમણિ | : | વિ.સં. ૨૦૫૦, શ્રી નાકોડા જૈન તીર્થ, મેવાનગર (રાજસ્થાન) |
| જૈન શાસન શિરોમણિ | : | વિ.સં. ૨૦૫૫, પાલી શહેરમાં |
| પટ્ટ પરંપરા | : | શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામી પરમાત્માના વર્તમાન જૈન શાસનમાં તેમના જ પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામીજી મહારાજની સુવિહિત પરંપરાની ૭૭મી પાટ પર સુશોભિત તપાગચ્છાચાર્ય |



## સંપાદક

**સુમધુર પ્રવચનકાર**
**પ.પૂ. આચાર્યદેવ**
**શ્રીમદ્ વિજય**
**જિનોત્તમ સૂરીશ્વરજી મ.સા.**

## મિતાક્ષરી પરિચય

| | |
|---|---|
| માતા | : શ્રી દાડમીબાઈ (વર્તમાનમાં પ.પૂ. સાધ્વીશ્રી દિવ્યપ્રજ્ઞાશ્રીજી મ.) |
| પિતા | : શ્રી ઉત્તમચન્દજી અમીચન્દજી મરડીયા (પ્રાગ્વાટ) |
| જન્મ | : જાવાલ, સં. ૨૦૧૮, ચૈત્ર વદ-૬, શનિવાર, ૨૭ માર્ચ ૧૯૬૨ |
| સાંસારિક નામ | : જયન્તીલાલ |
| શ્રમણ નામ | : પૂ. મુનિરાજ શ્રી જિનોત્તમ વિજયજી મ.સા. |
| ગુરુદેવ | : પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય સુશીલસૂરીશ્વરજી મ.સા. |
| દીક્ષા | : જાવાલ, સં. ૨૦૨૮, જ્યેષ્ઠ વદ-૫, રવિવાર, ૧૫ મે ૧૯૭૧ |
| બડી દીક્ષા | : ઉદયપુર, સં. ૨૦૨૮, આષાઢ શુક્લ-૧૦ |
| ગણિપદ | : સોજત સિટી, સં.૨૦૪૬, માગશર શુક્લ-૬, સોમવાર ૪ ડિસેમ્બર ૧૯૮૯ |
| પંન્યાસ પદ | : જાવાલ, સં.૨૦૪૬, જ્યેષ્ઠ શુક્લ-૧૦, શનિવાર, ૨ જૂન ૧૯૯૦ |
| ઉપાધ્યાય પદ | : કોસેલાવ, વિ.સં. ૨૦૫૩, મૃગશીર્ષ વદ-૨, બુધવાર ૨૭ નવેમ્બર ૧૯૯૬ |
| આચાર્ય પદ | : લાટાડા, વિ.સં. ૨૦૫૪, વૈશાખ શુક્લ-૬, ૧૨ મે ૧૯૯૭ |

### : પરિવારમાં દીક્ષિત :

| | |
|---|---|
| દાદા | : પૂ. મુનિ શ્રી અરિહંત વિજયજી મ. |
| દાદી | : પૂ. સાધ્વી શ્રી ભાગ્યલતાશ્રીજી મ. |
| માતા | : પૂ. સાધ્વી શ્રી દિવ્યપ્રજ્ઞાશ્રીજી મ. |
| ભુઆ | : પૂ. સાધ્વી શ્રી સ્નેહલતાશ્રીજી મ. |
| ભુઆ | : પૂ. સાધ્વી શ્રી ભવ્યગુણાશ્રીજી મ. |

॥ ॐ ह्रीँ नमो तित्थस्स ॥

ધન્ય તીર્થ

જય અષ્ટાપદ

રાજસ્થાન શણગાર... ભારત ભૂષણ... ગોડવાડ ગૌરવ...


સંપૂર્ણ ભારત વર્ષમાં પ્રથમ પ્રયાસ...

# શ્રી અષ્ટાપદ જૈન તીર્થ

સુશીલ વિહાર, વરકાણા રોડ, રાની - 306 115

જિ. પાલી (રાજ.)

Ph.: (02934) (O) 222715 Fax : 223454



શુભ પ્રેરણા

પ.પૂ. આચાર્યદેવ

**શ્રીમદ્ વિજય સુશીલસૂરીશ્વરજી મ.સા.**

પ.પૂ. આચાર્યદેવ

**શ્રીમદ્ વિજય જિનોત્તમ સૂરીશ્વરજી મ.સા.**

સેવા-પૂજા-ભક્તિનું અનુપમ ધર્મસ્થાન

: સુવિધાઓ :

ભોજન અને ભાતાશાળા, આધુનિક યાત્રી નિવાસ, યાતાયાત સાધન.

દર્શનાર્થે પધારી આત્મ-શાન્તિ પ્રાપ્ત કરો.

**સર્વજન હિતાય - સર્વજન સુખાયની**

**સત્પ્રેરણાથી પ્રકાશીત હિન્દી પત્રિકા...**

અવશ્ય વાંચો... અવશ્ય વાંચો...

# સુશીલ સન્દેશ

**: માનદ સમ્પાદક :**

**શ્રી નૈનમલ વિનયચંદ્રજી સુરાણા, સિરોહી**

★ શું આપ આપના જીવનને સુસંસ્કારોથી સુવાસિત કરવા માંગો છો ?

★ શું આપ જૈન ધર્મના રહસ્ય, જૈન ઈતિહાસ-તત્વજ્ઞાન, જૈન આચાર-પ્રેરણાદાયી વાર્તાઓ વાંચીને જીવનને ધર્મથી સુવાસિત કરવા માંગો છો ?

★ હાઁ ! તો આજે જ **સુશીલ-સન્દેશ**ના આજીવન સભ્ય બનો.

**અનેકવિધ વિશેષતાઓથી પરિપૂર્ણ**

**જીવનમાં સદાચાર-પવિત્રતાનો સન્દેશ મોકલનાર...**

**છેલ્લા ૧૮ વર્ષોથી નિયમિત પ્રકાશિત**

આજીવન સદસ્ય (સભ્ય) માત્ર રૂપિયા 711/-

## સુશીલ-સન્દેશ

**ના સદસ્ય અવશ્ય બનો...**

આપનો સહયોગ અવશ્ય પ્રાપ્ત થાઓ...

**: સમ્પર્ક સૂત્ર :**

**સુશીલ સન્દેશ પ્રકાશન મન્દિર**

જી-૪/૬, રાની સતી નગર, પહેલે માળે, એસ. બી. રોડ,

મલાડ (પશ્ચિમ), મુ. મુંબઈ - 400 064.

# શ્રી જૈન શાસન સેવા ટ્રસ્ટ (રજિ.)

**કાર્યાલય : ૧૨૫, મહાવીર નગર, પાલી (રાજ.)**

સહયોગ... સદ્ભાવના...



સેવા... સંસ્કાર...

**રૂા. ૧,૧૧૧ નો સહયોગ આપી પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરો...**

## શુભ આશીર્વાદ

**પ્રતિષ્ઠા શિરોમણિ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય સુશીલ સૂરીશ્વરજી મ.સા.**
**પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય જિનોત્તમ સૂરીશ્વરજી મ.સા.**

## પાવન પ્રેરણા

**પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય અરિહંતસિદ્ધ સૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાનુવર્તિની**
**પૂ.સાધ્વીશ્રી લલિતપ્રભાશ્રીજી મ.સા.ની શિષ્યા પૂ.સાધ્વીશ્રી સ્નેહલતાશ્રીજી મ.સા.ની શિષ્યા**
**પૂ. સાધ્વીશ્રી ભવ્યગુણાશ્રીજી મ.સા., પૂ.સાધ્વીશ્રી દિવ્યપ્રજ્ઞાશ્રીજી મ.સા. (પૂ. માતાજી મ.)**
**પૂ. સાધ્વીશ્રી શીલગુણાશ્રીજી મ.સા., પૂ.સાધ્વીશ્રી પ્રફુલ્લપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણા**

## ટ્રસ્ટ મંડલ


**અધ્યક્ષ** : શા. હસ્તિમલજી દેવીચંદજી મુઠલિયા, તખતગઢ (મુંબઈ)
**ઉપાધ્યક્ષ** : શા. હુકમીચંદજી તારાચંદજી, કૈલાશનગર (ચૈન્નઈ)
શા. દિલીપકુમારજી પુખરાજજી, શિવગંજ (સિમોગા)
**મહાસચિવ** : શા. બાબુલાલજી હસ્તિમલજી કોઠારી, રાની (પાલી)
**સચિવ** : શા. મંછાલાલજી કુંદનમલજી, તખતગઢ (મુંબઈ)
**કોષાધ્યક્ષ** : શા. દેવરાજજી દીપચંદજી રાઠોડ, જવાલી (પાલી)
**સહ-કોષાધ્યક્ષ** : શા. મહાવીરચંદજી દેવીચંદજી પાલરેચા, દુદાડા (બાલોતરા)
**ટ્રસ્ટી** : શા. પ્રકાશચંદજી ગેનમલજી, જાવાલ (ચૈન્નઈ)
શા. પન્નાલાલજી રિખબચંદજી, જાવાલ (ચૈન્નઈ), શા. ઘેવરચંદજી ભૂરમલજી, અગવરી (નેલ્લૂર)
સંઘવી શ્રી હસમુખભાઈ ધનરાજજી, મંડાર (દિલ્હી), શા. અશોકકુમારજી ઘીસુલાલજી રાઠોડ,
ચાંચોડી (પૂના), શા. દેવરાજજી કિસ્તુરચન્દજી, રામાજી ગુડા (ભિવન્ડી)

# સ્યાદ્વાદની સર્વોત્કૃષ્ટતા

## પ્રા...સ્તા...વિ...ક

॥ अर्हम् ॥

### અનંત કાળ અને જગત

સૂર્ય ઊગે અને આથમે છે, દિવસ પછી રાત્રિ અને રાત્રિ પછી દિવસ આવે છે. માણસ જન્મે છે, યુવાન થાય છે, વૃદ્ધ થાય છે અને મરે છે. વૃક્ષો ઊગે, ફળ-ફૂલવાળાં બને અને પડે છે. શિયાળા પછી ઉનાળો અને ઉનાળા પછી ચોમાસુ આમ ઋતુ પરીવર્તન થાય છે. વાયુ, વનસ્પતિ, અગ્નિ, પાણી આ બધાં અનર્ગળ પ્રગટ થાય છે અને વિરમે છે. એવાં આવાં અનેક દશ્યો આ જગતમાં સદા કાળ બને છે, અનુભવાય છે, પણ આ ઘટનાની પાછળ ઊંડા ઊતારનારા કોઈક જ હોય છે.

કીડીઓના નગરમાંથી ઊભરાતી કીડીઓ, અનાજમાં પડેલા અસંખ્ય ધનેડા, મંકોડાની હારમાળા અને મધપુડાની અગણિત માખીઓ, આકાશમાં દેખાતા અસંખ્ય તારા, પશુ, પંખીઓનાં ટોળાં, આ બધું જોનારને એકસરખું લાગે છે. તે કીડીઓ, માખીઓ, તારા, ગાયો, ભેંસો, બકરાં કે પંખીઓ એક સરખાં દેખાય છે પણ તેનો પાલક ગોવાળ દરેક ગાયો, ભેંસો અને બકરાંને જૂદાં પાડે છે અને પ્રત્યેકનો તફાવત દેખી શકે છે.

જગતના બીજા દેશોને પહેરવાનું અને ઓઢવાનું જ્યારે ભાન નહોતું ત્યારે પણ આ ભારત દેશના માનવીઓ અગમનિગમનો વિચાર કરતા હતા. દુન્યવી સંપત્તિમાં ભાર મોખરે હતો. તેમાં વસતી માનવજાતને ખાવાની, પીવાની કોઈ ચિંતા ન હતી.

અઢારે કોમો ઘણી જ સહેલાઈથી નિવૃત્તિ જીવન અને આજીવિકા ચલાવતા, ક્ષત્રિયો દેશનું રક્ષણ કરી દેશના લાડીલા બનતા, વૈશ્યો વ્યાપાર, વાણિજ્ય, ક્રય-વિક્રયથી દેશને સમૃદ્ધ બનાવતા અને પોતે સમૃદ્ધ બનતા; લુહાર, સુથારથી માંડી અત્યંજ સુધીનો બધોય શુદ્ર વર્ગ ભારતની માનવ સેવામાં પોતાને ધન્ય માનતો. આમ સૌ કોઈ ભારતનો માનવી પોતપોતાનાં કર્તવ્યમાં પરાયણ રહેતો. ભારત-દેહમાં મસ્તકરૂપે બ્રાહ્મણ, હસ્તરૂપે ક્ષત્રિય, હૃદયરૂપે વૈશ્ય અને પગરૂપે શુદ્ર હતો. એક પણ અંગના પ્રત્યવાયથી આખા દેહનો પ્રત્યવાય મનાતો; તેથી એક બીજા પરસ્પર સંકલિત થઈ પોતે સમૃદ્ધ થઈ ભારતને સમૃદ્ધ બનાવતા.

આમ ભારતને આજીવિકાની કોઈ ચિંતા ન હતી. તેમાં વસતા માનવીમાં ખટરાગ ન હતો. માગ્યા મેઘ વરસતા અને કુદરત અણમોલ સમૃદ્ધિ આપતી. અણમોલ સમૃદ્ધિવત ભારતના માનવીઓ સમૃદ્ધિમાં માત્ર રચ્યા પચ્યા નહોતા રહેતા પરંતુ જ્યાં માનવીની બુદ્ધિ થાકતી તેવા પ્રશ્નોનો પણ વિચાર કરતાં. કોઈ જન્મ-મરણની સમસ્યા ઉકેલતા મથતા તો કોઈ પાંચ મહાભૂત અને પ્રકાશના ઊંડાણમાં અન્વેષણ કરતો.

આ જગતનું ઊંડું અન્વેષણ એ ભારતનું તત્ત્વજ્ઞાન છે. આમ અનેક રીતે ભારતનો તત્ત્વવાદ ફાલ્યો-ફૂલ્યો હતો. વધુ શું ? જગતના અસંખ્ય માનવીઓ મનુષ્ય આકૃતિની દૃષ્ટિએ એક સરખા છે. તેઓના રોગોમાં એક સરખી પ્રક્રિયા અને દવાઓનો ઉપયોગ થાય છે. વસ્ત્રો, ઘરેણાં, ખોરાક અને તેની જીવન જરૂરિયાતની ચીજો બજારમાં થોકબંધ ખડકાય છે. આમ

માનવ માત્રની એક્તા છતાં બીજી ક્ષણે ઊંડા ઊતરનારને પ્રત્યેક માનવ માત્ર જૂદો નહિ પણ તેના અંગ, પ્રત્યંગ અને તેની સર્વક્રિયા બધું જ જુદું ભાસે છે. મનુષ્ય માત્રનો અવાજ જૂદો છે. માનવ માત્રની ચાલ જૂદી છે, આંખ, નાક, કાન, ભંવર, દાંત, હોઠ; આ બધાં અંગોમાં કોઈ કોઈના અંગ કોઈને મળતા નથી. માનવ માત્રનો અંગૂઠો જૂદો જ છે, તેથી અંગૂઠાની છાપ લેવાય છે. આમ જગતના અવલોકનમાં સ્થૂળ દષ્ટિએ જગતને અવલોકનાર જગત માત્રને તત્સત્ કહી દેખી શકે છે અને જગતના પ્રત્યેક વિભાગોને ઝીણવટભરી રીતે તપાસનાર જગતભરના તમામ પદાર્થો તેના અંગ પ્રત્યંગને પેટા વિભાગને જૂદા માની "સર્વ મિત્રમ્" કહી સંબોધે છે.

આ જગતનું અવલોકન જેટલું ઊંડું, તલસ્પર્શી અને સુવ્યવસ્થિત તેટલું તેનું જ્ઞાન સાચું અને વ્યવસ્થિત.

આપણી પાસે આજે જે ઈતિહાસ છે તે અને પરંપરાગત આવતો અણશોધાયેલ ઈતિહાસ, તેમજ ભારતમાં પાંચ હજાર વર્ષ કરતાં પણ જૂનાં મળી આવેલાં ખંડિયેર નગરોનાં અવશેષો આ બધી વાતની સાક્ષી પૂરે છે.

તેમાં મળી આવેલાં અવશેષો ભારતની અનર્ગલ સંપત્તિનો ખ્યાલ આપે છે અને સાથોસાથ તેની વ્યવસ્થા અને જગત-અન્વેષણની વિચારધારામાંથી પ્રગટેલી આચારણા, પૃથ્વી, પાણી, અગ્નિ, દેવ-દેવીઓની પૂજા આ બધાનું જ્ઞાન આપણને પૂરું પાડે છે.

**માનવની વિચારધારા અને ધર્મ**

પરંતુ આ બધા ઉપરથી એટલું ચોક્કસ છે કે આપણો

ભારતવર્ષ પ્રાચીન કાળથી ખાવું, પીવું અને પુદ્ગલ રસને પોષવા માત્રમાં કદાપિ ગરકાવ રહ્યો નથી, પરંતુ જગત્ અવલોકનના ચિંતનમાં, અગમ્ય વસ્તુને ગમ્ય કરવામાં અને જીવન-મરણની ઘટમાળના ઉકેલમાં તેણે અનેક સત્ત્વશીલ શક્તિસંપન્ન પુરુષો દ્વારા અથાગ પ્રયત્ન કર્યો છે. એ પ્રયત્નો દ્વારા તે ધર્મો, તત્ત્વવાદો, વિચારધારાઓ કે માન્યતાઓની રૂપરેખા દોરી શક્યો છે એમ કહીએ તો ખોટું નહિ ગણાય.

માનવી પોતાની વિકાસશક્તિ અનુસાર પલટા લેતી વિચાર ધારાને આગળ વિકસાવી ન શક્યો અને અટક્યો, ત્યાં તેણે તે વિચારધારાને સ્થગિત કરી અને એ સ્થગિત કરેલ વિચાર-માન્યતાને રૂઢ કરવા, પામવા તેણે જુદા-જુદા માર્ગો કે પ્રબંધો યોજ્યા અને તેને અનુરૂપ આચરણાઓ, પ્રબંધો તે તેના ધર્મો છે, આનો વિકાસ તેની કડીબદ્ધતા અને વિચાર રજૂ કરનારં અને તેના વાહકોનું સત્ત્વ તે પ્રમાણે તે આચરણા સ્થિર અને વ્યાપક બની.

ભારતના ધર્મો તરફ નજર નાખીશું તો એક નહિ પણ અનેક ધર્મો આ રીતે પ્રગટ થયા છે, વિકસ્યા છે, ફાલ્યાફૂલ્યા છે અને વિલીન થયા છે.

આ બધામાં વિચારધારા જેટલી સ્પષ્ટ કડીબદ્ધ હોય તેમાં સંગતતાની વધુ માત્રા અને તેની પાછળની વિચારધારા રજૂ કરનાર વ્યક્તિની જેવી સત્ત્વશીલતા અને ભોગ તેટલી તે વધારે પ્રમાણમાં ટકી છે.

આ બધાનું સમુચ્ચય પરિણામ ભારતવર્ષમાં એ આવ્યું છે કે તેનું ગામડું, નગર કે કુટિર ગમે તે હોય ત્યાં વસનાર માનવી

"આપણે અહીં સ્થિર રહેવાનું નથી અને કોઇ વિશિષ્ટ શક્તિ સંપન્ન તત્ત્વને આરાધી કલ્યાણ સાધવાનું છે.' તેમ માની કોઇ દેવ, દેવી કે છેવટે પથ્થર ઉપર સિંદૂર ચડાવી પૂજન કરતો આવ્યો છે. આમ ભારતવર્ષની હવામાં ધર્મ ઓતપ્રોત છે અને તેનો માનવી ગમે તે જાતિ, કોટિ કે ગમે ત્યાં વસતો હોય તે ઇચ્છે કે ન ઇચ્છે તો પણ તેને ધર્મસંસ્કાર મળતો રહ્યો છે અને તેનું ગામડું કે કોઇ સ્થાન ધર્મસ્થાનક વગરનું રહ્યું નથી.

## ધર્મ અને આચાર

વિશિષ્ટ શક્તિ સંપન્ન પુરુષ-ધર્મ પ્રવર્તકે પોતાની વિશિષ્ટ વિચારધારા પ્રરૂપી તે વિચારધારાને અનુરૂપ માર્ગ આચરણા શરૂ કરી તે ધર્મરૂપે પ્રગટ થયો. વિચારધારા અને આચરણામાં સામ્ય ન હોય તો જતે દિવસે આચરણા જૂદી દિશામાં દોડે અને વિચારધારા તેમની તેમ પડી રહે.

શુદ્ધોદન બુદ્ધ યુવાન પુરુષની નનામી દેખી વિચારમગ્ન થયો. જીવન, મરણનો તાગ શોધવા તેણે રાજપાટ છોડયું, જંગલો ઘૂમ્યા અને છેવટે તેમને ક્ષણવિનશ્વરવાદ લાધ્યો ને વિચારધારા સ્થિર કરી. તેમાંથી બૌદ્ધદર્શન પ્રગટયું.

મીમાંસક દર્શનકારને માનવ માત્ર અપરિપૂર્ણ લાગ્યો. તેણે વેદોને અપૌરુષેય માની તે દ્વારા અનેક વસ્તુઓના ઊકેલ શોધી તેનો તત્ત્વવાદ સ્થિર કર્યો.

વૈશેષિક-નૈયાયિકોએ સર્વ વસ્તુના ઊકેલ માટે અમાપ શક્તિ સંપન્ન ઇશ્વરનો આશ્રય લઇ પોતાના દર્શનની વ્યવસ્થા કરી.

પ્રકૃતિ-પુરુષની કલ્પના દ્વારા સંખ્યામતે પોતાનો તત્ત્વવાદ સ્થિર કર્યો.

આમ કોઈએ દ્વૈતવાદ, કોઈએ અદ્વૈતવાદ એમ અનેક જુદી-જુદી વિચારધારાઓ પ્રમાણિકપણે રજૂ કરી છે.

ખરી રીતે આ બધીએ વિચારધારાઓ પોતપોતાની દૃષ્ટિએ સાચી હોવા છતાં અંગપ્રત્યંગ પરિષ્કૃત ન રહી. તેના તત્ત્વવાદી પુરુષને કોઈએ અંગથી તો કોઈએ પ્રત્યંગથી પોતાના તત્ત્વમાં પરિપૂર્ણ માન્યો અને તેની આચરણા પણ ઉત્પન્ન કરી. પરંતુ તે વચ્ચે સામ્ય તૂટતાં અનેક ભેદો થતાં વિચાર-આચારમાં અનેકગણું અંતર વધ્યું જેને લઈ આચાર ઉપરથી વિચાર અગર વિચાર ઉપરથી આચાર શોધવો આજે મુશ્કેલ થઈ પડયો છે.

યથાર્થવાદ, અપેક્ષાવાદ, અનેકાન્તવાદ, સ્યાદ્વાદ આ જૈન ધર્મની વિચારધારા છે. આ વિચારધારા એ જ સાચું વિશ્વદર્શન છે. જગતના એકે એક પદાર્થમાં તેને સામ્ય દેખાય છે. અદ્વૈતવાદને જૈનદર્શન પોતાનામાં સમાવી લે છે. સામાન્યને પોતાનામાં ઓતપ્રોત કરી લે છે.

સર્વને સમાન રાખનાર દૃષ્ટિ તે સામાન્ય દૃષ્ટિ છે. બીજી દૃષ્ટિએ નિહાળતાં જગતના તમામ પદાર્થો જ નહીં પણ તેના અંગો પ્રત્યંગો સૌ કોઈ જૂદા જૂદા તે નિહાળે છે. વિશેષને, ક્ષણ વિધ્વંસવાદને પૃથક્ ગણતા સૌ કોઈને તમારી દૃષ્ટિ સાચી છે તેમ કહી અભિનંદે છે.

ગાયો કે બકરાઓના ટોળાને, પક્ષીઓના ઊડતા સમૂહને અજ્ઞાત માણસ એક માને, પણ ગોવાળ કે પક્ષીઓનો રક્ષક દરેકને જૂદા પાડી આપે છે. માણસ માત્રના અંગૂઠા જૂદા હોય છે. માણસ માત્રની આંખ જૂદી છે. માણસ માત્રનો અવાજ જૂદો છે. માણસ માત્રની આકૃતિ જૂદી છે. આ દૃષ્ટિ તે વિશેષ દૃષ્ટિ છે.

પદાર્થ માત્રમાં સામાન્ય અને વિશેષ ધર્મો છે. સામાન્યને મુખ્ય રાખી નિહાળનાર દૃષ્ટિ તે સામાન્ય દૃષ્ટિ એટલે દ્રવ્યાર્થિક અને વિશેષદૃષ્ટિ તે પર્યાયાર્થિક. આ બન્ને દૃષ્ટિનો સમુચ્ચયપણે સ્વીકાર તે સ્યાદ્વાદ, યથાર્થવાદ, અનેકાન્તવાદ-ગૌણમુખ્ય ભાવે નિહાળનાર એક દૃષ્ટિ તે નયવાદ.

કોઇ પણ વસ્તુને તેની સંભવતી બધી બાજુએ નિહાળવી તે અનેકાન્તદૃષ્ટિ. પદાર્થ જે રીતે હોય તે રીતે યથાર્થપણે અવલોકનાર વાદ તે યથાર્થવાદ.

પદાર્થ માત્રમાં અનેક ધર્મો છે. તે દરેક ધર્મોને સ્વીકારનાર તે અનેકાન્તવાદ. પદાર્થમાં સંભવતા અનેક ધર્મોમાંથી જ્યારે જેની મુખ્યતા હોય ત્યારે તેને અપેક્ષીને કથન કરે તે અપેક્ષાવાદ અને જે કોઇ પદાર્થ અંગે કહેવામાં આવે તે સ્યાદ્‌યુક્ત-કથંચિત્ યુક્ત સ્યાદ્વાદ છે.

આ દૃષ્ટિ-વસ્તુનું અવલોકન કેટલું સુંદર છે ! જેણે જેણે પરમાર્થ બુદ્ધિથી વસ્તુ અવલોકવાનો પ્રયત્ન કર્યો અને તેને જે વાત સમજાઇ તે બધી વાતોને જૈન દર્શને પોતાનામાં સમાવી છે. સર્વ દર્શનોમાંથી સ્યાદ્વાદ દૃષ્ટિ જૈન દર્શનને અનુરૂપ તત્ત્વ શોધે છે અને પોતાનામાં સમાવે છે. આમ ભારતનાં તમામ દર્શનો એક દૃષ્ટિરૂપ છે અને જૈન દર્શન સર્વદૃષ્ટિ-અનેકાન્તદૃષ્ટિ રૂપ છે. જગતભરના તમામ વિસંવાદો, કલેશો, દુઃખો, વિવાદો વગેરે સર્વનું શમન કરનાર આ દૃષ્ટિ સ્યાદ્વાદની જ છે.

પદાર્થ માત્ર અને વિચારણા માત્રને બધી રીતે તપાસી પ્રરૂપણા કરનાર કોઇ દિવસ નિષ્ફળ જતો નથી. તેનું જીવન કૃતકૃત્ય બને છે. આ જ કારણે મહાન્ પુરુષ પૂ. ન્યાયવિશારદ

ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજે માંગ્યું કે -

"इहाऽमुत्राऽपि स्तान्मम मतिरनेकान्तविषये ।"

આ ભવ અને પરભવમાં મારી મતિ અનેકાન્તને વિષે રહો..

પૂ. કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રી જેવાઓએ પણ માગ્યું કે -

"जिनधर्मविनिर्मुक्तो, मा भुवं चक्रवर्त्यपि ।
स्यां चेटोऽपि दरिद्रोऽपि, जिनधर्माधिवासितः ।।"

(હે પ્રભો ! ભવાન્તરમાં-) જિનધર્મથી રહિત એવા મારે ચક્રવર્તી નથી થવું, પણ જિનધર્મથી વાસિત એવો હું ભલે દરિદ્ર-ગરીબ દાસ થાઉં.

જય વીયરાય (પ્રાર્થના) સૂત્રમાં પણ પ્રભુ પાસે એ જ માંગણી કરવામાં આવી છે કે-

"तह वि मम हुज्ज सेवा भवे भवे तुम्ह चलणाणं ।'

(હે પ્રભો) ભવોભવ તમારા ચરણની સેવા હોજો.

લોગસ્સ (નામસ્તવ) સૂત્રમાં પણ પ્રભુ પાસે એ જ માંગણી કરાઈ છે કે -

"आरुग्ग-बोहिलाभं समाहिवरमुत्तमं दिंतु ।"

મને આરોગ્ય, બોધિલાભ અને ઉત્તમ સમાધિ આપો. આ બધાની પાછળ મને જીવનમાં અનેકાન્તદૃષ્ટિ લાધે એ જ ભાવના છે. આ દૃષ્ટિની સાચી સમજ તે જ સમકિત અને તે પછીની બધી હિતૈષી કલ્યાણકારી પ્રવૃત્તિ તે સંસારમાંથી છૂટકારાનાં કદમ."

"शिवमस्तु सर्वजगतः" અને "एगोहं नत्थि मे कोई"

આ બન્ને પદ્યો જગત્કલ્યાણ અને આત્મકલ્યાણનાં પરમદ્યોતક અને સ્યાદ્વાદનાં સૌરભભર્યાં પુષ્પો છે.

સ્યાદ્વાદદષ્ટિ એ જૈન શાસનનું હૃદય છે. તેને કેન્દ્રમાં રાખીને જ તેના બધા તત્ત્વવાદો, ગ્રંથો, ક્રિયા-અનુષ્ઠાનો, વિચારો-આચારો પ્રવર્તે છે. તેનાથી વળાંક લે તેવા બધા વિચારો મિથ્યાવાદમાં પેસી જાય છે.

જૈન ધર્મની સૌરભ, સંસ્કાર, કલ્યાણ કામના આ બધી તેના સ્યાદ્વાદ સિદ્ધાંતને આભારી છે.

પરમયોગી, પરમકારુણિક, મહાત્મા, નિર્લેપ સજ્જન કે ઉત્કૃષ્ટ માનવીની સ્યાદ્વાદની સમજ તેના જીવન ઉતારમાં આવી જાય છે.

**"સ્યાદ્વાદની સર્વોત્કૃષ્ટતા" ની પુસ્તિકા**

આ પુસ્તિકા ફક્ત ૮૦ પાનાની છે, પરંતુ એ પુસ્તિકા કેવળ સ્યાદ્વાદનું સ્વરૂપ જણાવનાર નથી પણ તેમાં ૨૩ શીર્ષકો બાંધી સ્યાદ્વાદ સંબંધી વાચકના મનમાં જે પ્રતિષ્ઠા ઉત્પન્ન કરી સ્યાદ્વાદના પ્રરૂપક સર્વ સાહિત્ય પ્રત્યે આકર્ષવાનું કામ કરે તેવી છે.

આ પુસ્તિકા દર્શનપ્રભાવના કરનાર પુસ્તિકા છે. તેનું વાંચન-મનન જીવન નિસ્તાર કરે તેવું છે અને પ્રત્યેક જૈન જૈનેતર તેને વાંચી યથાર્થવાદના અભિમુખ બને તો આ ભવ અને પરભવ બન્નેમાં કલ્યાણ પ્રાપ્ત કરી શકે તેમ છે.

આ પુસ્તિકના લેખક પૂ. પંન્યાસજી મહારાજ **શ્રી સુશીલ વિજયજી ગણિવર્ય** એક સારા વિદ્વાન, વક્તાકવિ, લેખક અને આદર્શ સાધુ છે. બાલ્યવયમાં દીક્ષા લઈ પરગીતાર્થ ગુરુઓની

શુભ નિશ્રામાં રહી, શાસ્ત્રાભ્યાસ, સંયમી જીવન અને ચિંતનમય જીવન જીવી વર્ષોથી આના અભ્યાસી છે. ૩૦ વર્ષનો દીક્ષાપર્યાય છે. ૪૫ આગમોના યોગોદ્વહન કરવા ઉપરાંત શ્રી નવપદ-વીશસ્થાનક-વર્ધમાન તપ પ્રમુખના આરાધક છે. નાની મોટી ૩૫ પુસ્તિકાઓના પ્રણેતા છે અને ધાતુરત્નાકર, શાસ્ત્રવાર્તાસમુચ્ચય, ન્યાયસમુચ્ચય, કાવ્યાનુશાસન, દ્વાત્રિંશ-દ્દ્વાત્રિંશિકા આદિ ગ્રંથોના સંપાદક છે.

સ્વ. શાસનસમ્રાટ્-સૂરિચક્રચક્રવર્તી-તપોગચ્છાધિપતિ-બાલબ્રહ્મચારી-પરમશાસનપ્રભાવક-પૂજ્યાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **નેમિસૂરીશ્વરજી મહારાજ** કે જેમનું દર્શન આ કાળના માનવીઓને પરમ પૂજ્ય પૂર્વાચાર્યોનું સ્મરણ તાજુ કરાવે તેવા પ્રતિભાસંપન્ન અને શાસનની જડના પારખુ હતા. તેઓશ્રીના પટ્ટાલંકાર-વ્યાકરણવાચસ્પતિ-શાસ્ત્રવિશારદ-કવિરત્ન-પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **લાવણ્ય સૂરીશ્વરજી મહારાજ** આજે અસ્વસ્થ પ્રકૃતિમાં પણ લક્ષાવધિ વિવિધ વ્યાકરણ, ન્યાય, સાહિત્યના પ્રાચીન ગ્રંથોનું લેખન કરી જૈનશાસનની અનુપમ પ્રભાવના કરી રહ્યા છે. દાદાગુરુ તથા તેઓશ્રીના પટ્ટધર-વ્યાકરણરત્ન-શાસ્ત્રવિશારદ-કવિદિવાકર પૂજ્ય મહોપાધ્યાય શ્રી **દક્ષવિજયજી ગણિવર** ગુરુ બન્નેના તે નિઃસીમ કૃપાપાત્ર અને સદા સંયમરત રહી, અભ્યાસમાં પોતાનો સમય નિર્ગમન કરે છે.

ખરી રીતે આ પુસ્તિકા પોતે જ સ્યાદ્વાદ-એકાન્તવાદની દ્યોતક, બધા જ ગ્રંથોનું આછું દર્શન કરાવનાર સ્યાદ્વાદનું સ્વરૂપ

સમજાવનાર, સ્યાદ્વાદ જગત્ ઉપકારક છે તેનું ભાન કરાવવા સાથે તેની કેટલી સુંદર સૌરભ છે તે પ્રદર્શિત કરે છે.

રાજનગર નિવાસી શેઠ સારાભાઈ જેશિંગભાઈ અને શેઠ મનુભાઈ જેશિંગભાઈ બન્ને બંધુના પ્રયાસથી શેઠ જેસિંગભાઈ કાળીદાસ ટ્રસ્ટ તરફથી આ પુસ્તિકા પ્રકાશિત થાય છે એ ઈચ્છવા યોગ્ય છે.

પ્રાંતે પૂ. પંન્યાસજી મહારાજશ્રી આ રીતે નૂતન સાહિત્ય રચતા રહે અને તે દ્વારા જનતાને લાભ આપતા રહે એમ ઈચ્છતો વિરમું છું.

વીર સંવત ૨૪૮૭
વિક્રમ સં. ૨૦૧૭
વિજયાદશમી
તા.૧૦-૧૦-૬૧

પંડિત મફતલાલ ઝવેરચંદ
ખેતરપાળની પોળ
રાજનગર - અમદાવાદ
(ગુજરાત)

॥ ॐ ह्रीँ अर्हं नमः ॥

# સ્યાદ્વાદની સર્વોત્કૃષ્ટતા

## પ્રારંભ

अयं जनो नाथ ! तव स्तवाय
गुणान्तरेभ्यः स्पृहयालुरेव ।
विगाहतां किन्तु यथार्थवाद-
मेकं परीक्षाविधिदुर्विदग्धः ॥

(श्रीहेमचन्द्राचार्य, अन्ययोगव्यवच्छेदिका श्लोक०२)

-હે નાથ ! પરીક્ષાવિધિમાં દુર્વિદગ્ધ-પંડિત આ મનુષ્ય તમારા ગુણોની સ્તવના કરવામાં બીજા ગુણો માટે ઇચ્છા તો રાખે છે. પરંતુ આપના યથાર્થવાદના એક માત્ર ગુણમાં ઊંડો ઊતરે છે. તે યથાર્થવાદ એ જ સ્યાદ્વાદ.

દર્શાવ્યો સ્વમુખે જિનેન્દ્ર વિભુએ અર્થે કરી પ્રેમથી, ગૂથ્યો એ શ્રુતકેવલી ગણધરે સૂત્રે ઘણા ભાવથી; સ્થાપે શાન્તિ અપૂર્વ એ જગતમાં તત્ત્વે કરી પૂર્ણ એ, ને છે વંદ્ય સદા અજેય જગમાં સ્યાદ્વાદ સિદ્ધાંત એ.

(શાર્દૂલવિક્રીડિત-છંદ)

### (૧) સ્યાદ્વાદ-અનેકાન્તવાદ

જગતભરમાં અનેક પ્રકારના વાદો છે, રાષ્ટ્રવાદ, સામ્રાજ્યવાદ, સમાજવાદ, સામ્યવાદ, શાહીવાદ, સંસ્થાનવાદ, સંદિગ્ધવાદ, સંશયવાદ, શૂન્યવાદ, અસંભવિતવાદ, નિરપેક્ષવાદ, એકાંતવાદ, વિતંડાવાદ, વિખવાદ, જાતિવાદ, કોમવાદ, મૂડીવાદ, પક્ષવાદ, પ્રાંતવાદ, ભાષાવાદ, અજ્ઞાનવાદ, દ્વૈતવાદ,

અદ્વૈતવાદ, દષ્ટિસૃષ્ટવાદ, અજાતવાદ, અક્રિયવાદ, ક્ષણિકવાદ, વિવર્તવાદ, આરંભવાદ, સ્ફોટવાદ, શુષ્કવાદ, વેદવાદ, નયવાદ, તર્કવાદ, સર્વોદયવાદ, વિકાસવાદ અને વિજ્ઞાનવાદ વગેરે.

આ સર્વથી ન્યારો અને બધા વાદો પર અનુપમ પ્રભુત્વ ભોગવનારો સર્વજ્ઞ શ્રીજિનેન્દ્ર ભગવાને નિરૂપેલો એકમાત્ર "સ્યાદ્વાદ-અનેકાન્તવાદ" જ વિશ્વમાં સર્વદા વિજયવંત છે.

## (૨) સ્યાદ્વાદને ઉપમા

સ્યાદ્વાદ એ જૈનદર્શનનો મૌલિક સિદ્ધાંત છે. સમસ્ત દર્શનનું મંડણ તેના પર છે. "સ્યાદ્વાદદર્શન" અથવા "અનેકાન્ત-દર્શન" તરીકે તેની જગતમાં સુપ્રસિદ્ધ છે. તરતારણ તીર્થંકર પરમાત્મા અને શ્રુતકેવલી ગણધર વગેરેના વદનાદ્રિથી વહેતો ગંગાપ્રવાહ છે. વિશ્વને યથાર્થ સ્વરૂપે અવલોકવાની એ દિવ્યચક્ષુ છે. જગતની કોઈ પણ વસ્તુને અપેક્ષાભેદથી એકીકરણ-સંકલન કરનાર અલૌકિક શાસ્ત્ર છે. એકાંતવાદી-ઓને જીતવાનું અમોઘ્ય શસ્ત્ર છે. નયરૂપી મદોન્મત્ત હાથીઓને વશ કરનાર અનુપણ અંકુશ છે. સરસ્વતીને રહેવાના મનોહર મહેલ છે. અજ્ઞાનતિમિરને સર્વથા દૂર કરનાર સહસ્ત્રાંશુ સૂર્ય છે. સદ્‌જ્ઞાનીઓના હૃદયરૂપી રત્નાકરની છોળો ઉછાળનાર પૂર્ણચન્દ્ર છે. વિશ્વની અદાલતમાં સહુને સાચો ન્યાય આપનાર નિરુપમ ન્યાયાધીશ છે. કર્ણપ્રિય મનમોહન સુંદર સંગીત છે. સમસ્ત વિશ્વનો મહાન્ કીર્તિસ્તંભ છે. વિશ્વશાંતિ સ્થાપનાર અદ્વિતીય સત્તા છે.

સ્યાદ્વાદ એ નિત્યાનિત્ય, ભિન્નાભિન્ન, ભેદાભેદ વગેરેરૂપ અનેક વસ્તુઓનું આકર્ષક સંગ્રહસ્થાન છે. સંરક્ષક અભેદ્ય

કિલ્લો છે. અહિંસા, સંયમ અને તપરૂપી સદ્ધર્મનો સર્વોત્કૃષ્ટ વિજયી ધ્વજ છે. સકલ ગુણોનો અખૂટ ભંડાર છે અને મુક્તિમંદિરની મનોહર સોપાનપંક્તિ છે.

આ રીતે સમસ્ત વિશ્વમાં સાર્વભૌમ સત્તાવંત સ્યાદ્વાદ-અનેકાંતવાદ એ એક મહાન્ ચક્રવર્તી છે.

### (૩) સ્યાદ્વાદ શબ્દનો વ્યુત્પત્તિ અર્થ

"સ્યાદ્વાદ" માં બે શબ્દો પડેલા છે. એક સ્યાદ્ અને બીજો વાદ. તેમાં "स्याद्" શબ્દ અનેકાન્ત અર્થનો દ્યોતક અવ્યય છે. તેનો અર્થ અનેકાંત અર્થાત્ કથંચિત્ સાપેક્ષભાવ એવો થાય છે. બીજો "वाद" શબ્દ "वद (वद्) व्यक्तयां" "એ ધાતુ પરથી બનેલો છે. તેની વ્યુત્પત્તિ वदनं वादः એનો અર્થ "કથન કરવું" અર્થાત્ વચનવ્યવહાર કરવો એવો થાય છે. બંને સાથે મળે તો स्याद् इति वादः "स्याद्वाद" એટલે સ્યાદ્ પૂર્વકનો જે વાદ તે; અર્થાત્ "અનેકાન્તવાદ" એવો અર્થ થાય છે.

આ રીતે વ્યાકરણ દૃષ્ટિએ વ્યુત્પત્ત્યર્થ સહિત "स्याद्वाद" શબ્દ સિદ્ધ થાય છે.

### (૪) સ્યાદ્વાદનું લક્ષણ

"एकस्मिन् वस्तुनि सापेक्षरीत्या विरुद्धनानाधर्म-स्वीकारो हि स्याद्वादः ।"

અર્થાત્ એક વસ્તુમાં અપેક્ષાપૂર્વક વિવિધ વિરુદ્ધ પ્રકારના ધર્મનો સ્વીકાર કરવો તે "સ્યાદ્વાદ" કહેવાય છે અથવા

"नित्यानित्याद्यनेकधर्माणामेकवस्तुनि
स्वीकारः स्याद्वादः।"

અર્થાત્ નિત્યત્વ અને અનિત્યત્વ વગેરે ધર્મોને એક વસ્તુમાં સ્વીકાર કરવો તેને "સ્યાદ્વાદ" કહે છે.

કલિકાલસર્વજ્ઞ ભગવાન શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીએ "श्री सिद्धहेमचन्द्रशब्दानुशासन (बृहद्वृत्ति)" માં સ્યાદ્વાદ સંબંધમાં દ્વિતીય સૂત્ર રચી તેનો વ્યુત્પત્ત્યર્થ બતાવ્યા પછી તે સ્યાદ્વાદનો ફલિતાર્થ નીચે પ્રમાણે જણાવેલો છે-

"स्याद्वादः-नित्यानित्याद्यनेकधर्मशबलैकवस्त्वभ्युपगम इति।"

નિત્યત્વ અને અનિત્યત્વ વગેરે અનેક ધર્મથી મિશ્રિત એક વસ્તુનો જે સ્વીકાર કરવો તે "સ્યાદ્વાદ" શબ્દનો ફલિતાર્થ છે.

આ રીતે સ્યાદ્વાદ-અનેકાન્તવાદનું લક્ષણ સમજવું. આથી સ્યાદ્વાદની વ્યાખ્યા સ્પષ્ટપણે જાણી શકાય છે.

### (૫) સ્યાદ્વાદના પર્યાયવાચક શબ્દો

સ્યાદ્વાદ કહો કે અનેકાન્તવાદ કહો, અપેક્ષાવાદ કહો કે કથંચિત્‌વાદ કહો અથવા યથાર્થવાદ કહો એ બધા સમાનાર્થક પર્યાયવાચી શબ્દો છે. આથી જ જગતમાં જૈનદર્શનને "સ્યાદ્વાદ-દર્શન" કે "અનેકાન્તદર્શન" તરીકે સહુ સંબોધે છે. જૈનતર પ્રાચીન-અર્વાચીન વિદ્વાનો પણ પોતના ગ્રંથોમાં એ નામથી તેને ઓળખાવે છે.

### (૬) સ્યાદ્વાદ એ શું નથી ?

(૧) સ્યાદ્વાદ એ સંશયવાદ નથી, (૨) સંદિગ્ધવાદ નથી, (૩) અસંભવિતવાદ નથી, (૪) નિરપેક્ષવાદ નથી, (૫) દુર્નય-વાદ નથી, (૬) અતાત્ત્વિકવાદ નથી, (૭) અનિશ્ચિતવાદ નથી, (૮) અનિર્ણાયકવાદ નથી, (૯) નિરર્થકવાદ નથી, (૧૦) ફુદડીવાદ નથી, (૧૧) દહીં-દૂધિયો વાદ નથી.

આથી સ્યાદ્વાદને ઊલટું સમજનારા અને કહેનારા માનવીઓ વિશ્વચોકમાં પોતાની બુદ્ધિનું વિચિત્ર પ્રદર્શન કરે છે

એમ કહેવું જોઈએ. માટે સ્યાદ્વાદને યથાર્થ સમજો; મનનપૂર્વક વિચારો અને પછી જ તેના પર કલમ ચલાવો, અથવા જગતની આગળ તેનું વર્ણન કરો.

(૧) પ્રશ્ન - સ્યાદ્વાદ એ સંશયવાદ શાથી નથી ?

ઉત્તર - સ્યાદ્વાદ એ સંશયવાદ નથી તેનું કારણ એ છે કે, જ્યાં એક વસ્તુ કોઈ ચોક્કસપણે સમજવામાં ન આવે તેને સંશય કહે છે.

જેમ અંધારામાં પડેલી કોઈ લાંબી વસ્તુ જોઈને વિચાર થાય કે "अहिर्वा रज्जुर्वा ?" શું આ સર્પ છે કે રજ્જુ-દોરડી છે ? અથવા દૂરથી વૃક્ષના ઠૂંઠાને જોઈને વિચાર થાય કે "स्थाणुर्वा पुरुषो वा ?" શું આ લાકડાનું ઠૂં ઠૂં છે કે પુરુષ છે ? આને સશંય કહે છે, પણ સ્યાદ્વાદમાં તેમ નથી, માટે તે સંશયવાદ કહેવાતો નથી.

(૨) પ્રશ્ન - સ્યાદ્વાદ એ સંદિગ્ધવાદ શાથી નથી ?

ઉત્તર - "ઘટ નિત્ય હશે કે અનિત્ય ?" એવા સંશયવાળો જે વાદ તે સંદિગ્ધવાદ કહેવાય છે. સ્યાદ્વાદમાં તેવો સંશય થતો નથી, માટે તે સંદિગ્ધવાદ કહેવાતો નથી.

(૩) પ્રશ્ન - સ્યાદ્વાદ એ અસંભવિતવાદ શાથી નથી ?

ઉત્તર - જ્યાં વસ્તુ જ સંભવતી ન હોય છતાં કહેવામાં આવે તે અસંભવિતવાદ કહેવામાં છે. જેમ आकाशकुसुमम् આકાશને ફૂલ, અથવા वन्ध्यापुत्रः વન્ધ્યાને પુત્ર આ વસ્તુ જ સંભવતી નથી. સ્યાદ્વાદ એ રીતે કહેતો નથી માટે તે અસંભવિતવાદ બનતો નથી.

(૪) પ્રશ્ન - સ્યાદ્વાદ એ નિરપેક્ષવાદ શાથી નથી ?

ઉત્તર - અપેક્ષા રહિત જે વાદ તે નિરપેક્ષવાદ કહેવાય છે.

જેમ "आत्मा नित्य एव" "घटोऽनित्य एव" આત્મા નિત્ય જ છે, ઘટ અનિત્ય જ છે. આ રીતે અપેક્ષા સિવાય સ્યાદ્વાદ કથન કરતો નથી. તેને તો અપેક્ષાની આવશ્યકતા રહે છે, માટે તે નિરપેક્ષવાદ કહેવાતો નથી.

(૫) પ્રશ્ન - સ્યાદ્વાદ એ દુર્નયવાદ શાથી નથી ?

ઉત્તર - અન્ય નયની અપેક્ષા રાખ્યા વિના જ જે કથન તે દુર્નયવાદ કહેવાય છે. જેમ દ્રવ્યાર્થિક નય પર્યાયાર્થિક નયની અપેક્ષા ન રાખે. સ્યાદ્વાદ તેવો નથી તેને તો બીજા નયોની અપેક્ષાની આવશ્યકતા રહે છે, માટે દુર્નયવાદ નથી.

(૬) પ્રશ્ન - સ્યાદ્વાદ અતાત્ત્વિકવાદ શાથી નથી ?

ઉત્તર - જ્યાં તત્ત્વભૂત વસ્તુ જ ન હોય અને તેનું વર્ણન કરે તે અતાત્ત્વિકવાદ કહેવાય છે. જેમ काकदन्तः કાગડાના દાંત. સ્યાદ્વાદ એ રીતે માનતો નથી, માટે તે અતાત્ત્વિકવાદ નથી.

(૭) પ્રશ્ન - સ્યાદ્વાદ એ અનિશ્ચિતવાદ શાથી નથી ?

ઉત્તર - આ અમુક છે, અમુક છે એ રીતે નિશ્ચયરૂપે ન હોય અને આ તેનું કથન કરે તે અનિશ્ચિતવાદ કહેવાય છે. સ્યાદ્વાદ તેવો નથી, તેને તો અપેક્ષા ભેદથી સર્વ વસ્તુ નિશ્ચિત જ છે, માટે તે અનિશ્ચિતવાદ નથી.

(૮) પ્રશ્ન - સ્યાદ્વાદ એ અનિર્ણાયકવાદ શાથી નથી ?

ઉત્તર - નિર્ણયરૂપ જે ન હોય અને તેને તે રૂપે કથન તે અનિર્ણાયકવાદ કહેવાય છે. સ્યાદ્વાદ તેવો નથી. એ તો અપેક્ષા-ભેદથી દરેક વસ્તુનો નિર્ણય કરે છે, માટે તે અનિર્ણાયકવાદ નથી.

(૯) પ્રશ્ન - સ્યાદ્વાદ એ નિરર્થકવાદ શાથી નથી ?

ઉત્તર - પ્રયોજન વિનાનો વાદ અર્થાત્ નકામો જે વાદ તે

નિરર્થકવાદ કહેવાય છે. સ્યાદ્વાદ તેવો નથી. તેનું પ્રયોજન તો પ્રત્યેક વસ્તુમાં છે, માટે તે નિરર્થકવાદ નથી.

(૧૦) પ્રશ્ન - સ્યાદ્વાદ એ ફૂદડીવાદ શાથી નથી ?

ઉત્તર - ફરતો વાદ અર્થાત્ એક ક્ષણમાં કંઈક કહે બીજી ક્ષણમાં કંઈક બીજું કહે એવો જે વાદ તે ફુદડીવાદ કહેવાય છે. સ્યાદ્વાદ તેવો નથી. એને તો અપેક્ષાભેદથી કોઈ પણ ક્ષણમાં ફરવાનું જ હોતું નથી, માટે તે ફુદડીવાદ નથી.

(૧૧) પ્રશ્ન - સ્યાદ્વાદ એ દહી-દૂધિયોવાદ શાથી નથી ?

ઉત્તર - જે દહીમાં અને દૂધમાં અર્થાત્ બન્નેમાં પગ રાખનારો હોય તે દહી-દૂધિયોવાદ કહેવાય છે. સ્યાદ્વાદ તેવો નતી. તેને તો દહી અને દૂધ બન્નેમાં પગ રાખવાનો નથી, પણ અપેક્ષા-ભેદથી વાસ્તવિક સ્વરૂપ બતાવવાનું હોય છે, માટે તે દહી-દૂધિયોવાદ નથી.

આથી એ વાત સ્પષ્ટ થાય છે કે સ્યાદ્વાદ ઉપર જણાવેલા સંશયવાદ વગેરેરૂપ નથી, પણ તે સર્વથી ન્યારો અને વિશ્વના યથાર્થ સ્વરૂપને જણાવનારો સર્વજ્ઞ વિભુભાષિત સર્વોત્કૃષ્ટ અનેકાન્તવાદ છે.

### (૭) સ્યાદ્વાદમાં શું શું છે ?

(૧) સ્યાદ્વાદમાં - વિશ્વનાં સર્વ દર્શનોનું સમાધાન છે. (૨) સમ્યગ્દૃષ્ટિનું સમાસસ્થાન છે. (૩) સમસ્ત વિશ્વનો સાચો સુમેળ છે. (૪) વિશ્વબંધુત્વ અને સંગઠનબળપ્રેરક અપૂર્વ શક્તિ છે. (૫) સમગ્ર કાર્યસાધકપણું છે. (૬) સાચો ન્યાય અને સાચી નીતિ છે. (૭) સદ્ધર્મનું સત્યકથન છે. (૮) અહિંસા, સંયમ અને તપની પરાકાષ્ઠારૂપ છે. (૯) પરસ્પર

વિરોધી ધર્મોનું એક જ વસ્તુમાં સાપેક્ષભાવે એકીકરણ છે. તેમાં અત્યુત્તમ વિશાળતા અને ગુણગ્રાહિતા છે. (૧૧) તેની મૈત્રીની અભિલાષા અનુપમ છે. (૧૨) તે પરિપૂર્ણ સાચું તત્ત્વજ્ઞાન છે. (૧૩) વિશિષ્ટ વિજ્ઞાન છે. (૧૪) વસ્તુ માત્રને જોવાનું અદ્‌ભુત દૃષ્ટિબિંદુ છે. (૧૫) તર્ક અને દલીલોની તેમાં અનેક યુક્તિઓ છે. (૧૬) આચાર અને વિચારની વિશુદ્ધિ છે. (૧૭) એકાંતવાદનું નિરસન છે. (૧૮) સાચો ત્યાગમાર્ગ છે. (૧૯) મોક્ષનું અનુપમ સાધન છે.

### (૮) સ્યાદ્વાદ એ શું શું શીખવે છે ?

(૧) સ્યાદ્વાદ એ સમસ્ત વિશ્વની સાથે સુમેળ-એકતા રાખવાનું શીખવે છે. (૨) વિશ્વની પ્રત્યેક વસ્તુને સાપેક્ષભાવે નિહાળવાનું શીખવે છે. (૩) સામી વસ્તુનું દૃષ્ટિબિંદુ જોવાનું શીખવે છે. (૪) પરસ્પર વિરોધી વિવિધ પ્રકારના અનેક ધર્મોને અપેક્ષાપૂર્વક એક વસ્તુમાં સ્વીકાર કરવાનું શીખવે છે. (૫) વિતંડાવાદ અને વિષવાદ વગેરેથી વેગળા રહેવાનું શીખવે છે. (૬) સંગઠનબળની પ્રેરણા આપવાનું શીખવે છે. (૭) ઝગડો, કલેશ અને કંકાસ વગેરેથી સર્વથા દૂર રહેવાનું શીખવે છે. (૮) એકાંતવાદ તરફ દૃષ્ટિપાત નહીં કરવાનું શીખવે છે. (૯) મિથ્યા અભિનિવેશને સર્વથા વર્જવાનું શીખવે છે. (૧૦) મધ્યસ્થ પરિણતિ અપનાવવાનું શીખવે છે. (૧૧) વસ્તુ સ્વ-સ્વરૂપે છે, પરસ્વરૂપે નથી તે શીખવે છે. (૧૨) વસ્તુસ્થિતિનો નિર્ણય કેમ કરાય અને સમન્વય કેમ સધાય તે શીખવે છે. (૧૩) ન્યાય અને નીતિ આદિ કેમ સચવાય તે શીખવે છે. (૧૪) મનુષ્ય માત્રને પોતાનું વ્યક્તિવિશેષપણું કેમ પ્રાપ્ત થાય

તે શીખવે છે. (૧૫) પાપમાર્ગથી કેમ પાછા હઠવું અને સન્માર્ગ તરફ કઈ રીતે પ્રયાણ કરવું તે શીખવે છે. (૧૬) અહિંસા, સંયમ અને તપનું કેમ પરિપાલન કરવું તે શીખવે છે. (૧૭) સાચું જ્ઞાન કેમ પ્રાપ્ત થાય તે શીખવે છે. (૧૮) આત્મોન્નતિ, આત્મ આઝાદી કે આત્મોદ્ધાર કઈ રીતે થઈ શકે તે શીખવે છે. (૧૯) સંસારસાગરથી કેમ તરાય તે શીખવે છે. (૨૦) આત્માનું ભવભ્રમણ કેમ અટકે તે શીખવે છે. (૨૧) આત્મા, પરમાત્મા કઈ રીતે બની શકે અને સચ્ચિદાનંદ સ્વરૂપ મોક્ષસુખ કઈ રીતે પામી શકાય તે શીખવે છે.

### (૯) સ્યાદ્વાદની ઘટના

વિશ્વની કોઈ પણ વ્યક્તિ, કોઈ પણ વસ્તુ, કોઈ પણ પદાર્થ કે કોઈ પણ દૃષ્ટાંત-ઉદાહરણ સ્યાદ્વાદ સિવાય યથાર્થ રીતે ઘટી શકતાં નથી, એમ જૈનદર્શન જગજાહેર ઉદ્‌ઘોષણા કરે છે અને બીજા દર્શનકારોએ પણ કોઈ ને કોઈ સ્વરૂપે સ્યાદ્વાદનો આશ્રય લીધો જ છે.

ન્યાયમંદિર-ન્યાયાલયના ચુકાદાઓમાં ન્યાયાધીશો તથા નામદાર સરકાર તરફથી નિમાયેલા જે. પી. (Justice of the peace) વગેરે પણ સ્યાદ્વદનો સુંદર સદુપયોગ કરે છે.

આમ જનતા પણ પોતપોતાના વ્યવહારમાં અને વ્યાપાર વગેરેમાં સ્યાદ્વાદને સારી રીતે અપનાવે છે.

જો સ્યાદ્વાદનું આલંબન ન લેવાય તો કદી સાચું સ્વરૂપ સમજી શકાય નહીં અને સાચો ન્યાય આપી શકાય નહીં, તેમજ પદાર્થનું યથાર્થ જ્ઞાન કોઈ પણ કાળે થઈ શકે નહીં એટલા જ માટે વિશ્વમાં સ્યાદ્વાદને સર્વોત્કૃષ્ટ માન આપવામાં આવે છે.

હવે આપણે દૃષ્ટાંતોપૂર્વક સ્યાદ્વાદન ઘટાવીએ-

વિશ્વમાં પ્રત્યેક વસ્તુ અનંતધર્માત્મક છે અથવા વસ્તુ માત્રમાં અનંતા ધર્મો રહેલા છે. સાપેક્ષદષ્ટિથી તેનું અવલોકન કરવામાં આવે તો તેમાં જરૂર સત્ય જણાશે. જૂઓ-

(૧) એક જ વ્યક્તિ પોતાના પુત્રની અપેક્ષાએ પોતે પિતા છે, ને પોતાના પિતાની અપેક્ષાએ પોતે પુત્ર છે. પોતાના મામાની અપેક્ષાએ પોતે ભાણેજ છે, ને પોતાના ભાણેજની અપેક્ષાએ પોતે મામો છે, પોતાના કાકાની અપેક્ષાએ પોતે ભત્રીજો છે, ને પોતાના ભત્રીજાની અપેક્ષાએ પોતે કાકો છે, પોતાના સસરાની અપેક્ષાએ પોતે જમાઈ છે, ને પોતાના જમાઈની અપેક્ષાએ પોતે સસરા છે, પોતાના શેઠની અપેક્ષાએ પોતે નોકર છે, ને પોતાના નોકરની અપેક્ષાએ પોતે શેઠ છે, પોતાના શિક્ષકની અપેક્ષાએ પોતે વિદ્યાર્થી છે, ને પોતાના વિદ્યાર્થીની અપેક્ષાએ પોતે શિક્ષક છે, પોતાના ગુરુની અપેક્ષાએ પોતે શિષ્ય છે, ને પોતાના શિષ્યની અપેક્ષાએ પોતે ગુરુ છે.

ઉક્ત ઉદાહરણોમાં પરસ્પર દેખાતા વિરુદ્ધ ધર્મો પણ અપેક્ષાભેદથી એક જ વ્યક્તિમાં ઘટી શકે છે, એ જ ખરેખર સ્યાદ્વાદનું સર્વોત્કૃષ્ટ રહસ્ય છે.

(૨) કોઈ એક વ્યક્તિને સખત તાવ આવ્યો, થર્મામિટરથી માપતાં ૧૦૫ ડીગ્રી ઉપર પહોંચ્યો. થોડા સમય પછી માપે તો તાવ ઊતરીને ૧૦૦ ડીગ્રી થયો.

એ વખતે કોઈ પુછે કે, આમને કેટલો તાવ છે ત્યારે જવાબ આપે કે વધીને ૧૦૫ ડીગ્રી ઉપરાંત એક પોઈન્ટ અને ઘટીને

૧૦૦ ડીગ્રી અર્થાત્ ૧૦૫ ડીગ્રી ને એક પોઇન્ટની અપેક્ષાએ તાવ ઓછો અને નોરમલ ૯૭ ડીગ્રીની અપેક્ષાએ તાવ વધારે કહી શકાય. અપેક્ષાભેદથી આમ કહેવાય.

આ ઉદાહરણ પણ સ્યાદ્વાદને સમજાવનારું છે-

(૩) એક ગામની બહાર ચાર મિત્રો ફરવા માટે ગયા. નદીના કિનારે રેતીમાં બેઠા. તેમાંથી એકે પ્રશ્ન કર્યો કે રેતી ભારે છે કે હલકી ?

બીજાએ તેને જવાબ આપ્યો કે, લોટ વગેરેની અપેક્ષાએ રેતી ભારે છે અને સીસા વગેરેની અપેક્ષાએ રેતી હલકી છે.

શાથી ? અપેક્ષાભેદથી

આ રીતે વસ્તુ માત્રને આપણે જેવા જેવા દૃષ્ટિબિંદુથી નિહાળીશું તેવું તેવું સ્વરૂપ અપેક્ષાભેદથી જરૂર જણાશે.

હજુ પણ આ વિષયને વધારે સ્પષ્ટ કરવા માટે નીચેનાં ઉદાહરણો જણાવાય છે.

(૪) વિશાળકાય એવા એક હાથી જેવા પ્રાણીને પણ અનેક દૃષ્ટિથી જોઇ શકાય છે.

જ્યારે તેના ગંડસ્થળમાંથી મધ ઝરતું જણાય છે ત્યારે તેને લોકો "મતંગજ" તરીકે સંબોધે છે. જ્યારે તેને મુખ અને સૂંઢ બન્ને રીતે પાણી પીતાં જુએ છે ત્યારે તેને લોકો "દ્વિપ" કહે છે. વળી, તેના આગળના લાંબા બન્ને દંતશૂળ જોઇ તેને "દંતી" તરીકે ઓળખાવે છે અને સૂંઢથી સર્વ કામ કરતાં જોઇ, તેને હાથ ગણી "હસ્તી" તરીકે દર્શાવે છે.

આમ વિવિધ અપેક્ષાથી આપણે નીહાળીશું તો સમગ્ર વિશ્વની પ્રત્યેક વસ્તુમાં અનંત ધર્મો સમાયેલાં છે એ વાત નિશ્ચિતરૂપે સમજાશે.

(૫) પીવાનું પાણી સ્વભાવે મોળું છે, છતાં તેમાં સાકર, ખાંડ કે ગોળ ભેળવીને પીવામાં આવે તો ગળ્યું લાગશે.

પાણીમાં લીંબુનો રસ નાખીને પીવામાં આવે તો ખાટું લાગશે.

પાણીમાં એળિયો નાખીને પીવામાં આવે તો કડવું લાગશે. આ બધું શાથી ? કેમકે વસ્તુ માત્રમાં અપેક્ષા દૃષ્ટિથી અનેક ધર્મ રહેલા છે.

(૬) ઘઉં એક જ દ્રવ્ય છે, છતાં તેને દળીને બનાવેલો લોટ તેની કણક થાય, રોટલો-રોટલી કે પુરી થાય, ઘેબર કે પાઉં વગેરે થાય. આમ જે જે બનાવવું હોય તે તે બનાવી શકાય. કારણ કે તેમાં અનેક ધર્મો રહેલા છે.

(૭) હીરા, મણિ, માણેક, મોતી, સોનું અને રૂપું વગેરે વસ્તુઓ ઘરેણામાં વપરાય છે; છતાં પણ કુશળ વૈદ્યો જ્યારે રાસાયણિક પ્રયોગો દ્વારા તેની ભસ્મ બનાવે છે અને હીરાની ભસ્મ, મોતીની ભસ્મ, સોનાની ભસ્મ, ચાંદીની ભસ્મ વગેરે નામથી જાહેર કરી તે દ્વારા હજારો દર્દીઓનાં દર્દો દૂર કરી, વિશેષ શક્તિ સમર્પણ કરે છે, તે પણ તેમાં અનેકધર્મો રહેલા છે માટે.

આ રીતે પ્રત્યેક વસ્તુને જેવી જેવી અપેક્ષાથી આપણે નિહાળીશું તેવી તેવી તે દૃષ્ટિગોચર થશે.

પરસ્પર વિરુદ્ધ જણાતા ધર્મોનો એક જ વસ્તુમાં અપેક્ષા-ભેદથી માન્ય કરાય ત્યારે જ વસ્તુ વસ્તુત્વને પામી શકે છે.

પૂર્વધર મહર્ષિ પૂજ્ય શ્રી ઉમાસ્વાતિ મહારાજે "તત્ત્વાર્થ Ë "उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत्" (તત્ત્વાર્થ સૂત્ર, અ૦

૫, સૂ૦ ૨૯) એ સૂત્ર પ્રતિપાદન કરેલું છે. તેમાં વિશ્વની કોઇ પણ વસ્તુ યા પદાર્થની ઉત્પત્તિ, વિનાશ અને સ્થિતિ માનેલી છે.

જેમ કે, દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ વસ્તુ નિત્ય છે, જેમાં ધ્રૌવ્ય અંશ આવે છે અને પર્યાયાર્થિક નયની અપેક્ષાએ વસ્તુ અનિત્ય છે, જેમાં ઉત્પાદ અને વ્યય એ બન્ને અંશો આવે છે.

આ ત્રણે અંશોની ઘટના માટે નીચેનાં દૃષ્ટાંતો મનનીય છે.

(૧) મૃત્યુલોકમાંથી કોઇ પણ આત્મા અત્યંત પુણ્ય ઉપાર્જન કરી છેવટે સ્વર્ગલોકમાં સીધાવ્યો અર્થાત્ મનુષ્યગતિને તજી દેવગતિ પ્રાપ્ત કરી. હવે જે સમયે દેવગતિને પ્રાપ્ત કરી તે સમયે દેવપર્યાયનો ઉત્પાદ અને મનુષ્યપર્યાયનો વિનાશ થાય છે, છતાં પણ બન્ને ગતિમાં ચૈતન્ય ધર્મ તો કાયમ જ રહેલો છે. આથી તે તે અંશને આશ્રયીને આત્મા ઉત્પત્તિ, વ્યય અને ધ્રૌવ્ય સ્વભાવવાળો કહી શકાય.

આ રીતે આત્મામાં અપેક્ષાભેદથી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ ત્રણે અંશ ઘટે છે.

હવે જો ઉક્ત દૃષ્ટાંતમાં એકાંત નિત્ય માનવામાં આવે તો મનુષ્યગતિમાં ઉપાર્જન કરેલ પુણ્યનું જ પુનઃ જન્મ-મરણના અભાવને લઈને નાશ પામી જશે, માટે એકાંત નિત્ય માની શકાય નહીં અને એકાંત અનિત્ય માનવામાં આવે તો પુણ્ય કરનારો અન્ય થશે અને તેનું ફળ ભોગવનારો પણ અન્ય જ થશે. માટે એકાંત અનિત્ય પણ માની શકાય નહીં. અર્થાત્ આત્મામાં કથંચિત્ નિત્યત્વ અને કથંચિત્ અનિત્યત્વ ધર્મ સ્વીકારવો જ પડશે અને એ સ્વીકારાય એટલે આપોઆપ "સ્યાદ્વાદ" બંધ બેસતો થઇ જશે.

(૨) આપણી સામે ભિન્ન ભિન્ન પ્રતિજ્ઞાવાળી ત્રણ વ્યક્તિઓ ઊભી છે. તેમાં એક વ્યક્તિને દૂધનો નિયમ છે, બીજી વ્યક્તિને દહીંનો નિયમ છે અને ત્રીજી વ્યક્તિને ગોરસનો નિયમ છે, હવે દૂધની પ્રતિજ્ઞાવાળો દહી ખાતો નથી, દહીંની પ્રતિજ્ઞાવાળો દૂધ પીતો નથી અને ગોરસની પ્રતિજ્ઞાવાળો દૂધ કે દહી એ બન્નેમાંથી એકેય લેતો નથી.

કારણકે દહી અવસ્થામાં દૂધપર્યાયનો વિનાશ છે, માટે દૂધ પ્રતિજ્ઞા-નિયમવાળાને દહીં કલ્પી શકાતું નથી. દૂધઅવસ્થામાં દહીંપર્યાયનો અભાવ છે, માટે દહીંની પ્રતિજ્ઞા-નિયમવાળો દૂધ વાપરી શકતો નથી, અને ગોરસપણું તો દૂધ ને દહીં એ બન્ને અવસ્થામાં કાયમ છે, માટે ગોરસના ત્યાગની પ્રતિજ્ઞા-નિયમવાળો દૂધ કે દહીં બન્નેમાંથી એકેય વાપરી શકતો નથી. હવે આ સ્થળમાં દૂધનું જ્યારે દહીં થયું ત્યારે દૂધપણું વિનાશ પામ્યું અને દધિ-દહીંપણું ઉત્પન્ન થયું, છતાં ગોરસપણું તો બન્નેમાં સ્થિર જ છે. માટે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એમ ત્રણે અંશો અપેક્ષાભેદથી ઘટી શકે છે.

ઉક્ત બન્ને દૃષ્ટાંતો ચેતનનાં જણાવ્યાં. હવે જડ પદાર્થ અંગે જણાવાય છે.

(૩) જગતમાં ધર્માસ્તિકાય વગેરે છ દ્રવ્યો છે. સર્વે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યયુક્ત છે. પોતાના મૂળ સ્વભાવથી તે બધા નિત્ય છે અને વિવિધ અવસ્થાઓની અપેક્ષાએ તે બધા અનિત્ય છે. જૂઓ-

(૩) કુંભારકારે - કુંભારે મૃત્પિંડનો જે સમયે કુંભ-ઘડો બનાવ્યો તે સમયે મૃતપિંઠનો વિનાશ અને કુંભની ઉત્પત્તિ થઈ, છતાં પણ મૃદ્દ્રવ્ય તો બન્નેમાં અનુગત હોવાથી કાયમ જ છે.

(૨) સુવર્ણકારે - સોનીએ સોનાની કંઠીને ભાંગીને જે સમયે સોનાનું કડું કર્યું તે સમયે કંઠીનો વિનાશ અને કડાની ઉત્પત્તિ થઇ પણ સુવર્ણદ્રવ્ય તો બન્નેમાં તદવસ્ત જ છે.

(૩) તન્તુકારે - સાળવીએ સૂતર વગેરના તાંતણમાંથી જે સમયે પટ બનાવ્યો તે સમયે તાંતણાનો વિનાશ અને પટની ઉત્પત્તિ થઇ પણ સૂત્રદ્રવ્ય તો બન્નેમાં સ્થિર છે.

(૪) લોહકારે - લુહારે લોહપિંડમાંથી જે સમયે લોઢાની સાંકળ બનાવી તે સમયે લોહપિંડનો વિનાશ અને સાંકળની ઉત્પત્તિ થઇ, પણ લોહદ્રવ્ય તો બન્નેમાં અનુગત હોવાથી કાયમ જ છે.

(૫) સૂત્રધારે - સુથારે કાષ્ઠપિંડમાંથી કાષ્ઠની પૂતળી બનાવી તે સમયે કાષ્ઠપિંડનો નાશ અને પૂતળીની ઉત્પત્તિ થઇ, છતાં બન્નેમાં કાષ્ઠદ્રવ્ય તો નિયત જ છે.

આ રીતે જગતના જડ અને ચેતન સકલ પદાર્થોમાં અપેક્ષા-ભેદથી "સ્યાદ્વાદ" સહેલાઈથી સમજપૂર્વક ઘટાવી શકાય.

હવે આપણે બીજા દર્શનકારો સ્યાદ્વાદને કઇ રીતે અપનાવે છે તે સમજીએ.

**(૧૦) અન્ય દર્શનકારોની માન્યતામાં પણ સ્યાદ્વાદ**

ભારતવર્ષમાં ભિન્ન ભિન્ન અનેક દર્શનો પ્રવર્તે છે. તેમાં નૈયાયિક, બૌદ્ધ, સાંખ્ય, વેદાંત, વૈશેષિક, મીમાંસક અને ચાર્વાક એ દર્શનો વિશેષ પ્રસિદ્ધ છે.

**(૧) નૈયાયિકો** - એક પદાર્થમાં નિત્યત્વ અને અનિત્યત્વ બન્ને વિરુદ્ધ ધર્મોનો સ્વીકાર કરે છે. દા.ત.-

એક વૃક્ષની શાખા પર વાંદરો બેઠેલો છે, તેને જોઈ નૈયાયિક કહેશે કે, "મૂલાવચ્છેદેન કપિસંયોગાભાવ" છે, અને "શાખા-વચ્છેદેન કપિસંયોગ" છે. અર્થાત્ એક જ વૃક્ષમાં અપેક્ષાભેદથી કપિસંયોગ અને કપિસંયોગાભાવ બન્ને પરસ્પર વિરુદ્ધ ધર્મો માને છે. આ રીતે આકાશમાં પણ સંયોગ અને વિભાગ એ બન્ને પરસ્પર વિરુદ્ધ ધર્મો તેમણે માનેલા છે, જેમાં ઘટાકાશ અને પટાકાશરૂપે અનિત્યતાની અને આકાશરૂપે નિત્યતાની સિદ્ધિ આવે છે.

(૨) **બૌદ્ધો** - મેચક જ્ઞાનમાં નીલ, પીત આદિ ચિત્રજ્ઞાન માને છે. અર્થાત્ શ્યામવર્ણના જ્ઞાનમાં નીલ, પીત વગેરે પરસ્પર વિરુદ્ધ હોવા છતાં એક જ ચિત્રજ્ઞાનસ્વરૂપે સ્વીકારે છે.

(૩) **સાંખ્યો** - એક ધર્મમાં પણ વિરુદ્ધ ધર્મસ્વરૂપ અનેક અવસ્થાઓ માને છે. દા.ત.-

પ્રકૃતિમાં પ્રસાદ, સંતોષ અને દૈન્ય વગેરે અનેક વિરુદ્ધ ધર્મો સ્વીકારે છે. સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ એક મૂળ પ્રકૃતિના ભિન્ન ગુણો છે. આથી પરોક્ષ રીતે સાંખ્યામત સ્યાદ્વાદનો સ્વીકાર કરે છે.

(૪) **મીમાંસકો** - પ્રમાતા, પ્રમિતિ અને પ્રમેયનું જ્ઞાન એક જ માને છે. આથી મીમાંસકની સ્યાદ્વાદ તરફ દૃષ્ટિ હોવાનું સિદ્ધ થાય છે.

(૫) **વેદાંતીઓ** - કૂટસ્થ નિત્ય આત્માને જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિની અવસ્થાઓ પ્રાપ્ત થાય એમ માને છે., આથી વેદાંત પણ અનેકાંતવાદનો આશ્રય કરે છે એમ સ્પષ્ટ થાય છે.

(૬) **વૈશેષિકો** - ઘડાના જડ પરમાણુઓ નિત્ય છે, પણ

ઘડો તો પરંપરાએ પરમાણુઓનું અસ્થિર કાર્ય હોવાથી અનિત્ય છે. અર્થાત્ દ્રવ્યરૂપે ઘડો નિત્ય છે અને પર્યાયરૂપે ઘડો અનિત્ય છે એમ માને છે. આથી વૈશેષિક પણ સ્યાદ્વાદને અવલંબે છે એમ સિદ્ધ થાય છે.

આ રીતે તે તે સ્થાનોમાં સ્યાદ્વાદ સાર્વભૌમના આલંબનથી સમગ્ર દર્શનકારો પોતપોતાના મંતવ્યની સુંદર રીતે રક્ષા કરી રહ્યા છે. એ ગૌરવ કેવલ સ્યાદ્વાદને જ છે, કારણ કે તેનું મુખ્ય ધ્યેય સકલ દર્શનોને સમાનભાવે નિહાળી સમન્વય કરવાનું છે.

જેમ સર્વ નદીઓ સમુદ્રને મળે છે તેમ સકલ દર્શનોનો સમાવેશ અનેકાન્તવાદ-સ્યાદ્વાદમાં થાય છે, માટે જ વિશ્વમાં તે સર્વોત્કૃષ્ટ અને સર્વોચ્ચ દર્શન તરીકે સુપ્રસિદ્ધ છે.

### (૧૧) ન્યાયાલયના ચુકાદાઓમાં પણ સ્યાદ્વાદ

ન્યાયમંદિર-કચેરીમાં પણ ન્યાયધીશ ન્યાય આપવામાં અનેકાન્તવાદનો આશ્રય લે છે, જે નીચેના પુરાવાઓથી સમજાશે.

રાષ્ટ્રરક્ષામાં ન્યાયાલય (કચેરી) ના કાયદાઓ મુખ્ય ભાગ ભજવે છે. તેમાં પણ સ્યાદ્વાદને અચૂક સ્થાન આપવામાં આવે છે અને જો એને ભૂલી જવાય તો એ કાયદો લાભને બદલે માનવજાતની હાનિ કરનારો નીવડે છે.

સાપ્તાહિક "સચિત્ર હિન્દુસ્તાન" માં કેટલા એક ફેંસલાઓની યાદી છપાઈ છે, એના આધારે સ્પષ્ટ સમજી શકાય છે કે, ન્યાયાધીશ ભિન્ન ભિન્ન પરિસ્થિતિમાં હરકોઈ એક મજબૂત દેખાતા દષ્ટિકોણને પ્રધાનતા આપી ન્યાય આપે છે. ઘણીવાર

ઉપલી અદાલતો બીજા દૃષ્ટિકોણથી એ ન્યાયને ફેરવી નાખે છે. આમાં રમુજ નથી, શક્તિપણું પણ નથી, કિન્તુ દૃષ્ટિકોણનો ભેદ છે. આનું નામ જ સ્યાદ્વાદ.

ચુકાદો કરવામાં જે જે તર્કણાઓને અવકાશ છે તેની નાનકડી યાદી નીચે આપું છું.

૧. એક બાપે મંદિરમાં પોતાના પુત્રને ઉદ્દેશીને કહ્યું કે તે ચાંડાલ છે, તેણે ઢેડો સાથે ભોજન કર્યું છે. આ સ્થિતિમાં પિતાએ પુત્રનું અપમાન કર્યું છે, એમ મનાય કે ન મનાય ?

(૧) હા; કારણ કે "ચાંડાલ" શબ્દ અપમાનસૂચક છે.

(૨) નહીં; કારણ કે "ચાંડાલ" એ એક હલકી ગાળ છે, અપમાનજનક નથી.

(૩) નહીં; કારણ કે, માબાપ મોટે ભાગે પોતના સંતાનને "ચાંડાલ" કહ્યા જ કરે છે.

સૂચના - ઓરિસા (બિહાર) ની અદાલતને બીજા નંબર-વાળો ચુકાદો આપ્યો છે.

૨. એક કોળીએ પોતાનો ફેંસલો સાંભળ્યા બાદ પંચને ગાળો આપી. ત્યાં તેણે પંચનું અપમાન કરવાનો અપરાધ કર્યો એમ મનાય કે નહીં ?

(૧) નહીં; કારણ કે ચુકાદો આપ્યા બાદ પંચ ન્યાયાધીશની સ્થિતિમાં રહેતું નથી.

(૨) હા; કારણ કે, પંચે ફેંસલો સંભળાવી દીધો છે, પણ તેણે પંચની અદાલતને બરખાસ્ત કરી નથી, એટલે હજી તે ન્યાયાધીશની હાલતમાં છે. હજી તે ન્યાય આપી શકે છે.

સૂચના - અલાહાબાદ-પ્રયાગની અદાલતે બીજા નંબરવાળો ચુકાદો આપ્યો છે.

૩. વલ્લભરામ ધ્રુવે રામા પટેલ પાસેથી રૂા. ૧૫ લાંચના લીધા પરંતુ ધ્રુવે એ લાંચ શા કારણે લીધી છે એ નક્કી થઇ શકે તો તે લાંચ લેવાનો અપરાધી ખરો ?

(૧) હા; કારણ - તેણે લાંચ લીધી છે.

(૨) નહીં; કારણ - તેણે લાંચ શા માટે લીધી છે એ સાબિત ન થાય ત્યાં સુધી તે લાંચ લેવાનો અપરાધી નથી.

સૂચના - અલહાબાદ-પ્રયાગની અદાલતે બીજા નંબરવાળો ચુકાદો આપ્યો છે.

૪. એક પુરુષ કોઇ બીજી સ્ત્રી સાથે પાર્ટીમાં જાય છે, તેને જ પોતાની સ્ત્રી તરીકે ઓળખાવે અને સાથોસાથ પૂછનારને એમ પણ કહી દે છે કે, મેં પહેલી સ્ત્રીથી છૂટાછેડા કરી લીધા છે. આ સ્થિતિમાં તેમની અસલી સ્ત્રી પતિનું પરસ્ત્રીગમન માની છૂટાછેડાનો દાવો કરી શકે ?

(૧) હા; કારણ સ્પષ્ટ છે કે પતિએ પરસ્ત્રીગમન કર્યું છે.

(૨) નહીં; કારણ - "અમુક મારી સ્ત્રી છે" એમ પાર્ટીમાં કહેવા માત્રથી તેણે પરસ્ત્રીગમન કર્યું છે, એ સિદ્ધ થતું નથી.

સૂચના - પંજાબની અદાલતે બીજા નંબરવાળો ચુકાદો આપ્યો છે.

૫. સરકારે ખાંડનો અમુક ભાવ બાંધ્યો, પરંતુ તેનો પત્ર આવ્યા પહેલાં વ્યાપારીએ વધુ ભાવ લઇને ખાંડ વેચી, તો એ વ્યાપારી ગુનેગાર ખરો ?

(૧) હા; કારણ - આશા રાખી શકાય છે કે, ખાંડનો અમુક ભાવ બંધાયો છે એમ હર એક વ્યક્તિ જાણે છે.

(૨) નહીં; "સરકારે ભાવ બાંધ્યો છે" એમ જાણવા છતાં પણ તેણે ખાંડને વધુ ભાવમાં વેચી છે, એ સાબિત ન થાય તો ?

(૩) નહીં; વ્યાપારીએ વધુ રકમ લીધી છે એ સાબિત ન થાય તો ?

સૂચના - પેપ્સૂની અદાલતે બીજા નંબરવાળો ચુકાદો આપ્યો છે.

૬. એક દૂધવાળા પાસે ખરાબ દૂધ હતું, એ કારણે તેને દંડ થયો. દૂધવાળાએ માની લીધું કે મારી પાસે ખરાબ દૂધ હતું, તો શું આ દંડ ઠીક છે ?

(૧) હા; કારણ- તે માને છે કે તેની પાસે ખરાબ દૂધ હતું.

(૨) હા; કારણ- એવું અનુમાન લગાવી શકાય કે તે દૂધ વેચવા માટે હતું.

(૩) નહીં; એ નક્કી કેમ કહી શકાય કે એ દૂધ વેચવા માટે જ હતું ?

સૂચના - અજમેરની અદાલતે ત્રીજા નંબરવાળો ચુકાદો આપ્યો છે.

૭. એક મનુષ્ય એક મકાનમાં પીધેલ હાલતમાં મળ્યો, શહેરના તે વિભાગના ન્યાયાધીશે તેનો દંડ કર્યો, પરંતુ દારૂ ક્યાં પીધો હતો, તે સાબિત થઈ શક્યું નહીં, તો દંડ કરી શકાય ?

(૧) હા; કારણ મોટે ભાગે દારૂડિયો દારૂ પીએ તે સ્થાને જ પીધેલી હાલતમાં પડયો રહે છે.

(૨) નહીં; કારણ-નશો ઘણા સમય સુધી રહે છે દરમિયાન તે દારૂડિયો ક્યાનો ક્યાં ચાલ્યો જાય છે.

(૩) હા; કારણ - દારૂડિયો પોતે બરાબર જાણે છે કે પોતે દારૂ ક્યાં પીધો છે, જેથી પોતે આ ન્યાયાધીશવાળા વિભાગમાં દારૂ પીધો નથી એ સાબિત કરવું તે દારૂડિયાના હાથમાં છે.

સૂચના - સૌરાષ્ટ્રની અદાલતે બીજા નંબરનો ચુકાદો આપ્યો છે.

૮. એકવીશ વર્ષની ઉંમરના એક જુવાને એક વૃદ્ધને મારી નાખ્યો. આ યુવાનને ફાંસીની સજા મળે કે જન્મટીપની ?

(૧) આજન્મ કેદ; કારણ-આપરાધી નાની ઉંમરનો છે.

(૨) આજન્મ કેદ; કારણ-અપરાધીના પરિવારને કષ્ટ પડશે.

(૩) ફાંસી; કારણ-અપરાધી પોતાની જવાબદારી સમજી શકે એવી ઉંમરનો છે. બીજું ન્યાયાધીશ અપરાધીના અપરાધનો વિચાર કરે, તેના કુટુંબનો વિચાર કરીને ફેંસલો આપી શકે નહીં.

સૂચના - ત્રિપુરાની અદાલતે ત્રીજા નંબરનો ચુકાદો આપ્યો છે.

૯. એક સ્વામીજી પોતાને ઈશ્વરનો અવતાર માને છે. તેનો ભક્ત રથયત્રાના દિવસે આ સ્વામીજીની રથયાત્રા કાઢે છે. જગન્નાથજીની રથયાત્રામાં જનાર ૨૦ જાત્રાળુને "એ તો માત્ર પથ્થરના બનેલા દેવ છે" એમ કહી જગન્નાથજીની યાત્રામાં જતાં રોકે છે. સ્વામીજીનો ઉક્ત ભક્ત તો ત્યાં સુધી જાહેર કરે છે કે, પોતે પથ્થરના દેવ ઉપર પેશાબ કરી શકે છે. તો શું સ્વામીજી અને તેનો ભક્ત ગુનેગાર મનાય ?

(૧) સ્વામીજી "ધોખાબાજ" તરીકે અપરાધી છે. કારણ-તે જૂઠી વાત બતાવે છે (ગપ હાંકે છે.)

(૨) સ્વામીજી જાણી જોઈને સમજપૂર્વક બીજાઓની ધાર્મિક ભાવનાને ઠોકરે લગાવે છે એ કારણે અપરાધી છે.

(૩) સ્વામીજી અપરાધી નથી. કારણ- તે ધોખો દેવા માટે નહીં કિન્તુ પોતાના ખરા વિશ્વાસથી પોતાને ઈશ્વરનો અવતાર માને છે.

(૪) સ્વામીભક્ત બીજાની ધાર્મિક ભાવનાને ઠેસ મારે છે તેથી અપરાધી છે. કારણ- તે જાણી જોઈને જગન્નાથજીની મૂર્તિની બાબતમાં અપશબ્દ બોલે છે.

(૫) સ્વામીભક્ત અપરાધી નથી. કારણ- તે ખરેખર સ્વામીજીને ઈશ્વરનો અવતાર માને છે.

સૂચના - ઓરિસા (બિહાર) ની અદાલતે ત્રીજા અને ચોથા નંબરનો ચુકાદો આપ્યો છે.

૧૦. એક વેપારીને કાનૂન બહાર માલ વેચ્યો એ સાબિત ન થવાથી એક ન્યાયાધીશે એને નિર્દોષ માન્યો. પરંતુ માત્ર શકના કારણે તેનો માલ જપ્ત કરવાનો હુકમ કર્યો, શું આ હુકમ ઠીક છે ?

(૧) નહીં; કારણ-શક પડવા માત્રથી માલ જપ્ત ન કરી શકાય.

(૨) હા; કારણ-શક પડવાનાં બીજા પૂરતાં કારણો હોય છે.

(૩) હા; તે વ્યાપારી બીજીવાર મન થાય તો પણ એવી ભૂલ ન કરે તે માટે.

સૂચના -કલકત્તાની અદાલતે પહેલા નંબરનો ચુકાદો આપ્યો છે.

અદાલતના ચુકાદામાં સાત નયો-સ્યાદ્વાદ કેવો ભાગ ભજવે છે તે ઉપરની યાદીમાંથી સ્પષ્ટ સમજી શકાય તેમ છે. સ્યાદ્વાદની ઉપયોગિતાના આ પ્રત્યક્ષ પુરાવાઓ છે. ભગવાન

મહાવીર સ્વામીના આ સ્યાદ્વાદને સમજી જગત્ પ્રગતિ કરે તો ઘણી આંટીઘૂંટી અને આફતમાંથી બચી જાય.

## (૧૨) નયોમાં પણ સ્યાદ્વાદ

વસ્તુ માત્રમાં અનંત ધર્મો રહેલા છે, તેમાંથી એક સમયમાં કોઇ પણ એક ધર્મ લઇ સાપેક્ષપણે વસ્તુનું જે કથન કરવું તે "નય" કહેવાય છે.

આથી જગતમાં જેટલા જેટલા વચનના પ્રકારો છે તેટલા તેટલા નય થઇ શકે છે અને તેના એકથી લઇને અસંખ્યાત ભેદ સંભવી શકે છે.

સંક્ષેપથી તેના બે ભેદ છે - (૧) દ્રવ્યાર્થિક નય અને (૨) પર્યાયાર્થિક નય.

સંક્ષેપથી તેના બે ભેદ છે - (૧) નૈગમ, (૨) સંગ્રહ, (૩) વ્યવહાર, (૪) ઋજુસૂત્ર, (૫) શબ્દ, (૬) સમભિરુઢ અને (૭) એવંભૂત.

આ સાતે નયોને પણ સ્યાદ્વાદનો આશ્રય લેવો પડે છે.

દા.ત. - "આત્મા" પર સાત નયો આ રીતે ઘટાવી શકાય-

(૧) નૈગમ નયના મતમાં- આત્મા ગુણપર્યાયવાળો છે.

(૨) સંગ્રહ નયના મતમાં- આત્મા અસંખ્યાત પ્રદેશવાળો છે.

(૩) વ્યવહાર નયના મતમાં- તે આત્મા વિષયવાસના સહિત શરીરવાળો છે.

(૪) ઋજુસૂત્ર નયના મતમાં- તે આત્મા ઉપયોગવાળો છે.

(૫) શબ્દ નયના મતમાં- તે આત્માનાં નામ પર્યાય, જીવ, ચેતના વગેરે છે અને તે એકાર્થવાચી કહેવાય છે.

(૬) સમભિરુઢ નયના મતમાં- તે આત્મા જ્ઞાન આદિ ગુણવાળો હોવાથી તેનો અર્થ ચેતના થાય છે.

(૭) એવંભૂત નયના મતમાં- તે આત્મા અનંત જ્ઞાનવાળો, અનંત દર્શનવાળો, અનંત ચારિત્રવાળો અને શુદ્ધ સત્તાવાળો છે.

આ રીતે ચેતન અને જડ પદાર્થો પર સ્યાદ્વાદના આલંબનથી સાતે નયોની યથાર્થ ઘટના થઈ શકે છે.

## (૧૩) સપ્તભંગીમાં પણ સ્યાદ્વાદ

વિશ્વની અનંત ધર્માત્મક કોઈ પણ વસ્તુને આશ્રયી, તેના એક ધર્મને લઈ ભાવ કે અભાવરૂપે જે વાસ્તવિક કથન કરવું તે "ભંગ" કહેવાય છે. તેના સાત વિભાગો થતા હોવાથી "સપ્તભંગી" કહેવાય છે. જુઓ-"

(१) स्याद् अस्ति - આ વસ્તુ અમુક અપેક્ષાએ છે.

(२) स्याद् नास्ति - આ વસ્તુ અમુક અપેક્ષાએ નથી.

(३) स्याद् अस्ति नास्ति - આ વસ્તુ અમુક અપેક્ષાએ છે, અને અમુક અપેક્ષાએ નથી.

(४) स्याद् अवक्तव्य - આ વસ્તુમાં રહેલ પરસ્પર વિરુદ્ધ બન્ને ધર્મ એક સાથે કહી શકાય નહીં.

(५) स्याद् अस्ति अवक्तव्य - આ વસ્તુ અવક્તવ્ય હોવા છતાં અમુક અપેક્ષાએ કહી શકાય છે.

(६) स्याद् नास्ति अवक्तव्य - આ વસ્તુ અવક્તવ્ય હોવા છતાં અમુક અપેક્ષાએ કહી શકાય નહીં.

(७) स्याद् अस्ति नास्ति अवक्तव्य - આ વસ્તુ અવક્તવ્ય હોવા છતાં પણ અમુક અપેક્ષાએ કહી શકાય અને અમુક અપેક્ષાએ કહી શકાય નહીં.

દા.ત. - "આત્મા" પર સપ્તભંગી આ રીતે ઘટાવી શકાય-

(૧) "આત્મા નિત્ય છે" એમ દ્રવ્યાર્થિક નયની દૃષ્ટિએ

"સ્યાદ્ અસ્ત્યેવ" નામનો પ્રથમ ભંગ ઘટે છે.

(૨) "આત્મા નિત્ય છે" એમ પર્યાયાર્થિક નયની દષ્ટિએ "સ્યાદ્ નાસ્ત્યેવ" નામનો દ્વિતીય ભંગ ઘટે છે.

(૩) "આત્મા નિત્ય છે" એ દ્રવ્યાર્થિક નયની દષ્ટિએ છે, પણ પર્યાયાર્થિક નયની દષ્ટિએ નહીં, તેમજ "આત્મા અનિત્ય છે" એ પર્યાયાર્થિક નયની દષ્ટિએ છે, પણ દ્રવ્યાર્થિક નયની દષ્ટિએ નહીં. આ રીતે "સ્યાદ્ અસ્તિ નાસ્ત્યેવ" એ નામનો તૃતીય ભંગ ઘટે છે.

(૪) "આત્મા અવક્તવ્ય છે" એટલે આત્મામાં રહેલા નિત્ય અને અનિત્ય એ બન્ને પરસ્પર વિરુદ્ધ ધર્મો એક સાથે કહી શકાય નહીં.

આ રીતે "સ્યાદ્ અવક્તવ્ય એવ" એ નામનો ચતુર્થ ભંગ ઘટે છે.

(૫) "આત્મા નિત્ય તથા અવક્તવ્ય છે" એટલે આત્મામાં રહેલા નિત્ય અને અનિત્ય એ બન્ને પરસ્પર વિરુદ્ધ ધર્મ એક સાથે કહી શકાય તેમ નહીં હોવા છતાં પણ, અમુક અપેક્ષાએ (દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ) આત્મા નિત્ય છે.

આ રીતે "સ્યાદ્ અસ્તિ અવક્તવ્ય એવ" એ નામનો પંચમ ભંગ ઘટે છે.

(૬) "આત્મા અનિત્ય તથા અવક્તવ્ય છે" એટલે આત્મામાં રહેલા નિત્ય અને અનિત્ય એ બન્ને પરસ્પર વિરુદ્ધ ધર્મો એક સાથે કહી શકાય તેમ ન હોવા છતાં પણ, અમુક અપેક્ષાએ (પર્યાયાર્થિક નયની અપેક્ષાએ) આત્મા અનિત્ય છે.

આ રીતે "સ્યાદ્ અસ્તિ અવક્તવ્ય એવ" એ નામનો ષષ્ઠ ભંગ ઘટે છે.

(૭) "આત્મા નિત્ય, અનિત્ય તથા અવકતવ્ય છે" એટલે આત્મામાં રહેલા નિત્ય અને અનિત્ય એ બન્ને પરસ્પર વિરુદ્ધ ધર્મો એક સાથે કહી શકાય તેમ ન હોવા છતાં પણ, અમુક અપેક્ષાએ (દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ) આત્મા નિત્ય છે અને અમુક અપેક્ષાએ (પર્યાયાર્થિક નયની અપેક્ષાએ) આત્મા અનિત્ય છે.

આ રીતે "સ્યાદ્ અસ્તિ નાસ્તિ અવક્તવ્ય એવ" એ નામનો સપ્તમ ભંગ ઘટે છે.

આમ ચેતન અને જડ પદાર્થો પર સ્યાદ્વાદના આલંબનથી સપ્તભંગીની યથાર્થ ઘટના થઈ શકે છે.

### (૧૪) વ્યવહારમાં પણ સ્યાદ્વાદ

વિશ્વનો પ્રત્યેક સ્યાદ્વાદને અવલંબે છે. એના સિવાય સિદ્ધિ થઈ શકે નહીં. દા.ત.-

(૧) પ્રશ્ન - રાજમાર્ગ પર એક દંપતી યુગલ ચાલ્યું જાય છે કોઈએ પૂછયું કે, "આ બન્ને કોણ છે અને પરસ્પર શો સંબંધ છે ?

ઉત્તર - પુરુષ અને સ્ત્રી. તેમાં એક પતિ છે અને બીજી તેની પત્ની છે. કારણ કે તે બન્ને લગ્નગ્રંથિથી જોડાયેલાં છે. અર્થાત્ પતિની અપેક્ષાએ તે પત્ની છે, અને પત્નીની અપેક્ષાએ તે પતિ છે.

(૨) પ્રશ્ન - ઝવેરીની દુકાને વિવિધ જાતનું ઝવેરાત છે. તેને ખરીદ કરવા આવેલ ઘરાક પૂછે કે, આ ઝવેરાતમાં વધારે કીમતી કયું ? અને ઓછું કીમતી કયું ?

ઉત્તર - તેના જવાબમાં જણાવશે કે, ભાઈ ! આ બધા કરતાં

આની કીમત વધાર છે અને એના કરતાં આની કીમત ઓછી છે.

આ રીતે વિશ્વના સર્વ વ્યવહારમાં સ્યાદ્વાદ સમજવો.

### (૧૫) ઝઘડો શમાવવામાં પણ સ્યાદ્વાદ

કોઈ પણ પ્રકારનો પરસ્પર ઝઘડો ચાલતો હોય, પણ જો (સ્યાદ્વાદનું આલંબન લેવામાં આવે તો તે તત્કાલ શમી જાય છે.

એક ઘરમાં સાસુ અને વહુ પરસ્પર ઝઘડો ચાલ્યા જ કરે છે. કોઈ પણ રીતે શમતો નથી. કારણ કે, તેમાં જો સાસુનો પક્ષ કરવામાં આવે તો વહુને ખોટું લાગે છે અને વહુનો પક્ષ કરવામાં આવે તો સાસુને ખોટું લાગે છે. છેવટે ઝઘડો પતાવનારાએ કહ્યું કે, "આમાં સાસુની પણ કાંઈક ભૂલ છે અને વહુની પણ કાંઈક ભૂલ છે. માટે હવે બન્નેએ શાંત થવું જોઈએ અને સંપીને રહેવું જોઈએ."

આથી બન્ને સમજી ગયાં અને ઝઘડો ત્યાં જ શમી ગયો. એ પ્રભાવ કોનો ? સ્યાદ્વાદનો.

આ રીતે પતિ અને પત્નીનો, પિતા અને પુત્રનો, શેઠ અને નોકરનો, રાજા અને રૈયતનો, શત્રુ અને મિત્રનો, ગુરુ અને શિષ્યનો કે કોઈ પણનો પરસ્પર ચાલતો ઝઘડો સ્યાદ્વાદના આલંબનથી અવશ્ય શમી જશે એ નિઃસંશય છે.

### (૧૬) વિશ્વશાંતિ સ્થાપવામાં પણ સ્યાદ્વાદ

વિશ્વશાંતિ સ્થાપવામાં સ્યાદ્વાદનો અભૂતપૂર્વ અને અમૂલ્ય ફાળો છે.

પૂર્વે પણ જ્યારે જ્યારે જગતમાં અશાંત વાતાવરણ પ્રસરેલું

ત્યારે ત્યારે તેની શાન્તિ સ્યાદ્વાદને અપનાવવાથી જ થયેલી છે વર્તમાનમાં પણ જો વિશ્વશાંતિ સ્થાપવી હોય તો સમસ્ત રાષ્ટ્રોએ અને તેના નેતાઓએ સ્યાદ્વાદનું શરણું અવશ્ય સ્વીકારવું જોઇએ.

### (૧૭) સ્યાદ્વાદમાં થતા અનેક વાદોનો સમાવેશ

વિશ્વમાં દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ વસ્તુ નિત્ય, સત્ અને અવાચ્ય છે તથા પર્યાયાર્થિક નયની અપેક્ષાએ વસ્તુ અનિત્ય, વિશેષ, અસત્ અને વાચ્ય છે. આથી સ્યાદ્વાદમાં દરેક વાદોનો સમાવેશ થઇ શકે છે. જેમકે -

(૧) નિત્યાનિત્યવાદ, (૨) ભિન્નાભિન્નવાદ, (૩) ભેદાભેદવાદ, (૪) સદસદ્‌વાદ, (૫) અભિલાપ્યાનભિલાપ્યવાદ, (૬) સામાન્ય વિશેષવાદ ઇત્યાદિ અનેક વાદો સ્યાદ્વાદમાં સમાઇ જાય છે.

### (૧૮) સ્યાદ્વાદની અનેકાન્તદૃષ્ટિ

વિશ્વની કોઇ પણ વસ્તુ જણાવવી હોય ત્યારે તેના સ્પષ્ટીકરણમાં અનેકાન્તદૃષ્ટિ રાખવી જોઇએ. એકાન્તદૃષ્ટિએ પ્રતિપાદન કરતાં તેનું વાસ્તવિક સ્વરૂપ રજૂ થઇ શકતું નથી, પણ અનેકાન્તદૃષ્ટિથી જ તેનું યથાર્થ સ્વરૂપ સ્પષ્ટ થઇ શકે છે.

આ એકાન્તદૃષ્ટિ અને અનેકાન્તદૃષ્ટિ સમજવા માટે છ આંધળા અને હાથીનું દૃષ્ટાંત અનુપમ છે. જે હવે નીચે જણાવાય છે-

"परमागमस्य जीवं, निषिद्धजात्यन्धसिन्धुरविधानम् ।
सकलनयविलसितानां, विरोधमथनं नमाम्यनेकान्तम् ।।"

(श्री अमृतचन्द्रसूरिकृत-पुरुषार्थसिद्धयुपाय)

- પરમ આગમના પ્રાણભૂત, જેમાં જાત્યન્ધને હાથીનું વિધાન નિષેધાયેલું છે અને સકલ નયની ચેષ્ટાના વિરોધને નાશ કરનાર છે એવા "અનેકાન્તને-સ્યાદ્વાદને" હું નમસ્કાર કરું છું.

**૧. છ આંધળા અને હાથીનું દૃષ્ટાંત**

કોઈ એક રાજાનો રસાલો ફરતો ફરતો એક ગામની બહાર તળાવના કિનારે થોભ્યો. તેમાં ઘણાં ઘોડા અને ઘણાં ઊંટ હતા. સાથે એક સુંદર હાથી પણ હતો, ગામમાં ખબર પડતાં ગામના લોકો એ રસાલો જોવાને આવ્યા. તેમાં જન્માંધ છ આંધળા પણ સાથે આવેલા સર્વ લોકો આ રસાલો જોઈને આઘા-પાછા થયા પછી છ આંધળાઓએ હાથીના માવતને કહ્યું કે, "ભાઈ ! અમને ઘણા દિવસથી હાથી જોવાનું મન છે, પણ અમે બધા અંધ-ચક્ષુહીન હોવાથી નજરે જોઈ શકીએ તેમ નથી. જો ભલો થઈને તું અમને સ્પર્શ કરવા દે તો હાથી કેવો હોય તે અમે છયે સમજી જઈશું."

હાથીનો મહાવત ભલો હતો. તેણે છયે આંધળાઓને હાથીનો સ્પર્શ કરવા દેવા હા પાડી. આ છયે આંધળાઓ તરત જ હાથી પાસે ગયા. તેમાં (૧) જેના હાથમાં કાન આવ્યો. તેણે કહ્યું કે, "આ હાથી તો સૂપડા જેવો લાગે છે." (૨) જેના હાથમાં તેની લાંબી સૂંઢ આવી તેણે કહ્યું કે, "આ હાથી તો મોટા સાંબેલા જેવો જણાય છે." (૩) જેના હાથમાં તેના વાંકડિયા દંતશૂળ-દાંત આવ્યા તેણે કહ્યું કે, "આ હાથી તો ભૂંગલ કે કામઠા જેવો જણાય છે." (૪) જેના હાથમાં તેનું પહોળું પેટ આવ્યું તેણે કહ્યું કે, "આ હાથી તો પખાલ જેવો લાગે છે." (૫) જેના હાથમાં

તેનો ભારેખમ પગ આવ્યો તેણે કહ્યું કે, "આ હાથી તો થાંભલા જેવો દેખાય છે." (૬) જેના હાથમાં તેની પાતળી પૂંછડી આવી તેણે કહ્યું કે, "આ હાથી તો સાવરણી કે દોરડા જેવો જણાય છે."

આ રીતે છયે આંધળાઓએ પોતપોતાની માન્યતા પરસ્પર જણાવી. પ્રત્યેક આંધળો એમ સમજે છે કે, મારી માન્યતા સાચી છે અને બીજાની માન્યતા ખોટી છે. આથી એકબીજાને જૂઠો ઠરાવવા માંહોમાંહે ઝઘડો કરવા લાગ્યા.

આમ પરસ્પર ઝઘડો કરતા જોઈ, હાથીના મહાવતે કહ્યું કે, "તમે શા માટે ઝઘડો કરો છો-લડો છો ? હજુ સુધી તમારામાંથી કોઈએ પણ પૂરો હાથીને જોયો નથી તેમજ તેના સમસ્ત અંગનો સ્પર્શ કર્યો નથી, એટલે તમને તમારી સહુ સહુની દૃષ્ટિએ-અપેક્ષાએ એમ લાગે છે. આથી જ આ ઝઘડો પડ્યો છે.

"વસ્તુતઃ તમે બધા તમારી દૃષ્ટિએ સાચા છો; કારણ કે, હાથીના જે જે ભાગને-અંગને તમે સ્પર્શ કર્યો છે તે તે ભાગ તેના અંશ જેવો જ દેખાય છે, તેથી આ હાથી સૂપડા જેવો, સાંબેલા જેવો, પખાલ જેવો, થાંભલા જેવો અને સાવરણી જેવો પણ કહી શકાય.

"જ્યારે હાથીના સમસ્ત અંશોનો સ્પર્શ થાય ત્યારે જ હાથીનો ખરો ખ્યાલ આવી શકે, તે સિવાય નહીં."

આ સાંભળી છયે આંધળાઓના મનનું સમાધાન થયું, ઝઘડાનો અંત આવ્યો અને સૌ પોતપોતાના ઘર તરફ ગયા.

## ૨. ભાષાભેદનું દૃષ્ટાંત

એક નગરમાં જુદા-જુદા પ્રાંતના માણસો આવેલા. તેમણે એ નગરના સીમાડે ચોખાનો મોટો જથ્થો જોયો. એકે કહ્યું : "આ ચોખા" છે, બીજાએ કહ્યું : "ના, આ તંદૂલ" છે, ત્રીજાએ કહ્યું : "ના, આ ચાવલ" છે, ચોથાએ કહ્યું : "ના આ રાઈસ" છે, પાંચમાએ કહ્યું : "ના, આ અક્ષત" છે.

આમ આ ઢગલા માટે જુદા-જુદા પ્રાંતભાષીઓ એક-બીજાની વાતને અમાન્ય રાખીને પોતાની સમજની રજુઆત કરતા હતા અને માટે અંદર-અંદર લડતા પણ હતા.

એક ડાહ્યો માનવી જે આ બધી ભાષાઓને જાણતો હતો તેણે કહ્યું : "બધાની વાત સાચી છે, કેમકે જુદા-જુદા પ્રાંતમાં આ એક જ વસ્તુને જુદા-જુદા શબ્દોથી ઓળખાવેલ છે પણ વસ્તુતઃ એ બધા શબ્દો આ એક જ "ચોખા" ને લક્ષીને કહેવામાં આવે છે.

સૌના મનનું સમાધાન થયું અને ઝઘડો શમી ગયો.

કેટલીક વખત આપણા ઝઘડાઓ આવા ભાષાભેદને આભારી હોય છે.

## ૩. ઢાલની બન્ને બાજુનું દૃષ્ટાંત

એક ગામ પર સશસ્ત્ર ધાડપાડુઓ ચઢી આવ્યા, ગામના લોકોએ પણ જોરદાર સામનો કર્યો અને ધાડપાડુઓને નસાડી મૂક્યા, પણ ગામનો એક મુખ્ય માણસ માર્યો ગયો. તેના સ્મારક તરીકે ગામની બહાર તેની આકૃતિવાળો પાળિયો ઉભો કરવામાં આવ્યો. તેના એક હાથમાં ઢાલ અને બીજા હાથમાં તલવાર આપી. આ ઢાલ એક બાજુથી સોનેરી અને બીજી બાજુથી રૂપેરી મઢેલી હતા.

એક સમયે બે ઘોડોસવારો આવતા હતા. એક ઢાલની આ તરફ અને બીજો ઢાલની બીજી તરફ હતો. સોનેરી ઢાલ તરફના ઘોડેસવારે કહ્યું કે, "આ પાળિયાની ઢાલ સોનેરી છે. ત્યારે રૂપેરી ઢાલ તરફના ઘોડેસવારે કહ્યું કે, "ના, એ રૂપેરી છે." આમ પરસ્પર બોલચાલી થતાં બન્નેને ઝઘડો થયો અને મારામારી પર આવી ગયા. આ તમાશો જોવા ગામના લોકો ભેગા થયા અને બન્નેને સમજાવ્યા કે, "ભાઈઓ ! તમે બન્ને તમારી દૃષ્ટિએ સાચા છો, પણ ઢાલની બન્ને બાજુ જોવાથી સોનેરી અને રૂપેરી છે એમ તમને જણાશે." આથી બન્ને ઘોડેસવારો ઘોડો ઉપરથી નીચે ઉતરી ઢાલની બન્ને બાજુ તપાસી જોઈ તો માલમ પડયું કે ઢાલ સોનેરીયે છે અને રૂપેરી પણ છે. ઝઘડો તરત પતી ગયો. ત્યાં સહુ વિખરાયા અને બન્ને ઘોડેસવારો પણ ત્યાંથી રવાના થયા.

આ રીતે બીજા ઉદાહરણોના પણ સમજી લેવું. એક જ વસ્તુમાં અનેક ગુણો અને અનેક ધર્મો સંભવે છે. આથી જ તેનું ભિન્ન ભિન્ન અપેક્ષાએ કથન થઈ શકે, પણ તેથી એક કથન સાચું અને બીજું ખોટું છે એમ કદી પણ કહી શકાય નહીં.

આ પ્રસંગે તો એમ જ બોલવું જોઈએ કે, આ વસ્તુ અપેક્ષાથી આવી પણ છે ને તેવી પણ છે ! આથી એ વસ્તુમાં રહેલા વિરોધી જણાતા અનેક ધર્મોનો સ્વીકાર થાય અને જરાયે વિરોધ આવે નહીં. એ જ સ્યાદ્વાદની સાચી અનેકાન્તદૃષ્ટિ છે.

આથી જ અનેકાન્તદૃષ્ટિની-સ્યાદ્વાદદૃષ્ટિની વ્યાપકતા, મહત્તા, સર્વોત્કૃષ્ટતા અને ઉપયોગિતા સમસ્ત વિશ્વને કેટલી બધી છે તેનો સહજ ખ્યાલ વાચકવર્ગને અવશ્ય આવશે.

જગતમાં ગમે તેવા મતસંઘર્ષણો અને કલેશો, કદાગ્રહો અને કોલાહલો પેદા થયા હોય તો પણ આ અનેકાન્તદષ્ટિના પ્રભાવથી તત્કાલ શમાવી શકાય અને કુસંપને દૂર કરી સુસંપ સ્થાપી શકાય છે.

## (૧૯) સ્યાદ્વાદસિદ્ધિનાં પ્રાચીન પ્રમાણો

(૧) કલિકાલસર્વજ્ઞ ભગવાન શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે રચેલા "સિદ્ધહેમ" વ્યાકરણ ગ્રંથમાં "સિદ્ધિઃ સ્યાદ્વાદાત્ (૧-૧-૨)" એ સૂત્રની વૃત્તિમાં જણાવ્યું છે કે-

"एकस्यैव हि ह्रस्व-दीर्घादिविधयोऽनेककारकसंनिपात, सामानाधिकरण्यम्, विशेषण-विशेष्यभावाद्यश्च स्याद्वादमन्तेरेण नोपपद्यन्ते ।"

- એકને જ હ્રસ્વ-દીર્ઘ વગેરે કાર્યો, અનેક કારકનો સંબંધ, સામાનાધિકરણ્ય અને વિશેષણ-વિશેષ્યભાવ વગેરે થાય છે તે સ્યાદ્વાદ સિવાય ઘટી શકતાં નથી. અર્થાત્ સ્યાદ્વાદના સ્વીકારવાથી જ તે રૂપે કહી શકાય છે.

વળી, શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ આજ સૂત્રની વૃત્તિમાં સ્વરચિત "अन्ययोगव्यवच्छेदद्वात्रिंशिका" ના ૩૦મા શ્લોકનું પ્રમાણ આપે છે -

"अन्योऽन्यपक्षप्रतिपक्षभावाद्,
यथा परे मत्सरिणः प्रवादाः ।
नयानशेषानविशेषमिच्छन्,
न पक्षपाती समयस्तथा ते ॥३०॥"

- જે રીતે પરસ્પર પક્ષ અને પ્રતિપક્ષભાવને લઇને અર્થાત્ પરસ્પર વિરુદ્ધ માન્યતાને લઇને એકાન્ત દર્શનવાદો પરસ્પર

માત્સર્યભાવવાળા-પરસ્પર દ્વેષભાવવાળા છે, તે રીતે હે જિનેન્દ્ર પરમાત્મન્ ! તમારો આગમ-સિદ્ધાંત નથી; કારણ કે તે એકાંતપક્ષથી દૂર છે, એટલું જ નહીં પણ સકલ નયવાદને ઇચ્છનારો છે."

શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ. "अयोगव्यवच्छेदद्वात्रिंशिका" ના ૨૮મા શ્લોકમાં તો ત્યાં સુધી જણાવે છે કે -

"इमां समक्षं प्रतिपक्षसाक्षिणा-

मुदारघोषामवघोषणां ब्रुवे ।

न वीतरागात् परमस्ति दैवतं,

न चाप्यनेकान्तमृते नयस्थितिः ॥९८॥"

"(વિશ્વમાં) સર્વ વાદીઓની સમક્ષ અમારી ઉચ્ચ સ્વરે ઉદ્‌ઘોષણા છે કે, વીતરાગથી અન્ય કોઇ શ્રેષ્ઠ દેવતા નથી અને અનેકાન્તથી અન્ય કોઇ શ્રેષ્ઠ નયસ્થિતિ નથી.

(૨) સુપ્રસિદ્ધ શ્રી સમન્તભદ્રાચાર્ય મ૦ સ્વરચિત "बृहत्स्वयम्भूस्तोत्रावलि" ના શ્રી विमलनाथ स्तोत्र ના ૬૫મા શ્લોકમાં જણાવે છે કે -

"नयास्तव स्यात्पदलाञ्छाना इमे,

रसोपविद्धा इव लोहधातवः ।

भवन्त्यभिप्रेतफला यतस्ततो,

भवन्तमार्याः प्रगता हितैषिणः ॥"

- સ્યાત્ પદથી લાંછિત એવા તમારા નયો રસથી વીંધાયેલા લોહ (લોઢાની) ધાતુની જેમ અભિપ્રેત-ઇચ્છિત ફળને આપનારા થાય છે. તેથી કરીને હિતેચ્છુ એવા આર્યો આપને નમેલા છે.

સ્યાદ્વાદમાં સ્યાત્ પદથી લાંછિત એવા નયો શોભી રહ્યા છે અને વિશ્વને વસ્તુ સ્વરૂપ બતાવી રહ્યા છે.

(૨) ન્યાયાચાર્ય ન્યાયવિશારદ મહામહોપાધ્યાય યશોવિજયજી મ૦ न्यायखण्डखाद्य ના ૪૨મા શ્લોકની વ્યાખ્યામાં જણાવે છે કે -

"न ह्येकत्र नाना-विरुद्धधर्मप्रतिपादकः-स्याद्वादः किन्तु अपेक्षाभेदेन तदविरोधद्योतकस्यात्पदसमभिव्याहृतवाक्य-विशेषः स इति ।।"

- એક વસ્તુમાં વિવિધ વિરુદ્ધ વસ્તુને પ્રતિપાદન કરનાર સ્યાદ્વાદ નથી, પરંતુ અપેક્ષાભેદથી તેના અવિરોધને બતાવનાર સ્યાત્ પદથી સમલંકૃત વાક્યવિશેષરૂપ સ્યાદ્વાદ છે.

એ જ વાચકપ્રવર શ્રી યશોવિજયજી મ૦ સ્વરચિત अनेकान्तव्यवस्थाप्रकरणम् ની પ્રશસ્તિના ૧૩મા શ્લોકમાં જણાવે છે કે -

इमं ग्रन्थं कृत्वा विषयविषविक्षेपकलुषं,
फलं नान्यद् याचे कमपि भवभूतिप्रभृतिकम् ।
इहाऽमुत्रापि स्तान्मम मतिरनेकान्तविषये,
ध्रुवेत्येतद् याचे तदिदमनुयाचध्वमपरे ।।

"આ ગ્રંથને રચીને વિષયરૂપી વિષના વિક્ષેપથી કલુષિત એવા સંસારના વૈભવ વેગેરેરૂપ કોઈ પણ ફળને હું માંગતો નથી, માત્ર અનેકાન્તમાં આ ભવ અને પરભવને વિશે મારી મતિ નિશ્ચલ રહો એટલું જ હું યાચું છું અને બીજાઓ પણ પછી તે રીતે યાચના કરે (એમ હું ઈચ્છું છું.)"

(૪) શ્રી વિક્રમનૃપપ્રતિબોધક તાર્કિકશિરોમણિ સૂરિપુરંદર શ્રી સિદ્ધસેન દિવાકરજી મ૦ સ્વરચિત "द्वात्रिं शिद् द्वात्रिंशिका" ગ્રંથની ચતુર્થ દ્વાત્રિંશિકાના ૧૫મા શ્લોકમાં જણાવે છે કે -

"उदधाविव सर्वसिंधवः
समुदीर्णास्त्वयि सर्व दुष्टयः ।
न च तासु भवानुदीक्ष्यते,
प्रविभक्तासु सरित्स्विवोदधिः ।।"

- સર્વ નદીઓ જેમ મહાસાગરમાં જઈને મળે છે, પરંતુ છૂટી છૂટી રહેલી નદીઓમાં મહાસાગર દેખાતો નથી, તેમ સર્વદર્શનરૂપી નદીઓ આપના સ્યાદ્વાદરૂપી મહાસાગરમાં (નયભેદથી) સંમિલિત થાય છે, પરંતુ એકાન્તવાદથી અલગ-અલગ રહેલ તે તે દર્શનરૂપી નદીઓમાં આપનો સ્યાદ્વાદરૂપી મહાસાગર દૃષ્ટિગોચર થતો નથી. તે જ ખરેખર આપની વિશિષ્ટતા છે.

(૫) ૧૪૪૪ ગ્રંથના પ્રણેતા, યાકિનીમહત્તરા ધર્મસૂત્રનું આચાર્યપ્રવર શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મ૦ જણાવે છે કે -

दृष्टशास्त्रविरुद्धार्थं सर्वसत्वसुखावहम् ।
मितं गंभीरमाह्लादि वाक्यं यस्य स सर्वविद् ।।१।।
एवंभूतं तु यद् वाक्यं जैनमेव ततः स वै ।
सर्वज्ञो नान्यः एतच्च स्याद्वादोक्त्यैव गम्यते ।।२।।
पक्षपातो न मे वीरे द्वेषो न कपिलादिषु ।
युक्तिमद्वचनं यस्य तस्य कार्यः परिग्रहः ।।३।।

દૃષ્ટ અને શાસ્ત્રથી અવિરુદ્ધ સર્વ પ્રાણીઓને સુખકારી, મિત, ગંભીર અને આહ્‌લાદકારી જેનું વાક્ય છે તે સર્વજ્ઞ કહેવાય છે. (૧)

એવા પ્રકારનું જે વાક્ય તે તો કેવલ જૈન વાક્ય જ છે. તેથી કરીને તે જ સર્વજ્ઞ છે, અન્ય નથી. આ વાત અનેકાન્તવાદ-સ્યાદ્વાદના કથનથી જ જણાય છે. (૨)

મને મહાવીર પર પક્ષપાત નથી અને કપિલ વગેરે પર દ્વેષ નથી, છતાં એટલું તો ખરું જ છે કે, જેની વાત યુક્તિવાળી છે તેનો સ્વીકાર કરવો જોઈએ.

(૬) વાચકવર્ય પૂર્વધર મહર્ષિ શ્રી ઉમાસ્વાતિ મહારાજ રચિત "तत्त्वार्थाधिगम" ના પાંચમા અધ્યાયમાં જણાવે છે કે -

"उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत्" (सूत्र, २९)

- ઉત્પત્તિ, વિનાશ અને નિત્ય એ ત્રણે ધર્મથી યુક્ત હોય તે "સત્" કહેવાય છે.

"तद्-भावाव्ययं नित्यम्" (सूत्र, ३०)

- તે ભાવથી ફેરફાર ન પામે તે "નિત્ય" કહેવાય છે.

"अर्पिताऽनर्पितसिद्धेः" (सूत्र, ३१)

- અર્પિત અને અનર્પિત તેની સિદ્ધિ થાય છે.

ઉક્ત એ ત્રણે સૂત્રો સ્યાદ્વાદને જણાવી રહ્યા છે. સમસ્ત જૈન દર્શન જેના પર નિર્ભર છે એ આગમશાસ્ત્રમાં જેનાં વિધાનો ઠેર-ઠેર છે. સર્વજ્ઞ તીર્થંકરોએ અને ગુણવંત ગણધર આદિ મુનિમહાત્માઓએ પોતાના પ્રવચનોમાં ને કૃતિઓમાં સર્વોચ્ચ સ્થાન જેને આપેલ છે, એવા અનેકાન્ત-સ્યાદ્વાદને જૈનેતર

પ્રાચીન વિદ્વાનોએ પોતાના ગ્રંથોમાં કંઈક અપનાવેલ છે. તેનાં પ્રમાણો આ પ્રકારે છે. -

(૧) ઋગ્વેદ - "ना सदासीन्नो सदासीत्तदानीं ।"
(ऋ० म० १०, सूत्र १२९ , मं० १)

- "એ કાળમાં સત્ પણ ન હતું અને અસત્ પણ ન હતું." એમ બ્રહ્મના વર્ણનમાં છે.

(૨) કઠોપનિષદ્-"अणोरणीयान् महतो महीयान् ।"
-(૨-૨૦)

- "તે અણુથી પણ નાનો છે અને મહાનથી પણ મહાન્ છે." એમ બ્રહ્મના વર્ણનમાં છે.

(૩) ઇશાવાસ્યોપનિષદ્-"तदेजति तन्नैजति तद्दूरे तदन्तिके।"

(ईश ६, ० ३-१-७)

- "તે હાલ છે ને નથી હાલતો, તે દૂર છે ને નજીક પણ છે.

(૪) ભગવદ્ગીતા - "संन्यासः कर्मयोगश्च निःश्रेयस-करावुभौ ।" (६-२)

- "સંન્યાસ પણ કલ્યાણકર છે અને કર્મયોગ પણ કલ્યાણકર છે."

(૫) બ્રહ્મવૈવર્તપુરાણ-

"ब्रह्मैकं मूर्तिभेदस्तु गुणभेदेन सन्ततम् ।
तद् ब्रह्म द्विविधं वस्तु सगुणं निर्गुणं तथा ।।१।।
मायाश्चितो यः सगुणो मायातीतश्च निर्गुणः ।
स्वेच्छामयश्च भगवानिच्छया विकरोति च ।।२।।
इच्छाशक्तिश्च प्रकृतिः सर्व शक्तिप्रसूः सदा ।
तत्र सक्तश्च सगुणः सशरीरी च प्राकृतः ।।३।।

निर्गुणस्तत्र निर्लिप्तः अशरीरी निरंकुशः ।
स चात्मा भगवान् नित्यः सर्वाधारः सनातनः ॥४॥
सर्वेश्वरः सर्वसाक्षी सर्वत्रास्ति फलप्रदः ।
शरीरं द्विविधं शम्भोनित्यं प्राकृतमेव च ॥५॥
नित्यं विनाशरहितं नश्वरं प्राकृतं सदा ।"

(ब्रह्मवैवर्तपुराण, श्रीकृष्णखण्ड, अध्याय-४३)

- બ્રહ્મ એક છે, છતાં પણ ગુણભેદ વડે તેના સ્વરૂપમાં બે ભેદ પડે છે. એક સુગુણ અને બીજો નિર્ગુણ. (૧)

માયા સહિત જે બ્રહ્મ તે સુગુણ છે અને માયા રહિત જે બ્રહ્મ તે નિર્ગુણ કહેવાય છે અને સ્વેચ્છામય ભગવાન ઈચ્છાથી વિકાર પામે છે. (૨)

તે ઈચ્છાશક્તિ પ્રકૃતિ છે અને સર્વશક્તિને (સંસારને) સદા ઉત્પન્ન કરનારી છે. તેમાં જે સક્ત હોય તે સગુણ શરીરી પ્રકૃતિજન્ય કહેવાય છે. (૩)

તેમાં નિર્લેપ જે હોય તે નિર્ગુણ, અશરીરી નિરંકુશ અને નિત્ય ભગવાન કહેવાય છે. એ સર્વનો આધાર છે અને સનાતન છે. (૪)

વળી, તે સર્વેશ્વર, વ્યાપક અને ફળપ્રદ છે અને તે ભગવાનના નિત્ય અને પ્રાકૃત એમ બે પ્રકારનાં શરીર છે. (૫)

તેમાં નિત્ય શરીર અવિનાશી છે અને પ્રાકૃત શરીર સર્વદા વિનાશી છે.

ઉક્ત કથન પણ અપેક્ષાભેદથી ઘટી શકે છે. આથી સિદ્ધ થાય છે કે બ્રહ્મનું સ્વરૂપ પણ અનૈકાન્તિક છે, સર્વથા ઐકાન્તક નથી.

**(૬) વિષ્ણુસહસ્રનામ** - એમાં પણ જણાવ્યું છે કે -

"अनेकरुपरुपाय विष्णवे प्रभविष्णवे ।"

- અનેક રૂપવાળું સ્વરૂપ જેનું છે એવા સર્વથા વિષ્ણુને...

**(૭) મનુસ્મૃતિ** - એમાં મનુઋષિ જણાવે છે કે -

"अनार्यमार्यकर्माणमार्यं चानार्यकर्मिणम् ।
सम्प्रधार्याब्रवीद् धाता न समौ नासमाविति ।।"

(मनु० अ० १०, श्लो० ७३)

- આર્ય આચારવાળા અનાર્યને અને અનાર્ય આચારવાળા આર્યને વિચારીને બ્રહ્માએ કહ્યું કે એ બે સમ પણ નથી ને અસમ પણ નથી.

આથી એ વસ્તુ સિદ્ધ થાય છે કે અપેક્ષાભેદથી એ બન્ને સમાન પણ છે અને અસમાન પણ છે, પરંતુ એકાન્તપણાથી તે સમ નથી તેમજ અસમ પણ નથી.

**(૮) મહાભારત** - એમાં વ્યાસ ઋષિ જણાવે છે કે -

"यो विद्वान् सह संवासं विवासं चैव पश्यति ।
तथैवैकत्वनानात्वे स दुःखात् परिमुच्यते ।।"

(महाभारत, आश्वमेधिकार्व (अनुगीता), अध्याय०३५, श्लो०-१७)

- જે વિદ્વાન ચેતનની સાથે ભેદાભેદ અને એકત્વને દેખે છે તે દુઃખથી મુક્ત થાય છે.

**(૯) મહર્ષિ પતંજલી** - સ્વરચિત "महाभाष्य" "ના "पशपशाह्निक" "જણાવે છે કે -

"द्रव्यं" नित्यमाकृतिरनित्या, सुवर्णं कयाचिदाकृत्या युक्तं पिण्डो भवति, पिण्डाकृतिमुपमृद्य रुचकाः क्रियन्ते, रुचकाकृतिमुपद्य कटकाः क्रियन्ते कटकाकृतिमुषमृद्य

स्वास्तिकाः क्रियन्ते, पुनरावृत्तः सुवर्णपिण्डः पुनर-परयाऽऽकृत्या युक्तः खदिरांगारसद्दशे कुण्डले भवतः । आकृतिरन्या चान्या च भवति द्रव्यं पुनस्तदेव आकृत्युप-मर्देन द्रव्यमेवावशिष्यते ।

- દ્રવ્ય નિત્ય છે, આકૃતિ અનિત્ય છે. સુવર્ણ કોઈ આકૃતિથી યુક્ત થઈને પિંડ બને છે, પિંડાકૃતિમાંથી રુચક બને છે, રુચકમાંથી કટક-કડું બને છે અને કટકમાંથી સ્વસ્તિક બને છે, પુનઃ તે સુવર્ણ પિંડ પરંપરાએ આકૃતિયુક્ત ખેરના અંગારા જેવાં બે કુંડલ બને છે.

આકૃતિ જૂદી-જૂદી થાય છે, પણ દ્રવ્ય તો એનું એ જ છે, જે તે તે આકૃતિરૂપે રહે છે.

આ રીતે મહર્ષિ પતંજલિએ પણ દ્રવ્યની નિત્યતા અને પર્યાયની અનિત્યતા અપેક્ષા ભેદથી જણાવી છે. આથી અને-કાન્તવાદ-સ્યાદ્વાદનો આશ્રય મહાભાષ્યકારે કઈ રીતે લીધો છે તે સ્પષ્ટપણે સમજી શકાય છે.

**(૧૦) વૈયાકરણકેશરી કૈયટ** - મહર્ષિ પતંજલિપ્રણીત મહાભાષ્ય પર સ્વરચેલ પ્રદીપ ના મંગલાચરણમાં જણાવે છે કે -

"सर्वाकारं निराकरं विश्वाध्यक्षमतीन्द्रियम् ।
द्रसदसपतातीतमद्दश्यं माययावृतैः ॥१॥"
"ज्ञानलोचनसंलक्ष्यं नारायणमजं विभुम् ।
प्रणम्य परमात्मानं सर्वविद्याप्रदायिनम् ॥२॥"

- આકાર સહિત છતાં નિરાકાર, અતીન્દ્રિય છતાં વિશ્વને પ્રત્યક્ષ, સત્ છતાં અસત્, માયાથી આવૃત (ઢંકાયેલા) જીવોને

અદૃશ્ય છતાં જ્ઞાનચક્ષુથી દૃશ્ય તથા અજ (નિત્ય) અને વિભુ-નારાયણ સ્વરૂપી સર્વ વિદ્યાના દાતા એવા પરમાત્માને પ્રણામ કરીને...

ઉપરોક્ત શ્લોકમાં એક જ વસ્તુમાં રહેલા અનેક ધર્મોનું પ્રતિપાદન જે કર્યું છે તે સ્યાદ્વાદથી ઘટી શકે છે.

મહાસમર્થ વિદ્વાન કૈયટ કે -જેમના ગ્રંથનાં પ્રમાણો કલિકાલ સર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીએ પોતાના રચેલા "શ્રીસિદ્ધહેમ૦" વ્યાકરણમાં પોતાના વક્તવ્યના સમર્થનમાં મૂકેલાં છે તે વૈયાકરણકેશરી કૈયટને સ્યાદ્વાદ માટે કેટલું બધું બહુમાન હશે, તે ઉપરના શ્લોકો પરથી સહેજે તરી આવે છે.

**(૧૧) પ્રકાંડ વિદ્વાન કુમારિલ ભટ્ટ** - મહર્ષિ જૈમિનિ પ્રણીત મીમાંસાદર્શન પર રચેલા પોતાના શ્લોકવાર્તિક ગ્રંથમાં જણાવે છે કે -

"पूर्वोक्तादेष तु न्यायात् सिद्धयेदत्रावयव्यपि ।
तस्याप्यत्यन्तभिन्नत्वं न स्यादवयवैः सह ।।७५।।
व्यक्तिभ्यो जातिवच्चैष न निकृष्टः प्रतीयते ।
कैश्चिदव्यतिरिक्तत्व कैश्चिच्च व्यतिरिक्तता ।।७६।।
दूषिता साधिताऽत्रापि न च तत्र बलाबलम् ।
कदापि निश्चितं कैश्चित् तस्मान्मध्यस्थता वरम् ।।७७।।
ततोऽन्यतानन्यते तस्य ता न स्तश्चेति कीर्त्यते ।
तस्माच्चित्रवदेवास्य मृषा स्यादेकरुपता ।।७८।।
वस्त्वनेकत्ववादाच्च न संदिग्धा प्रमाणता ।
ज्ञानं संदिह्यते यत्र, तत्र न स्यात् प्रमाणता ।।७९।।

इहानैकान्तिकं वस्त्वित्येवं ज्ञानं सुनिश्चितम् ।"

(श्लोकवार्तिक-वनवाद पृ० ६३२-३३)

- પૂર્વે કહેલ યુક્તિથી અહીં પણ અવયવી સિદ્ધ થાય છે, તેને પણ અત્યંત ભિન્નપણું અવયવોની સાથે થતું નથી.

વ્યક્તિથી જાતિની જેમ આ નિકૃષ્ટ જણાશે નહિ. કેટલાએક વડે અવ્યતિરિક્તપણું અને કેટલાએક વડે વ્યતિરિક્તપણુ દૂષિત અને સાધિત કરેલ છે, પરંતુ તેમાં બલાબલ કોઈએ કોઈ દિવસ નિશ્ચિત કરેલું નથી માટે મધ્યસ્થતા છે તે સારી છે.

તેથી કરીને અન્યતા અને અનન્યતા છે અને નથી એમ કહેવાય છે. તેથી ચિત્રરૂપની જેમ આની એકરૂપતા અસત્ય છે.

વસ્તુને અનેકપણું હોવાથી પ્રામાણ્ય સંદિગ્ધ નથી. જ્યાં જ્ઞાનનો સંદેહ થાય છે ત્યાં પ્રામાણ્ય નથી. અહીં તો વસ્તુ અનૈકાન્તિક છે, એ પ્રમાણે નિશ્ચયાત્મક જ્ઞાન થાય છે.

**(૧૨) આચાર્ય શ્રીવાચસ્પતિમિશ્ર** - સુપ્રસિદ્ધ આચાર્ય શ્રી ઈશ્વરકૃષ્ણ વિરચિત सांख्यकारिका પર રચેલ सांख्यतत्त्व-कौमुदी ગ્રંથમાં અનુમાનના ઉદાહરણમાં જણાવે છે કે-

"यथा-धूमाद् वह्नित्वसामान्य विशेषः पर्वतेऽनुमीयते ।"

- જેમ ધૂમજ્ઞાનથી વહ્નિત્વરૂપ સામાન્ય વિશેષનું પર્વતમાં અનુમાન થાય છે.

આથી વિહ્નિત્વમાં સામાન્ય અને વિશેષરૂપ બંને ધર્મનો જે સ્વીકાર કર્યો તે જ જણાવે છે કે એ અનેકાન્તવાદનું જ અનુસરણ છે.

આ રીતે અનેકાન્તવાદ-સ્યાદ્વાદની સિદ્ધિનાં પ્રાચીન પ્રમાણો જૈનદર્શનમાં અને જૈનેતરદર્શનમાં મળી શકે છે. આ સિવાય પણ અનેક પ્રમાણો દૃષ્ટિગોચર થાય છે, પણ સ્થળ-સંકોચને કારણે માત્ર અમુક જ પ્રાચીન પ્રમાણોનું દિગ્દર્શન કરાવ્યું છે.

વિશેષ જિજ્ઞાસુઓએ પ્રાચીન ગ્રંથોમાં આવતાં તે તે સ્થળનાં વિવેચનો જોવાની અમારી ખાસ ભલામણ છે.

**(૨૦) પ્રાચીન મહાપુરુષોના સ્યાદ્વાદ વિશે અભિપ્રાયો**

જૈનદર્શનના પરમમાનનીય પરમપવિત્ર શ્રીઆચારાંગ આદિ આગમોમાં અનેકાન્તવાદનાં ઝરણાંઓ ગુણવંત શ્રી ગણધર મહારાજાએ વહેવરાવ્યાં છે.

"નિશીથચૂર્ણિ" માં તો ચૂર્ણિકાર મહર્ષિએ ત્યાં સુધી કહ્યું છે કે - "અનેકાન્ત સ્વરૂપને પ્રતિપાદન કરનારાં શાસ્ત્રો દર્શન-પ્રભાવક કહેવાય છે.

આગમ પર રચાયેલ નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ અને વૃત્તિ વગેરેમાં પણ પ્રણેતાઓએ સ્થળે સ્થળે સ્યાદ્વાદને અપનાવ્યો છે.

શ્રી વિક્રમનૃપપ્રતિબોધક તાર્કિકશિરોમણિ સૂરિપુરંદર શ્રીસિદ્ધસેન દિવાકરજી મહારાજાએ "सम्मतितर्क" "न्यायावतार" અને "द्वात्रिंशद्द्वात्रिंशिका" વગેરે ગ્રંથોમાં અનેકાન્તવાદનું અનુપમ વર્ણન કરેલું છે.

વાચકવર્ય પૂર્વધર મહર્ષિ શ્રી ઉમાસ્વાતિ મહારાજાએ "तत्त्वार्थसूत्र" પ્રમુખ ગ્રંથોમાં સ્યાદ્વાદનું સુંદર સ્વરૂપ વર્ણવેલું છે.

૧૪૪૪ ગ્રંથના પ્રણેતા યાકિનીમહત્તરાધર્મસૂનુ શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ "अनेकान्तजयपताका, शास्त्रवार्तासमुच्चय અને षट्दर्शनसमुच्चय" વગેરે ગ્રંથોમાં સ્યાદ્વાદના સંબંધમાં ખૂબ ખૂબ આલેખન કર્યું છે.

સુવિખ્યાત આચાર્યવર્ય શ્રીમદ્ વાદિદેવસૂરિમહારાજે પોતે રચેલા "स्याद्वादरत्नाकर" ગ્રંથમાં જણાવ્યું છે કે -

"प्रत्यक्षद्वयदीप्तनेत्रयुगलस्तर्क स्फुरत्केसरः
शाब्दव्यात्तकरालवक्त्रकुहरः सद्धेतुगुज्जारवः ।
प्रक्रीडन्नकानने स्मृतिनखश्रेणीशिखाभीषणः
संज्ञावालधिबन्धुरो विजयते स्याद्वादपंजाननः ॥"

પ્રત્યક્ષ અને પરોક્ષ એ બે પ્રમાણરૂપ તેજસ્વી નેત્રવાળો, સ્ફુરાયમાન તર્ક પ્રમાણરૂપ કેસરાંવાળો, શાબ્દ (આગમ) પ્રમાણરૂપ પહોળા કરેલા મુખવાળો, સદ્હેતુરૂપ ગુંજારવાળો, સંજ્ઞારૂપ પૂંછડાવાળો, સ્મૃતિરૂપ નખશ્રેણીની કાંતિથી ભયંકર એવો સ્યાદ્વાદરૂપી સિંહ નયરૂપી વનમાં ક્રીડા કરતો વિજય પામે છે.

કલિકાલસર્વજ્ઞ ભગવાન શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ "श्री सिद्धहैमचन्द्रशब्दानुशासनम्, प्रमाण-मीमांसा, प्रमाणनयतत्वालोकालंकार, अन्ययोग-व्यवच्छेदिका" વગેરે ગ્રંથોમાં સ્યાદ્વાદના સંબંધમાં અત્યંત પ્રકાશ પાડેલો છે.

આચાર્ય પ્રવર શ્રીમદ્ મલ્લિષેણસૂરિ મહારાજાએ "स्या-द्वादमंजरी" ગ્રંથમાં સ્યાદ્વાદનું વર્ણન અપ્રતિમ શૈલીમાં કરેલું છે.

સુપ્રસિદ્ધ શ્રી સમન્તભદ્રાચાર્યે “आप्तमीमांसा” ગ્રથમાં અનેકાંતવાદનું વર્ણન તાર્કિક દૃષ્ટિએ કરેલું છે.

ન્યાયાચાર્ય ન્યાયવિશારદ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજાએ “अनेकान्तव्यवस्था, सप्तभंगीनयप्रदीप, स्याद्वादरहस्यपत्रम्” વગેરે અનેક ગ્રંથોમાં અનેકાન્તના સંબંધમાં નવ્યન્યાયની પદ્ધતિએ આબેહૂબ ચિતાર આલેખ્યો છે.

સુપ્રસિદ્ધ જૈનાચાર્ય શ્રીવાદિદેવસૂરિ મહારાજાએ “प्रमाण-नय तत्त्वालोकलंकार” અને તેના પર રચેલ ચોરાસી હજાર (૮૪૦૦૦) શ્લોક પ્રમાણ “स्याद्वादरत्नाकर-वृत्ति” માં અનેકાન્તવાદનું અનુપમ નિરૂપણ કર્યું છે. આ તો સુપ્રસિદ્ધ અમુક જ મહાપુરુષોના નામનો નિર્દેશ કર્યો છે.

આ સિવાય પણ પ્રાચીન આચાર્યો વગેરે અનેક મહાપુરુષો એ સ્યાદ્વાદનું વિસ્તૃત નિરૂપણ કરેલું છે એટલું જ નહિ પણ અર્વાચીન વિદ્વાન આચાર્યોએ પણ સ્યાદ્વાદ પર કલમ ચલાવી છે અને જૈનશાસનની અનુપમ સેવા-પ્રભાવના કરી છે.

**(૨૧) આધુનિકોએ સ્યાદ્વાદ પર લખેલા લેખો -**

(૧) "સ્યાદ્વાદની સાર્થકતા"

લેખક-મુનિરાજ શ્રી ચતુરવિજયજી.

(આ લેખ પુસ્તિકારૂપે પ્રકાશિત થયેલ છે.)

(૨) "સ્યાદ્વાદ ચક્રવર્તી"

લેખક-મુનિરાજ શ્રી સુભદ્રવિજયજી.

(આ લેખ વીરશાસનના "પર્યુષણા સાહિત્ય" અંકમાં પ્રકાશિત થયેલ છે.)

(૩) "સ્યાદ્વાદની સર્વ વ્યાપકતા"
આ લેખના લેખક-મુનિરાજ (હાલ-પંન્યાસ) શ્રીસુશીલવિજયજી.
(આ લેખ "શ્રી જૈન સત્ય પ્રકાશ" માસિકમાં છપાયો છે.)
(૪) "સ્યાદ્વાદ"
લેખક-મુનિરાજ (હાલ-પંન્યાસ) શ્રી ધુરંધરવિજયજી
(આ લેખ "શ્રી જૈન સત્ય પ્રકાશ" માસિકમાં છપાયો છે.)
(૫) "એકાંત પક્ષ નિરાસ પ્રકાશ" (અનેકાન્તનું સ્વરૂપ)
સં૦- મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી
(આ લેખ- "આત્માનંદ પ્રકાશ" માસિકમાં છપાયેલ છે.)
(૬) "સ્યાદ્વાદ એટલે ?"
લેખક-મુનિરાજ શ્રી પુણ્યવિજયજી.
(આ લેખ પુસ્તિકારૂપે પ્રકાશિત થયેલ છે.)
(૭) "સ્યાદ્વાદ સિદ્ધિ"
વ્યાખ્યાતા-મુનિરાજ શ્રી ન્યાયવિજયજી.
(આ લેખ "જૈન ધર્મ પ્રકાશ" માસિકમાં છપાયેલ છે.)
(૮) “जैन दर्शन और आधुनिक विज्ञान” એ પુસ્તિકામાં
“स्याद्वाद और सापेक्षवाद”
"લેખક-મુનિ શ્રી નગરાજજી (તેરાપંથી)
(૯) "સ્યાદ્વાદ પંચાશિકા"
પ્રસ્તુ લેખના લેખક-પંન્યાસ શ્રી સુશીલવિજયજી.
આ લેખ "આત્માનંદ પ્રકાશ" માસિકમાં પ્રકાશિત થયેલ છે.
(૧૦) "જૈનશિક્ષાદિગ્દર્શન"
એ પુસ્તિકામાં સ્યાદ્વાદ સંબંધી વર્ણન છે.
લેખક-શાસ્ત્રવિશારદ જૈનચાર્ય શ્રી વિજયધર્મસૂરિજી મ.

ઉપર નિર્દિષ્ટ મુનિરાજોએ લખેલ સ્યાદ્વાદ સંબંધી લેખોની યાદી આપી છે. એ સિવાય ગૃહસ્થોએ લખેલાં આલેખનનો નિર્દેશ અહીં કરીએ છીએ.

(૧) "दर्शन और अनेकान्तवाद"

"લેખક-પં૦ હંસરાજજી શર્મા.

(આ લેખ પુસ્તકરૂપે પ્રકાશિત થયેલ છે.)

(૨) "અનેકાન્તવાદ"

લેખક-શ્રી હરિસત્ય ભટ્ટાચાર્ય

એમ.એ. બી.એલ. પી.એચ. ડી. કલકત્તા

(આ લેખ પુસ્તકરૂપે પ્રકાશિત થયેલ છે.)

(૩) "સરળ સ્યાદ્વાદમત સમીક્ષા"

લેખક-શંકરલાલ ડાહ્યાભાઈ કાપડીઆ

સુપ્રી. ય. વિ.જૈન ગુરુકુલ.

(આ લેખ પુસ્તિકારૂપે પ્રગટ થયેલ છે.)

તથા તેમણે આલેખેલ "જૈનતત્ત્વસારસારાંશ" નામની પુસ્તિકામાં "જૈનોનો સ્યાદ્વાદ સિદ્ધાંત"

એ શીર્ષક લેખ પણ મુદ્રિત થયેલ છે.

(૪) "જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ"

નામના પુસ્તકમાં "અનેકાન્તવાદ" એ શીર્ષકે ટૂંકું વર્ણન છે.

લેખક-મોહનલાલ દલીચંદ દેસાઈ

બી. એ; એલએલ બી. એડવોકેટ, હાઈકોર્ટ, મુંબઈ.

(૫) "અનેકાન્તની મર્યાદા"

લેખક-પંડિત સુખલાલ સંઘવી.

(૬) "જૈનધર્મ અને સંસ્કૃતિ ગૌરવ"

લેખક-પ્રો૦ મહેન્દ્રકુમાર, ન્યાયાચાર્ય.

નામની પુસ્તિકામાં "અનેકાન્તદર્શનકા આધાર" એ હેડીંગવાળું વર્ણન છે.

"જ્ઞાનોદય" અંક : ૧, જુલાઈ ૧૯૪૯

(૭) વળી આજ પુસ્તિકામાં-"સામ્યદષ્ટિ ઔર અનેકાન્ત-વાદ" એ હેડીંગવાળું પણ લખાણ છે. જેના લેખક-પંડિત સુખલાલજી, "જૈન ધર્મ કા પ્રાણ" નામક લાંબા લેખમાંથી ઉદ્ધૃત.

-"જ્ઞાનોદય" અંક : ૨, ઓગષ્ટ)

આ રીતે મુનિરાજો અને ગૃહસ્થોના અનેકાંત વિષયક આલેખનો, જે દષ્ટિમાં આવેલાં છે તે સંબંધી નિર્દેશ કર્યો છે. આ સિવાય પણ અનેક લેખો અને પુસ્તિકાઓ છે.

આ ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે "સ્યાદ્વાદ-અનેકાન્તવાદ" ઉપર કેટલું બધું સાહિત્ય લખાયેલું છે અને મુદ્રિત થયેલું છે. તેમજ તે ઉપર સાહિત્ય લખાતું જાય છે અને મુદ્રિત થતું જાય છે. વળી, ભવિષ્યમાં પણ તેના ઉપર કેટલું બધું લખાશે અને મુદ્રિત થશે એ તો આપણી કલ્પના બહારનો વિષય છે.

## (૨૨) સુપ્રસિદ્ધ જૈનેતર મહાયશોના સ્યાદ્વાદના સંબંધમાં સુંદર અભિપ્રાયો

જનેતા પોતાના પુત્રની પ્રશંસા કરે એમાં નવાઈ નથી, પણ અપર માતા શોક્યપુત્રની જ્યારે પ્રશંસા કરે ત્યારે જ તે નવાઈ રૂપ લાગે છે. માટે નીચે જણાવેલા સુપ્રસિદ્ધ જૈનેતર મહાશયોના જૈનદર્શનના સ્યાદ્વાદ-અનેકાન્તવાદ માટેના કેટલાક સુંદર અભિપ્રાયો અહીં જણાવીએ છીએ -

(૧)

ભારતને સ્વતંત્રતા અપાવનાર મહાત્મા ગાંધીજીએ સ્યાદ્વાદને માટે જણાવ્યું છે કે-

"સૃષ્ટિમાં પ્રતિક્ષણ પરિવર્તન થાય છે તેથી સૃષ્ટિ અસત્ય-અસ્તિત્વ રહિત કહેવાય છે. (પર્યાયભેદે) પણ પરિવર્તન છતાં તેનું એક એવું રૂપ છે જેને સ્વરૂપ કહો તે રૂપે છે એમ પણ કહી શકીએ છીએ, તેથી તે સત્ય પણ છે (વસ્તુગતે), તેથી તેને સત્યાસત્ય કહો તો મને અડચણ નથી. એથી મને અનેકાંતવાદી કે સ્યાદ્વાદી માનવામાં આવે તો બાધ નથી. માત્ર સ્યાદ્વાદ હું જે રીતે ઓળખું છું તે રીતે માનનારો છું, પંડિતો મનાવવા ઈચ્છે તેમ કદાચ નહીં તેઓ મને વાદમાં ઉતારે તો હું હારી જાઉં. મેં તો મારા અનુભવે જોયું છે કે મારી દૃષ્ટિએ હું હંમેશા સાચો હોઉં છું અને મારા પ્રમાણિક ટીકાકારની દૃષ્ટિએ હું ધણીવાર ભૂલેલો ગણાઉં છું, એ જાણવાથી હું કોઈને સહસા જૂઠો, કપટી વગેરે માની શકતો નથી. સાત આંધળાઓએ હાથીના સાત વર્ણન આપ્યાં તે બધાં પોતપોતાની દૃષ્ટિએ સાચા હતા, એક-બીજાની દૃષ્ટિએ જૂઠા હતા ને જ્ઞાનીની દૃષ્ટિએ સાચા તથા ખોટા હતા.

આ અનેકાન્તવાદ મને બહુ પ્રિય છે. તેમાંથી હું મુસલમાનો ની દૃષ્ટિએ તેમનો, ખ્રિસ્તીની દૃષ્ટિએ તેમનો વિચાર કરતાં શીખ્યો. મારા વિચારોને કોઈ ખોટા ગણે ત્યારે મને તેના અજ્ઞાનને વિષે પૂર્વે રોષ આવતો, હવે હું તેઓનું દૃષ્ટિબિન્દુ તેઓની આંખે જોઈ શકું છું, તેથી તેમની ઉપર પણ પ્રેમ કરી શકું છું. કેમકે હું જગતના પ્રેમનો ભૂખ્યો છું. અનેકાન્તવાદનું મૂળ અહિંસા અને સત્યનું યુગલ છે.

(૨)

કાશી વિશ્વ વિદ્યાલયના વાઈસચાન્સેલર અને ગુજરાતના સમર્થ વિદ્વાન્ આચાર્ય આનંદશંકર બાપુભાઈ ધ્રુવે પોતાના એક વખતના ભાષણમાં સ્યાદ્વાદના સંબંધમાં જણાવ્યું છે કે-

"સ્યાદ્વાદનો સિદ્ધાંત અનેક સિદ્ધાંતો અવલોકીને તેમનો સમન્વય કરવા ખાતર પ્રકટ કરવામાં આવ્યો છે. સ્યાદ્વાદ એકીકરણનું દષ્ટિબિન્દુ આપણી સામે ઉપસ્થિત કરે છે. શંકરાચાર્યે સ્યાદ્વાદ ઉપર જે આક્ષેપ કર્યો છે, તે મૂળ રહસ્યની સાથે સંબંધ રાખતો નથી. એ નિશ્ચય છે કે વિવિધ દષ્ટિબિંદુઓ દ્વારા નિરીક્ષણ કર્યા વગર કોઈ વસ્તુ સંપૂર્ણ સ્વરૂપે સમજવામાં આવી શકે નહીં. આ માટે "સ્યાદ્વાદ" ઉપયોગી તથા સાર્થક છે. મહાવીરના સિદ્ધાંતમાં બતાવેલ સ્યાદ્વાદને કેટલાક સંશયવાદ કહે છે, એ હું નથી માનતો. સ્યાદ્વાદ સંશયવાદ નથી કિન્તુ તે એક દષ્ટિબિંદુ અમને મેળવી આપે છે. વિશ્વનું કેવી રીતે અવલોકન કરવું જોઈએ એ અમને શીખવે છે."

(૩)

કાશી હિંદુ વિશ્વવિદ્યાલયમાં દર્શનશાસ્ત્રના મુખ્ય અધ્યાપક શ્રીફણીભૂષણ અધિકારી M.A. એ સ્યાદ્વાદના સંબંધમાં જણાવ્યું છે કે -

"સ્યાદ્વાદનો સિદ્ધાંત ઘણો મહત્ત્વપૂર્ણ અને આકર્ષક છે. એ સિદ્ધાંતમાં જૈન ધર્મની વિશેષતા તરી આવે છે અને એ જ સ્યાદ્વાદ જૈનદર્શનની અદ્વિતીય સ્થિતિ પ્રગટ કરે છે; છતાં કેટલાકોને મન સ્યાદ્વાદ એ એક ગૂઢ શબ્દ, તથા કેટલાકોને તો તે ઉપહાસાસ્પદ પણ લાગે છે. જૈનધર્મમાં એ એક શબ્દ દ્વારા

જે સિદ્ધાંત ઝલકી રહ્યો છે, તે ન સમજી શકવાથી જ કેટલાકોએ તેનો ઉપહાસ કર્યો છે, એ અજ્ઞાનતાને પ્રતાપે જ કેટલાકોએ તેમાં દોષો તથા ભિન્ન ભિન્ન અર્થોનાં આરોપણ કર્યા છે. હું તો એટલે સુધી કહેવાની હિંમત કરું છું કે વિદ્વાન્ શંકરાચાર્ય જેવા પુરુષ પણ એ દોષથી અળગા નથી રહી શક્યા. તેમણે પણ એ સ્યાદ્વાદધર્મ પ્રતિ અન્યાય કર્યો છે. સાધારણ યોગ્યતાવાળા માણસો એવી ભૂલ કરે તો તે માફ કરી શકાય, પણ મને સ્પષ્ટ વાત કહેવાની રજા મળે તો હું કહીશ કે "ભારતના એવા મહાન્ વિદ્વાને કરેલો એવો અન્યાય સર્વથા અક્ષમ્ય છે." જો કે હું પોતે એ મહર્ષિ પ્રતિ અતિશય આદરભાવથી નિહાળું છું, તથાપિ મને એમ ચોખ્ખું દેખાય છે કે તેમણે "વિવસન-સમય" અર્થાત્ નાગા લોકોના સિદ્ધાંત એવું જે અનાદર સૂચવતું નામ જૈન ધર્મના શાસ્ત્રો વિષે વાપર્યું છે તે કેવળ મૂળ જૈનગ્રંથોનો અભ્યાસ નહીં કરવાનું પરિણામ છે.

સ્યાદ્વાદ એક ભારે સત્ય તરફ આપણને દોરી જાય છે. હું એક વાત ઉપર ખાસ ભાર મૂકવા માગું છું કે વિશ્વના અથવા તેના કોઈ એક ભાગને જોવા માટે માત્ર એક દૃષ્ટિકોણ સર્વથા પૂર્ણ ન લેખી શકાય. ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણથી જોઈએ તો જ અખંડ સત્ય જોઈ શકીએ. ખરું જોતાં આ વિશ્વ અસંખ્ય તત્ત્વો તથા પર્યાયોના સમુદાયરૂપ છે અને આપણાં યથાર્થ જ્ઞાન પ્રાપ્તિનાં સાધનો એટલાં અપૂર્ણ છે કે આપણા અપરિચિત દૃષ્ટિકોણથી ભાગ્યે જ પૂર્ણ સત્ય પામી શકીએ. કેવલ સર્વજ્ઞ જ પૂર્ણ સત્યને પૂર્ણપણે જાણી શકે છે. આપણે તો એકાંગી વિચાર અને અપૂર્ણ સ્પષ્ટીકરણના અત્યારે અધિકારી ગણાઈએ.

આપણે પૂર્ણ સત્યને કદાપિ ન્યાય ન આપી શકીએ.

આવી સ્થિતિમાં શ્રી હેમચંદ્રાચાર્યે જિનેન્દ્ર ભગવાન્ મહાવીરની સ્તુતિ અર્થે જે યોગ્ય શબ્દો વાપર્યા છે, તે મને યાદ આવે છે -

"अन्योऽन्यपक्षप्रतिपक्षभावाद्
यथा परे मत्सरिणः प्रवादाः ।
नयानशेषान विशेषमिच्छन्,
न पक्षपाती समयस्तथा ते ।।"

હે ભગવન્! આપનો સિદ્ધાંત નિષ્પક્ષ છે, કારણ કે એક જ વસ્તુ કેટલીયે અસંખ્ય દષ્ટિથી જોઈ શકાય છે તે આપે અમને બતાવ્યું છે. પેલાઓ કે જે કેવળ સિદ્ધાંતભેદની ખાતર પરસ્પરમાં ઈર્ષ્યા-મત્સર ધરાવે છે તે સ્થિતિ આપના સ્યાદ્વાદ દર્શનમાં નથી સંભવતી.

(૪)

ડૉ. ઓ. પરટોલ્ડે તા.૨૧-૮-૨૧ના દિવસે ખાનદેશમાં આવેલ ધુલિયા ગામમાં "ધર્મના તુલનાત્મક શાસ્ત્રમાં જૈન ધર્મનું સ્થાન અને મહત્ત્વ" એ વિષય પર ભાષણ આપતાં છેવટે સ્યાદ્વાદના સંબંધમાં જણાવ્યું છે કે -

"સંક્ષેપમાં કહીએ તો ઉચ્ચ ધર્મ તત્ત્વો અને જ્ઞાનપદ્ધતિ, આ બન્ને દષ્ટિથી જોતાં જૈનધર્મ એ ધર્મોના તુલનાત્મક શાસ્ત્રમાં અતિશય આગળ ગયેલો ધર્મ છે એમ કહેવું પડે છે.

દ્રવ્યનું જ્ઞાન કરી લેવા સારુ એમાં યોજેલા સ્યાદ્વાદનું બિલકુલ આધુનિક પદ્ધતિનું સ્વરૂપ જ જુઓ એટલે બસ છે. જૈન ધર્મ એ ધર્મ વિચારની નિઃસંશય પરમ શ્રેણી છે અને એ

દૃષ્ટિથી ધર્મનું વર્ગીકરણ કરવા સારુ જ કેવળ નહીં, પણ વિશેષતઃ ધર્મના લક્ષણો ઠરાવવા સારુ અને તદ્દનુસાર સામાન્યતઃ ધર્મની ઉપપત્તિ બેસાડવા સારુ તેનો કાળજીપૂર્વક અભ્યાસ કરવો જરૂરી છે."

(૫)

અધ્યાપક દત્તાત્રય બાલકૃષ્ણ કાલેલકરે "પૂર્વરંગ" નામના પુસ્તકમાં સ્યાદ્વાદના સંબંધમાં જણાવ્યું છે કે-

"એક જ સત્ય અનેક રૂપમાં પ્રગટ થાય છે, એક એક જાતિ, એક એક જમાનો અને એક એક દેશ સત્યના એક એક અંશનું ગ્રહણ કરી શકે છે અને તેથી પરસ્પર વિરોધી દેખાતી છતાં બધી દૃષ્ટિઓ સરખી જ સાચી હોય છે. એ જૈનોના સ્યાદ્વાદનું તત્ત્વ હિંદુસ્તાનમાં આખા ઈતિહાસમાં ઘટાવેલું આપણે જોઈએ છીએ."

પુનઃ તેઓશ્રીએ તા.૪-૨-૨૩ ના "નવજીવન" ના અંકમાં "ભગવાન્ મહાવીરની કૈવલ્યભૂમિ" નામના લેખમાં સ્યાદ્વાદના સંબંધમાં લખેલ છે કે -

જૈન તત્ત્વજ્ઞાનમાં સ્યાદ્વાદનો બરાબર શો અર્થ છે તે જાણવાનો દાવો હું કરી શકતો નથી, પણ હું માનું છું કે સ્યાદ્વાદ માનવબુદ્ધિનું એકાંગીપણું જ સૂચિત કરે છે. અમુક દૃષ્ટિએ જોતાં એક વસ્તુ એક રીતે દીસે છે, બીજી દૃષ્ટિએ તે બીજી રીતે દેખાય છે. જન્માંધો જેમ હાથીને જૂદી-જૂદી રીતે તપાસે તેવી આપણી આ દુનિયામાં સ્થિતિ છે.

આ વર્ણન યથાર્થ નથી એમ કોણ કહી શકે? આપણી આવી સ્થિતિ છે એટલું જેને ગળે ઊતર્યું તે જ જગતમાં યથાર્થ જ્ઞાની.

માણસનું જ્ઞાન એક પક્ષીય છે. એટલું જે સમજ્યો તે જ માણસોમાં સર્વજ્ઞ. વાસ્તવિક સંપૂર્ણ સત્ય જે કોઈ જાણતો હશે તે પરમાત્માને આપણે ઓળખી શક્યા નથી."

(૬)

કાશીના સ્વર્ગસ્થ સુપ્રસિદ્ધ વિદ્વાન્ મહામહોપાધ્યાય પંડિત શ્રીરામમિશ્ર શાસ્ત્રીએ "સુજનસંમેલન" નામના જૈનધર્મ સંબંધી ભાષણમાં સ્યાદ્વાદના સંબંધમાં જણાવ્યું છે કે -

"સજ્જનો ! અનેકાન્તવાદ તો એક એવી વસ્તુ છે કે તેને દરેકે સ્વીકારવી જ પડશે, અને સ્વીકારી પણ છે."

જૂઓ, "વિષ્ણુપુરાણ" અધ્યાય છટ્ઠાના દ્વિતીયાંશના ૪૨મા શ્લોકમાં લખ્યું છે કે-

"नरक-स्वर्ग संज्ञे वै पापपुण्ये द्विजोत्तम ।
वरत्वेकमेव दुःखाय सुखायेर्ष्याजवाय च ।
कोपाय च यतस्तस्माद् वस्तु वस्त्वात्मकं कुतः?।।"

અહીં પરાશર મહર્ષિ કહે છે કે "વસ્તુ વસ્ત્વાત્મક નથી." આનો અર્થ જ એ છે કે કોઈ પણ વસ્તુ એકાંતે એક રૂપ નથી. જે વસ્તુ એક સમયે સુખનો હેતુ છે, તે જ ક્ષણમાં દુઃખનું કારણ બને છે અને જે વસ્તુ કોઈ પણ વખતે દુઃખનું કારણ બને છે, તે જ વસ્તુ ક્ષણ માત્રમાં સુખનો હેતુ પણ થાય છે.

સજ્જનો ! આપ સમજી શક્યા હશો કે અહીં "અનેકાન્ત-વાદ" કહેવામાં આવ્યો છે. એક બીજી વાત ઉપર પણ ધ્યાન આપશો. જૂઓ "सदसद्भ्यामनिर्वचनीयं जगत्" (આ જગત સત્ અથવા અસત્ બન્નેમાંથી એકે રીતે કહી શકાય નહીં.) કહે છે તેમને વિચારદૃષ્ટિથી જોવામાં આવે તો "અનેકાન્તવાદ" માનવામાં હરકત નથી, કેમકે જ્યારે વસ્તુ સત્ નથી કહી શકાતી

અને અસત્ પણ કહી શકાય નહીં, તો કહેવું પડશે કે કોઈ પ્રકારથી સત્ હોઈને પણ કોઈ રીતે તે અસત્ પણ છે. એટલા માટે ન તો સત્ કહી શકાય અને ન અસત્ તો અનેકાંતતા માનવી સિદ્ધ થઈ.

સજ્જનો ! નૈયાયિકો અંધકારને જો "અભાવ સ્વરૂપ" કહે છે અને મીમાંસક તથા વેદાંતિકો તેનું ખંડન કરીને જોર-શોરથી તેને "ભાવસ્વરૂપ" કહે છે. તો હવે જોવાની વાત એ છે કે આજ સુધી એનો કાંઈ ફેંસલો થયો નથી કે કોણ બરાબર કહે છે ? ત્યારે તો બેની લડાઈમાં ત્રીજાના પોબારા છે. અર્થાત્ જૈન સિદ્ધાંત સિદ્ધ થયો. કારણ કે તે કહે છે કે - "વસ્તુ અનેકાન્ત છે" તેને કોઈ રીતે ભાવરૂપ કહે છે અને કોઈ રીતે અભાવરૂપ પણ કહે છે. આવી જ રીતે કોઈ આત્માને "જ્ઞાનસ્વરૂપ" કહે છે અને કોઈ "જ્ઞાનાધાર સ્વરૂપ" કહે છે. ત્યારે હવે કહેવું જ શું ? અનેકાન્તવાદે સ્થાન મેળવ્યું એવી રીતે જ્ઞાનને કોઈ "દ્રવ્યસ્વરૂપ" માને છે, તો કોઈ "શૂન્યસ્વરૂપ." ત્યારે તો અનેકાન્તવાદ અનાયસે સિદ્ધ થયો."

(૭)

સન્ ૧૯૧૬માં મારવાડના જોધપુર શહેરમાં મળેલ "જૈન સાહિત્ય સમ્મેલન" ના પ્રમુખપદે બિરાજેલા M.M. ડૉ. સતીષચંદ્ર વિદ્યાભૂષણ M. A. Ph. D. એ ભાષણ કરતાં સ્યાદ્વાદના સંબંધમાં જણાવ્યું છે કે -

આ વિદ્વાનોના સંમેલનમાં બે વચનો બોલવાને માટે મને આમંત્રણ આપી જે માન આપ્યું છે તેને માટે હું આપનો આભારી છું. પણ આરંભ ક્યાંથી કરવો તેની મને મૂંઝવણ થાય છે, કારણ

કે સંમેલનનો હેતુ વિશાલ છે અને શ્રોતાવર્ગ વિદ્વાન્ અને પ્રતિષ્ઠિત છે. તેમની રજાથી "જૈનીઝમ" ના પ્રધાન સિદ્ધાંત "સ્યાદ્વાદ" અથવા તો "સપ્તભંગી ન્યાય" કે જે જૈન તત્ત્વજ્ઞાનનો મૂળ પાયો છે તેના પર હું બે વચનો કહીશ.

"સ્યાદ્વાદ" અથવા તો શક્યતાનું પ્રતિપાદન કે જેનું બીજું નામ "સપ્તભંગી ન્યાય" અથવા તો સાત પ્રકારના પક્ષાભાસ છે તેમાં વસ્તુની સાત અવસ્થાનો સમાવેશ થાય છે.

(१) स्यात् अस्ति, (२) स्यात् नास्ति, (३) स्यात् अस्ति नास्ति, (४) स्यात् अवक्तव्य, (५) स्यात् अस्ति अवक्तव्य, (६) स्यात् नास्ति अवक्तव्य, (७) स्यात् अस्ति नास्ति अवक्तव्य

જૈન માન્યતા પ્રમાણે સ્યાદ્વાદનો સિદ્ધાંત અતિ પ્રાચીન સમયથી તીર્થંકરોએ પ્રવર્તાવેલો હતો અને ૨૪૪૦ વર્ષ પહેલાં ચરમ તીર્થંકર મહાવીર સ્વામીએ આ સિદ્ધાંત ઉપદેશ્યો હતો અને તેનું સ્વરૂપ-વર્ણન અને વ્યાખ્યા "ભગવતીસૂત્ર" "સમવાયાંગસૂત્ર" "અનુયોગદ્વારસૂત્ર" "પ્રજ્ઞાપનાસૂત્ર" વગેરે જૈનોના પ્રમાણભૂત ગ્રંથોમાં માલુમ પડે છે.

ભદ્રબાહુસ્વામી કે જે (B.C.) ચોથા સૈકામાં થઇ ગયા અને જે "યુગપ્રધાન" એટલે તેમના સમયના અગ્રગણ્ય પુરુષ કહેવાતા હતા, તેમણે આ સિદ્ધાંતનું તેમની પ્રાકૃત ટીકા "સૂત્રકૃતાંગ-નિર્યુક્તિ" માં વિવરણ કરેલું છે.

પ્રખ્યાત જૈન ન્યાયાચાર્ય સિદ્ધસેન દિવાકર કે જે વિક્રમાદિત્યના સમયમાં થઇ ગયા છે, તેમણે આ સિદ્ધાંતનું તેમના પ્રસિદ્ધ ગ્રંથ "સમ્મતિતર્કસૂત્ર" માં વિવરણ કર્યું છે.

જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે તેમની "વિશેષાવશ્યક ભાષ્ય" નામની ટીકામાં આ સિદ્ધાંતનું સરળ સ્પષ્ટીકરણ કર્યું છે. પણ આ અસ્તિ-નાસ્તિ (સ્યાદ્વાદ) સિદ્ધાંતના વિવિધ સ્વરૂપનું અપ્રતિમ શૈલિમાં વિવરણ કરનાર સમંતભદ્ર હતા. તેઓ દિગંબર પંથના હતા અને ૬૦૦ (A.D.) પહેલાં થઈ ગયા. તેઓ "આપ્તમીમાંસા" ના પ્રણેતા હતા.

બીજા પ્રસિદ્ધ શ્વેતાંબર ન્યાયવેત્તાઓ જેવા કે હરિભદ્રસૂરિ, દેવસૂરિ (આશરે ૧૧૦૦ A.D.) હેમચંદ્રસૂરિ (આશરે ૧૧૫૦ A.D.) અને "સ્યાદ્વાદમંજરી" ના કર્તા સુવિખ્યાત મલ્લિષેણ સૂરિએ આ સિદ્ધાંત પર પોતાનું લક્ષ આપ્યું છે.

ત્યાર બાદ ઘણા શ્વેતાંબર અને દિગંબર ન્યાયવેત્તાઓએ તેમના ગ્રંથોમાં આ વિષયને ચર્ચ્યો છે અને આખરે ૩૦૦ વર્ષ પહેલાં દિગંબર ન્યાયવેત્તા વિમળદાસે આ સિદ્ધાંતના સમગ્ર સ્વરૂપને સ્પર્શતો "સપ્તભંગીતરંગિણી" નામનો ગ્રંથ રચ્યો છે.

આ ગહન અને સૂક્ષ્મ સિદ્ધાંતે બૌદ્ધ અને બ્રાહ્મણ ન્યાય-વેત્તાઓની ટીકાને આમંત્રી, પ્રખ્યાત બૌદ્ધ ન્યાયવેત્તા ધર્મ-કીર્તિએ (A.D.) સાતમા સૈકામાં આ સિદ્ધાંતની તેના પ્રસિદ્ધ ગ્રંથ "પ્રમાણવાર્તિક" માં ટીકા કરી અને તે ટીકાનો પ્રત્યુત્તર હરિભદ્રસૂરિએ પોતાના પ્રસિદ્ધ ગ્રંથ "અનેકાન્તજયપતાકા" માં આપ્યો છે.

બ્રાહ્મણ ઋષિ વ્યાસે "બ્રહ્મસૂત્ર" પુસ્તક-૨, પ્રકરણ-૨, સૂત્ર ૩૩ માં આ સિદ્ધાંતને સુધારા-વધારા સાથે ઉતાર્યો છે એ રમુજી નોંધ લેવા જેવી છે.

આ સિદ્ધાંતની, પ્રસિદ્ધ શંકરાચાર્ય કે જે ઈસ્વીસનના આઠમા સૈકામાં થઈ ગયા છે, તેમણે પોતાની ટીકા શાંકર-ભાષ્યમાં, વાચસ્પતિમિશ્ર કે જે (A.D.) દશમાં સૈકામાં થઈ ગયા છે તેમણે શાંકરભાષ્યની ભામતી વૃત્તિમાં અને માધવાચાર્યે તેમના "સર્વદર્શન સંગ્રહ" માં ટીકા કરેલી છે.

બ્રાહ્મણ તત્ત્વવેત્તાઓએ આ સિદ્ધાંત પર એવા દોષનું આરોપણ કર્યું છે કે તે અનિશ્ચયાત્મક જ્ઞાન તરફ દોરે છે અને સાત અવસ્થા પરસ્પર અસંગત છે." તે છતાં આ સિદ્ધાંતની શાંત અને નિષ્પક્ષપાત સમીક્ષા તેની વ્યાપકતામાં અને વસ્તુઓની સમગ્ર અવસ્થાઓને સ્પર્શવાની શક્તિમાં રહેલી વિશિષ્ટતાને વ્યક્ત કરે છે.

વૈશેષિક દર્શનના પ્રવર્તક કણાદે છ કોટીનો નિક્ષેપ કર્યો છે અને તે સર્વનો સમાવેશ अस्ति वा भावः માં કર્યો છે એ સર્વને સુવિદિત છે. પાછળની ટીકાઓએ બીજી કોટી ઉમેરી “अभावो वा नास्ति” બૌદ્ધ લોકોએ “अस्ति, नास्ति, उभय, अनुभय” એ ચાર કોટીથી જે નિર્યુક્ત હોય તે નિર્વાણ અથવા શૂન્યત્વ છે એવું કથન કરીને લોકોને આંજ્યા, પણ જૈન સિદ્ધાંતમાં સ્યાદ્વાદની સાત કોટી યોજી છે કે જેમાં મારી માન્યતા પ્રમાણે સર્વ પ્રકારના ફેરફારનો સમાવેશ થઈ જાય છે.

(૮)

શ્રી લક્ષ્મણ રઘુનાથ ભીડેએ "ચિત્રમય જગત્" નામના વર્ષ ૧૧ માના સંવત ૧૯૨૫ ના ડિસેમ્બરના અંકમાં "જૈન સિદ્ધાંત" નામના લેખમાં સ્યાદ્વાદના સંબંધમાં જણાવેલ છે કે-

"અનેકાન્તવાદ" ઉપર જણાવેલી અનાદ્યનન્તતત્ત્વની માલિકા વાંચતાંની સાથે જ અદ્વૈતવાદ જૈન સિદ્ધાંતને અમાન્ય છે એ દેખાઈ આવે છે, સાયુજ્ય મુક્તિ માનનારો દ્વૈતવાદ પણ તેને તેટલો જ અમાન્ય છે. કારણ મોક્ષ એટલે જીવાત્માએ શુદ્ધાત્મતત્ત્વમાં લીન થવું એમ જૈનો પણ માને છે. જગત્ના મિથ્યાત્વ સંબંધે પણ તેમની વિચારસરણી આવી જ સાપેક્ષ છે. મિથ્યા શબ્દોનો અર્થ શંકરાચાર્યની પેઠે અસત્ય કિંવા અદ્વૈતી ભાગવતો પેઠે અનિર્વાચ્ય એવો જૈનો કરતા નથી પણ હંમેશાં બદલનાર અત એવ ભ્રામક એવો કરે છે. અર્થાત્ "જગન્મિથ્યા" એટલે જગત એ નથી જ કિંવા અતકર્ય છે એમ નહીં, પણ તે ભ્રામક છે, કિંવા હંમેશાં બદલનારું છે એવો અર્થ છે. આ સંક્ષેપ વિચાર પદ્ધતિને "એકાન્તવાદ" એમ કહે છે. अनेके अन्ता- धर्मा यस्मिन् भावे सोऽयमनेकान्तः એટલે જેમાં અનેક ધર્મ છે તે, આવો એકાંગી ઉત્તર એ ક્યારેય પણ અપૂર્ણ જ હોય છે. કારણ કોઈપણ વસ્તુ હંમેશાં એક જ અવસ્થામાં રહેતી જ નથી. તેથી ઉત્તર કિંવા વર્ણન એ ક્યારેય પણ સાપેક્ષ અને તેથી જ અનેકાંગી હોય આ વર્ણન સાત રીતે કરી શકાય છે. તેથી એ પદ્ધતિને સપ્તભંગી પણ કહે છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવ આ ચાર અપેક્ષા વડે કોઈ પણ વસ્તુનું વર્ણન કરવું પડે છે.

(૧) કોઈ પણ એક વસ્તુ સંબંધે બોલતાં આ અપેક્ષા ચતુષ્ટયાનુસાર વસ્તુનું અસ્તિત્વ છે એમ કહેવું એ પહેલો પ્રકાર.

(૨) બીજી એકાદ વસ્તુના ઉપલા અપેક્ષા ચતુષ્ટયાનુસાર અસ્તિત્વની દૃષ્ટિએ પહેલી વસ્તુનું અસ્તિત્વ નથી એમ કહેવું એ બીજો પ્રકાર.

(૩) કોઈ પણ વસ્તુને માટે બીજી બે વસ્તુના સાપેક્ષ ચતુષ્ટયાનુસાર અસ્તિત્વ કિંવા શૂન્યત્વ કહેવું એ ત્રીજો પ્રકાર.

(૪) કોઈ પણ વસ્તુની બાબતમાં અન્ય બે વસ્તુના સાપેક્ષ ચતુષ્ટયાનુસાર એકદમ ઉત્તર આપવા અશક્ય હોવાથી અવક્તવ્ય છે એ ચોથો પ્રકાર.

(૫) કોઈ વસ્તુને માટે બીજી બે વસ્તુઓની દૃષ્ટિએ બોલવું અશક્ય, પણ એક વસ્તુની દૃષ્ટિએ અસ્તિપક્ષે ઉત્તર આપવો એ પાંચમો પ્રકાર.

(૬) તેનાથી ઉલટું નાસ્તિપક્ષે ઉત્તર આપવો એ છઠ્ઠો પ્રકાર.

(૭) કોઈ પણ વસ્તુને માટે બીજી બે વસ્તુની દૃષ્ટિએ એકી સાથે કહેવું અશક્ય, પણ અનુક્રમે અસ્તિ-નાસ્તિપક્ષે ઉત્તર આપવો એ સાતમો પ્રકાર.

આ સાત પદ્ધતિ વડે તર્ક ચલાવ્યા પછી જે સાર નીકળે તે ખરો છે એમ કહેવાને હરકત નથી. એકંદરે સાપેક્ષાત્મક વિચાર કરવાની આ સર્વાંગિક પદ્ધતિ હોવાથી તે અત્યંત પરિણામકારક છે એમાં શંકા નથી.

ડૉ. ભાંડારકાર, મહાત્મા ગાંધીજી તેમજ કેટલાક પાશ્ચાત્ય પંડિતોએ આ તર્કપદ્ધતિની પ્રશંસા કરી છે તે કંઈ અમથી નહીં. હિંદુતત્ત્વજ્ઞાનની બાબતમાં અનેક શાખાઓ ઉત્પન્ન થવાનું કારણ એકાંગી વાદપદ્ધતિ છે. અનેકાન્ત પદ્ધતિ વડે જ ચર્ચા કરતાં બધી શાખાઓને સાપેક્ષ માન્યતા દેવી પડશે. ઉપરની સાત પદ્ધતિ "સ્યાત્" શબ્દથી અંકિત હોવાને લીધે "સ્યાદ્વાદ પદ્ધતિ" પણ કહેવાય છે.

प्रश्नत्रशाऽकस्मिन् वस्तुन्यविरोधेन विधि-प्रतिषेध-कल्पनया स्यात्कारांकितसप्तधा वाक्प्रभेदेन स्याद्वाद-पद्धतिर्भवति ।।

આ પદ્ધતિની આવી વ્યાખ્યા છે. વિધિપ્રતિષેધાદિ કોઈ પણ વિધાન સાત પ્રકારે અપેક્ષાચતુષ્ટયની સાથે કરવું એ જ આ પદ્ધતિનું રહસ્ય છે.

પ્રવાહની દૃષ્ટિએ સૃષ્ટિ અનાદ્યનંત છે, પણ પર્યાયતઃ ક્ષણ-વિનશ્વર છે. આત્મતત્ત્વના મૂળભૂત ગુણની દૃષ્ટિએ સર્વ જીવાત્મા એક છે, પણ કર્મબંધના ભિન્નત્વને લીધે તે અનેક પણ છે.

આ પ્રમાણે સર્વ અપેક્ષાઓ લક્ષમાં લઈને સિદ્ધાંત સ્થાપવો એનું નામ જ અનેકાન્તવાદ.

(૯)

શ્રી હરિસત્ય ભટ્ટાચાર્ય એમ. એ. બી. એમ. પીએચ. ડી. કલકત્તાવાળાએ "અનેકાન્તવાદ" નામના પુસ્તકમાં જણાવ્યું છે કે -

"અનેકાન્તવાદ એ જૈન તત્ત્વજ્ઞાનની ખાસ વિશેષતા છે. કેટલાક વિદ્વાનો એવું બતાવવાનો પ્રયત્ન કરે છે કે વૈદિક દર્શનમાં અથવા તો બૌદ્ધ દર્શનમાં અનેકાન્તવાદનું મૂળ છે, તો અમે કહીએ છીએ કે ઐતિહાસિક દૃષ્ટિએ જોતાં કોઈ પણ જૈનેતર દર્શનમાંથી અનેકાન્તવાદ ઊતરી આવ્યો નથી. ખરી રીતે તો તે જૈનદર્શનનો એક સ્વતંત્ર અને વિશિષ્ટ પ્રકારનો સિદ્ધાંત છે, એટલું જ નહિ પણ જગતની તત્ત્વવિચારધારામાં અનેકાન્તવાદ એક મૌલિક અને અમૂલ્ય ફાળો આપે છે."

વળી, શ્રી હરિસત્ય ભટ્ટાચાર્યે તે જ પુસ્તકના ઉપસંહારમાં જણાવેલ છે કે - "ધાર્મિક મંતવ્યોમાં રહેલા મતભેદોનું નિવારણ એ વિશ્વશાંતિ સ્થાપવામાં એક ખૂબ આવશ્યક તત્ત્વ છે. આમ આપણે કહી શકીએ કે, આજના સળગતા પ્રશ્નોનો એટલે કે ઝઝૂમતા વિશ્વયુદ્ધને નિવારવાના પ્રશ્નનો સંપૂર્ણ ઉકેલ અનેકાન્તવાદ જ લાવી શકે છે, માટે જગતને અનેકાન્તવાદની બહુ જ જરૂર છે."

(૧૦)

મહામહોપાધ્યાય પંડિત ગંગાનાથ M.A.D.Lt. અલાહબાદવાળા સ્યાદ્વાદના સંબંધમાં લખે છે કે -

“जबसे मैंने शंकराचार्य द्वारा जैन सिद्धांत पर खंडन को पढा है, तबसे मुजे विश्वास हुआ कि इस सिद्धांत में बहुत कुछ है जिसको वेदांतके आचार्योंने नहीं समजा, और जो कुछ अभी तक मैं जैन धर्मको जान सका हूँ उससे मेरा यह विश्वास दृढ हुआ है कि यदि वे जैनधर्म को उससे असली ग्रन्थों से देखने का कष्ट उठाते तो उनको जैनधर्म से विरोध करनेकी कोंई भी बात नहीं मिलती ।”

(૧૧)

પંડિત શ્રી મહાવીરપ્રસાદ દ્વિવેદીએ "સરસ્વતી" માસિકમાં "પ્રાચીન જૈન લેખસંગ્રહ" ની સમાલોચના કરતાં સ્યાદ્વાદના સંબંધમાં જણાવેલ છે કે -

“प्राचीन ढररेके हिंदु धर्मावलंबी बडे बडे शास्त्री तक अब भी नहीं जानते कि-जैनियों का स्याद्वाद किस चिडिया का नाम है ?”

"धन्यवाद है जर्मनी और फ्रान्स, इग्लेन्ड के कुछ विद्यानुरागी विशेषकों को जिनकी कृपा से इस धर्म के अनुयायियों के कीर्तिकलापकी खोज और भारत वर्ष के साक्षरजनों का ध्यान आकृष्ट हुआ । यदि ये विदेशी विद्वान् जनों के धर्मग्रंथ आदि की आलोचना न करते, यदि ये उनके प्राचीन लेखकों की महत्ता प्रकट न करते तो हम लोग शायद आज भी पूर्ववत् ही अज्ञान के अंधकार में ही डूबे रहते ।"

(१२)

વિદ્વાન સી. એસ. મેઘકુમારે મદ્રાસમાં ભરાયેલ બીજી વિશ્વધર્મ કોન્ફરન્સમાં જૈન ધર્મ સંબંધે ભાષણ આપતાં સ્યાદ્વાદ ના સંબંધમાં જણાવેલ છે કે -

"श्रीमत् परमगंभीरं स्याद्वादभोगलंछनन् ।
जीयात् त्रैलोक्यनाथस्य शासनं जिनशासनम् ।।"

Victory be to that faultless doctrine of Syadvada great and sublime, which is the central truth of Jainism and the word of the lord of the three worlds.

તે સ્યાદ્વાદ સિદ્ધાંત વિજય પામો કે જે ક્ષતિ વિનાનો હોઈ ઉચ્ચ અને બુદ્ધિગમ્ય છે અને જે જૈનધર્મમાં મધ્યપદે યાને કેન્દ્રસ્થાને શોભે છે જેના પ્રરૂપક ત્રણ જગતના સ્વામી છે.

(૧૩)

પંડિત હંસરાજજી શર્માએ "दर्शन और अनेकान्तवाद" નામના પુસ્તકમાં સ્યાદ્વાદના સંબંધમાં જણાવેલ છે કે -

"अनेकान्तवाद अथवा अपेक्षावाद का सिद्धान्त कुछ नवीन अथवा कल्पित सिद्धान्त नहीं, किन्तु अति प्राचीन (ऐतिहासिक दृष्टि से) तथा पदार्थों की उनके स्वरुप के अनुरुप यथार्थ व्यवस्था करनेवाला सर्वानुभवसिद्ध सुव्यवस्थित और सुनिश्चित सिद्धांत है ।

तात्त्विक विषयों की समस्या में उपस्थित होनेवाली कठिनाइयों को दूर करने के लिये अपेक्षावाद के समान उसकी कोटिका दूसरा कोई सिद्धान्त नहीं है ।

विरुद्धता में विविधता का भान कराकर उसका सुचाररुप से समन्वय करने में अनेकान्तवाद-अपेक्षावाद का सिद्धान्त बडा ही प्रवीण एवं सिद्धहस्त है ।"

(१४)

પ્રોફસર જંયતિલાલ ભાઈશંકર દવે એમ. એ. "દાર્શનિક સાહિત્યમાં દષ્ટાંતો અને ઉપમાઓ" એ લેખમાં સ્યાદ્વાદના સંબંધમાં જણાવેલ છે કે -

"તમામ અને વિવિધ અપેક્ષા-દષ્ટિઓ દ્વારા સમન્વયે કરી વિરુદ્ધ દેખાતા મતોની સમુચિત સંગતિ કરવી એ જ અનેકાન્ત દષ્ટિનું વાસ્તવિક સ્વરૂપ છે. એક જૈન ગ્રંથમાં આ આખો વિષય એક જ શ્લોકમાં સમાવી દેવામાં આવ્યો છે.

जे एगं जाणइ से सव्वं जाणइ ।
जे सव्वं जाणइ से एगं जाणइ ।।
(य एकं जानाति स सर्व जानाति ।
यः सर्वं जानाति स एकं जानाति ।।)

(षड्दर्शनसमुच्चय-टीका)

અર્થાત્ - જે એકને એટલે સમગ્ર સ્વરૂપને જાણે છે તે તેના બધા અંગો ઉપાંગોને જાણે છે અને જે વસ્તુના તમામ અંગો ઉપાંગોને જાણે છે તે સમગ્ર વસ્તુ સ્વરૂપને જાણે છે.

એક બીજો એવી જ મતલબનો શ્લોક જરા વધારે સુંદર લાગવાથી અહીં આપું છું.

एको भावः सर्वथा येन दृष्टः
सर्वे भावाः सर्वथा तेन दृष्टाः ।
सर्वे भायाः सर्वथा येन दृष्टाः
एको भावः सर्वथा तेन दृष्टः ॥

(षड्दर्शनसमुच्चय-टीका)

અર્થાત્ - વસ્તુનો એક સ્વભાવ તે વસ્તુમાં અંતર્ગત બીજા સ્વભાવો સાથે ઓતપ્રોત હોવાથી એકને સંપૂર્ણપણે જાણીએ તો આપોઆપ બીજા સ્વભાવો પણ જાણવામાં આવે અને એક વસ્તુને પૂર્ણપણે જાણીએ તો તેમાં રહેલા તમામ ગુણધર્મો આપોઆપ જ્ઞાત થાય જ. આમાં અનેકાન્તવાદનું સારતમ રહસ્ય ટૂંકમાં પણ કેટલું મનોરમ શૈલીમાં સમજાવ્યું છે !

જગતની દરેક વસ્તુ ઘણા ઘણા ગુણધર્મોવાળી હોવાથી તેનો જો એક જ ગુણધર્મ લક્ષમાં લઈ તેનું હઠાગ્રહપૂર્વક પ્રતિપાદન કરવામાં આવે ને તેને જ પૂર્ણ સત્ય માની લેવામાં આવે ત્યારે મતાગ્રહો ઊભા થાય છે, સત્યના એક અંશને સંપૂર્ણ સત્ય માની લેવાથી બૌદ્ધિક અથવા માનસિક ભૂમિકા પર હિંસા ઉત્પન્ન થાય છે અને તેનું પરિણામ કાયિક હિંસામાં જ આવે છે. પહેલા શબ્દવ્યાપાર માટે જ અહિંસાની સાર્વભૌમ પ્રતિષ્ઠા કરવા માટે તેના મૂળમાં અનેકાન્તદષ્ટિ પાયારૂપે રહેલી છે.

(૧૫)

કાશી હિન્દુ વિશ્વવિદ્યાલયના દર્શનાધ્યાપક ભિક્ખનલાલ આત્રેય એમ. એ. ડી. લિટ્. "સ્યાદ્વાદમંજરી" ના પાક્ કથનમાં સ્યાદ્વાદના સંબંધમાં જણાવે છે કે -

"सत्य और उच्च भाव और विचार किसी एक जाति या मजहबवालों की वस्तु नहीं हैं । इन पर मनुष्य मात्र का अधिकार है । मनुष्य मात्र को अनेकान्तवादी, स्याद्वादी और अहिंसावादी होने की आवश्यकता है । केवल दार्शनिक क्षेत्र में ही नहीं, धार्मिक और सामाजिक क्षेत्र में भी ।"

(૧૬)

રામનારાયણ રૂઈઆ કોલેજના પ્રોફેસર ધીરજલાલ પરીખે સ્યાદ્વાદના સંબંધમાં જણાવેલ છે કે -

"સ્યાદ્વાદનો સિદ્ધાંત બધા પક્ષકારો અપનાવે તો દેશનું સંગઠન શક્ય નીવડે એ વિચાર લેખકે દર્શાવ્યો છે તે સાથે હું સંમત છું, કેટલાક સ્યાદ્વાદને સંશયવાદ કહે છે. પરંતુ વાસ્તવિક રીતે એ સમન્યવાદ છે, એ આચાર્ય આનંદશંકર ધ્રુવનો અભિપ્રાય મને માન્ય છે. યોગ્ય સમીક્ષા કરનારને પ્રત્યેક પ્રશ્નનો નિર્ણય દર્શાવતાં ઢાલની બન્ને બાજુએ દેખાય છે. તો વળી વધારે સૂક્ષ્મ દષ્ટિથી અવલોકનારને એની અનેક બાજુઓ દેખાય છે. આ પ્રકારનું સમ્યગ્દર્શન કરનારા એકાંતિક નિર્ણય ન આપે એ સાવ સ્વાભાવિક છે. એમને દહીં-દૂધિયા કહેનારાઓ ભીંત ભૂલે છે અને અવલોકન કરનારની ન્યાયદષ્ટિને અન્યાય કરી બેસે છે.

અનેક મતમતાંતરોના વમળમાંથી રહસ્ય શોધી સર્વ ધર્મ સમભાવ અને પરમત-સહિષ્ણુતા કેળવવામાં સ્યાદ્વાદ અત્યંત મહત્ત્વની સેવા બજાવી શકે તેમ છે.

("સરળ સ્યાદ્વાદમત સમીક્ષા" માંથી)

(૧૭)

સર વિલિયમ હેમિલ્ટન આદિ પાશ્ચાત્ય વિદ્વાનોએ પણ સ્યાદ્વાદના સંબંધમાં જણાવેલ છે કે -

"પદાર્થ માત્ર પરસ્પર સાપેક્ષ છે. અપેક્ષા વિના પદાર્થત્વ જ નથી બનતું. અશ્વ કહ્યો ત્યાં અનશ્વની અપેક્ષા થઈ જ, દિવસ કહ્યો ત્યાં રાતની અપેક્ષા થઈ જ, અભાવ કહ્યો તો ભાવની અપેક્ષા થઈ જ."

("નયકર્ણિકા" પાંચમાં પાનમાંથી)

(૧૮)

सशास्त्र के विद्वान प्रो. विलियम जेम्स (W. James) ने भी लिखा है कि -

"साधारण मनुष्य इन सब दुनियाओं का एक दूसरे से असम्बद्ध तथा अनअपेक्षित रुप से ज्ञान करता है। पूर्ण तत्त्ववेत्ता वही है, जो संपूर्ण दुनियाओं से एक दूसरे से सम्बद्ध और अपेक्षित रुप में जानता है।"

("સ્યાદ્વાદમંજરી" ૩૧ મા પાનમાંથી)

(૧૯)

પ્રોફેસર મૈકસવોર્ન સાપેક્ષવાદ-સ્યાદ્વાદના સંબંધમાં જણાવે છે કે -

"मेरा एक मित्र एक बार किसी डिनर पार्टी में गया । उसके पास बैठी हुई एक महिलाने कहा-प्राध्यापक महोदय ! क्या आप मुझे थोडे शब्दो में बताने का कष्ट करेंगे कि वास्तव में सापेक्षवाद है क्या ?"

उसने विस्मित मुद्रा में उत्तर दिया-क्या तुम यह चाहोगी कि उसके पूर्व मै तुम्हें एक कहानी सुना दूँ । में एक बार अपने एक फ्रांसीसी मित्र के साथ सैर के लिये गया । चलते-चलते हम दोनों प्यासे हो गये । इतने में हम एक खेत पर आये । मैंने अपने मित्र से कहा ।

यहां हमें कुछ दूध खरीद लेना चाहिये । उसने कहा दूध क्या होता है ? मैंने कहा-तुम नहीं जानते ? पतला और धोला धोला... उसने कहा-धोला क्या होता हैं ? मैंने कहा धोला होता है जैसा बतक । उसने कहा, बतक क्या होता है ? एक पक्षी जिसकी गर्दन मोडदार होती है । उसने कहा मोड क्या होती है ? मैंने अपनी बाँहको इस प्रकार से टेढी करके उसे दिखाया के मोडदार इसे कहते हैं । तब उसने कहा-अच्छा अब मैं समज गया दूध क्या है ? इस कहानी को सुन लेने के बाद भद्र-महिलाने कहा-मुझे सापेक्षवाद क्या है अब यह जानने की कोई दिलचस्पी नहीं रही हैं ।

(Cosmology old & new P. 197)

"(જૈનદર્શન ઔર આધુનિક વિજ્ઞાન-પૃષ્ઠ ૧૩)

યુરોપના સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈન સાપેક્ષવાદના સંબંધમાં જણાવે છે કે -

"એક સમયે એક મહેમાન સ્ત્રી તેમના ઘેર આવ્યાં હતાં. તેમણે પ્રસંગ પામીને આઇન્સ્ટાઇનને પૂછયું :

"મહાશય ! માફ કરજો તમારા સાપેક્ષતાવાદનો સિદ્ધાંત મને ટૂંકમાં સમજાવશો ! મને કાંઇ તેમાં સમજાતું નથી." આઇન્સ્ટાઇને જવાબ આપતાં કહ્યું : "જુઓ, બહુ જ થોડા શબ્દોમાં જવાબ આપવાના બદલે તમને એક વાત કહું." આમ કહી પ્રો. આઇન્સ્ટાઇને વાત શરૂ કરી.

"એક વખત હું મારા એક અંધ મિત્ર સાથે ફરવા ગયો હતો. રસ્તામાં મે તેને કહ્યું; મને એક પ્યાલો દૂધ પીવાની ઇચ્છા થઇ છે."

પેલા અંધ મિત્રે મને પ્રશ્ન કર્યો, "દૂધ ? શું છે ?" એક જાતનું સફેદ પ્રવાહી."

અંધ મિત્રે કહ્યું, "પ્રવાહી તો હું જાણું છું પણ સફેદ શું ?"

આઇન્સ્ટઇન : "હંસના પીછાના જેવો રંગ."

અંધ મિત્ર : "પીછું શું તે હું જાણું છું, પણ હંસ એ શું ?"

આઈન્સ્ટઇન : "એક જાતનું વાંકી ગરદનવાળું પક્ષી."

આઇન્સ્ટઇન કહે છે, "હવે મારી ધીરજ ખૂટી ચાલતાં ચાલતાં પેલા અંધ મિત્રનો હાથ પકડી મેં તેને ઊંચો કર્યો અને તેના હાથને એક સખત આંચકો મારી કોણીથી વાંકો કર્યો અને કહ્યું : આને વાંકો કહેવાય, સમજાયું ?

અંધ મિત્રે તરત જવાબ આપ્યો, "હા, હવે હું સમજ્યો કે દૂધ એટલે શું ?

ત્યાર બાદ આઇન્સ્ટઇને પેલી યજમાન સ્ત્રીને કહ્યું : "તમે સમજી શક્યા હશો કે, આ રીતે દરેક પદાર્થમાં કેટકેટલા

ગુણધર્મો રહેલા છે, તેને તે તે દૃષ્ટિએ સમજવા તેનું નામ સાપેક્ષવાદ.

યજમાન સ્ત્રી મહાબુદ્ધિશાળી હતી. તે આનો સાર પામી ગઈ. જૈનદર્શનનો સ્યાદ્વાદ સિદ્ધાંત આ જ સાર કહે છે.

("કલ્યાણ" માસિક, ઓકટોબર, ૧૯૫૯, ૫૯૯માં પૃષ્ઠમાંથી)

ઉક્ત બન્ને ઉદાહરણો સમાન છે. પ્રો૦ મૈકસવોર્ન અને સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિક આઈન્સ્ટઈન બન્ને વસ્તુમાં રહેલા અનેક ધર્મોને સાપેક્ષ દૃષ્ટિથી જોનારા સમજનારા અને તેને પ્રચાર કરનારા હતા.

આજ વાતનું સમર્થન કરનાર એક અન્ય પણ ઉદાહરણ આ પ્રમાણે છે - ૧૨-૧૧-૬૩

प्रो० अलबर्ट आइस्टीन से उसकी पत्नीने कहा- "मैं सापेक्षवाद कैसा है कैसे बताऊँ ?"

आइस्टीनने एक दृष्टांत में जवाब दिया - "जब एक मनुष्य एक सुन्दर लडकी से बात करता है तो उसे एक घण्टा एक मिनिट जैसा लगता है । उसे ही एक गर्म चूल्हे पर बैठने दो तो उसे एक मिनिट एक घण्टे के बराबर लगने लगेगी - यहीं सापेक्षवाद है ।"

(૨૦)

પં. રામમિશ્રજી આચાર્ય સ્યાદ્વાદના સંબંધમાં જણાવે છે કે -

સ્યાદ્વાદ એ જૈનધર્મનો અભેદ્ય દુર્ગ છે એ દુર્ગમાં વાદી અને પ્રતિવાદીઓના માયામય ગોળાઓનો પ્રવેશ થતો નથી વેદાંત આદિ અન્ય દર્શન શાસ્ત્રોની પૂર્વે પણ જૈનધર્મ અસ્તિ-ત્વમાં હતો. એ વાતમાં મને રતિભર પણ સંદેહ નથી.

(૨૧)

ભારતના ઉપરાષ્ટ્રપતિ ડૉ૦ સર્વપલ્લી રાધાકૃષ્ણન સ્યાદ્વાદ સંબંધમાં જણાવે છે કે -

જગત આજે બે પરસ્પર વિરોધી વિચારસરણીઓમાં અટવાઈ ગયું છે અને બન્ને પક્ષો પોતપોતાના આત્યંતિક દષ્ટિબિંદુઓ ત્યજી દે નહિ, અને વિનમ્રતા તથા સહિષ્ણુતાથી એકબીજાને સમજવાનો પ્રયાસ કરે નહિ, ત્યાં સુધી એ ખેંચતાણ અને સંઘર્ષણનો અંત આવશે નહિ તે માટે અનેકાન્તવાદનો સ્યાદ્વાદનો સિદ્ધાંત ઘણો ઉપયોગી છે.

અમારી દષ્ટિમાં જે જે અભિપ્રાયો આવ્યા તે તે અત્રે જણાવ્યા છે.

આ સિવાય પણ અનેક જૈનેતર મહાયશોના અભિપ્રાયો હોવા જોઈએ. ઉપરોક્ત એ સુપ્રસિદ્ધ જૈનેતર મહાશયોના જૈન દર્શનના મૌલિક સ્યાદ્વાદ-અનેકાન્તવાદ સિદ્ધાતના સુંદર અભિપ્રાયો પરથી વાંચક વર્ગને સહજ ખ્યાલ આવી શક્યો હશે કે એ સ્યાદ્વાદ-અનેકાન્તવાદ પ્રત્યે એ સર્વને કેટલો બધો સાદર સદ્ભાવ છે ! કેટલું બધું બહુમાન છે ! અને કેટલો બધો પ્રેમ છે !

## (૨૩) સ્યાદ્વાદને અંગે જોવાલાયક ગ્રંથો

વિશ્વમાં સ્યાદ્વાદ-અનેકાન્તવાદને અંગે જોવાલાયક પ્રાચીન અર્વાચીન વિપુલ સાહિત્ય વિદ્યમાન છે. તેમાં જૈન ગ્રંથો અને જૈનેતર ગ્રંથો ઉભયનો સમાવેશ થાય છે.

(૧) જૈનનાં પરમમાનનીય અને પૂજનીય ૪૫ આગમ પૂજ્યશ્રી ગણધરો

(૨) सम्मतितर्क આ૦ શ્રી સિદ્ધસેન દિવાકર

(३) न्यायावतार
આ૦ શ્રી સિદ્ધસેન દિવાકર

(४) तत्त्वार्थधिगमसूत्र
વાચક શ્રી ઉમાસ્વાતિ

(५) शास्त्रवार्तासमुच्चय
આ૦ શ્રી હરિભદ્ર સૂરિ

(६) अनेकान्तजयपताका
આ૦ શ્રી હરિભદ્રસૂરિ

(७) षड्दर्शनसमुच्चय
આ૦ શ્રી હરિભદ્રસૂરિ

(८) अष्टकप्रकरण
આ૦ શ્રી હરિભદ્રસૂરિ

(९) स्याद्वादमंजरी
આ૦ શ્રી મલ્લિષેણસૂરિ

(१०) सिद्धहेमव्याकरण
આ૦ શ્રી હેમચંદ્રસૂરિ

(११) प्रमाणमीमांसा
આ૦ શ્રી હેમચંદ્રસૂરિ

(१२) अन्ययोगव्यवच्छेदिका
આ૦ શ્રી હેમચંદ્રસૂરિ

(१३) प्रमाणनयतत्त्वालोकालंकार
આ૦ શ્રી વાદિદેવસૂરિ

(१४) स्याद्वादरत्नाकर
આ૦ શ્રી વાદિદેવસૂરિ

(१५) स्याद्वादकल्पलता
ઉ૦ વાચક શ્રીયશોવિજયજી

(१६) नयोपदेश
ઉ૦ વાચક શ્રીયશોવિજયજી

(१७) नयोपनिषद्
ઉ૦ વાચક શ્રીયશોવિજયજી

(१८) न्यायखंडखाद्य
ઉ૦ વાચક શ્રીયશોવિજયજી

(१९) नयरहस्य
"ઉ૦ વાચક શ્રીયશોવિજયજી

(२०) रत्नाकरावतारिका
આ૦ શ્રીરત્નપ્રભસૂરિ

(२१) नयकर्णिका
ઉ૦ વાચક શ્રી વિનયવિજયજી

(२२) अनेकान्ततत्त्वमीमांसा
આ૦ શ્રી વિજયનેમિસૂરિ

(२३)अनेकान्ततत्त्वमीमांसा टीका
આ૦ શ્રી વિજયનેમિસૂરિ

(२४) अनेकान्तव्यवस्थाविवरण
આ૦ શ્રી વિજયનેમિસૂરિ

(२५) अनेकान्तवादविचार
આ૦ શ્રી આનંદસાગરસૂરિ

(२६) स्याद्वादद्वात्रिंशिका
આ૦ શ્રી આનંદસાગરસૂરિ

(२७) स्याद्वादबिन्दु
આ૦ શ્રી વિજયદર્શનસૂરિ

(२८) तर्कपरिभाषारत्नप्रभाविवरण
આ૦ શ્રી વિજયોદયસૂરિ

(२९) तत्त्वन्यायविभाकर
આ૦ શ્રી વિજયલબ્ધિસૂરિ

(३०) स्याद्वादरहस्यपत्रविवरण
આ૦ શ્રી વિજયનંદનસૂરિ

(३१) शास्त्रवार्तासमुच्चय-स्याद्वादवाटिका टीका
આ૦ શ્રી વિજયલાવણ્યસૂરિ

(३२) अनेकान्तव्यवस्था तत्त्व-बोधिनी वृत्ति
આ૦ શ્રી વિજયલાવણ્યસૂરિ

(३३) नयोपदेशतरंगिणीतरणि विवृत्ति
આ૦ શ્રી વિજયલાવણ્યસૂરિ

(३४) नयरहस्य-प्रमोद् टीका
આ૦ શ્રી વિજલાવણ્યસૂરિ

(३५) सप्तभंगीनयप्रदीप बाल-बोधिनी वृत्ति
આ૦ શ્રી વિજયલાવણ્યસૂરિ

(३६) शास्त्रवार्तासमुच्चय-वृत्ति
આ૦ શ્રી વિજયામૃતસૂરિ

આ સિવાયના પણ જૈનોના મુદ્રિત-અમુદ્રિત અનેક ગ્રંથો છે.

હવે જૈનેતર ગ્રંથોનો ઉલ્લેખ કરાય છે -

(१) महाभारत
વ્યાસ ઋષિ

(२) भगवद्गीता
વ્યાસ ઋષિ

(३) महाभाष्य
પંતજલિ ઋષિ

(४) पातंजलयोगदर्शन
પંતજલિ ઋષિ

(५) मनुस्मृति
મહર્ષિ મનુ

(६) ऋग्वेद
મહર્ષિ મનુ

(७) न्यायरत्नाकर
પંડિત પાર્થસારમિશ્ર

(८) मीमांसाश्लोकवार्तिक
પંડિત કુમારિલ ભટ્ટ

(९) सांख्यतत्त्वकौमुदी
પંડિત વાચસ્પતિ મિશ્ર

(१०) न्यायभाष्य
વાત્સ્યાયન મુનિ

(११) वैशेषिकदर्शन
કણાદ ઋષિ

(१२) ब्रह्मवैवर्तपुराण
વ્યાસ ઋષિ

(१३) तैतरीय उपनिषद्
व्यास ऋषि

(१४) राजमार्तण्ड
ભોજદેવ

(१५) वेदान्तपरिभाषा
ધર્મરાજ દીક્ષિત

## ઉપસંહાર

સર્વજ્ઞ શ્રી જિનેન્દ્રવિભુભાષિત જૈનદર્શનના મૌલિક આ સ્યાદ્વાદ અનેકાન્તવાદ સિદ્ધાંતને અંગે જેટલું લખાય તેટલું ઓછું જ છે. ગ્રંથોના ગ્રંથો ભરીએ તો પણ તેનો પાર આવે તેમ નથી.

આ સંબંધમાં આદ્યાવધિ ઘણું ઘણું લખાયું છે, વિશદ ચર્ચાઓ ચાલેલી છે, ખંડન-મંડનો થયેલાં છે અને આક્ષેપને પરિહારની ઝડીઓ પણ વરસેલી છે.

એ સઘળુંય લક્ષ્યમાં રાખીને, પ્રાચીન, અર્વાચીન અનેક ગ્રંથો વગેરેનું દોહન કરી, લખાયેલા આ લેખમાં તેની સમસ્ત વિશ્વમાં સર્વ રીતે સર્વોત્કૃષ્ટતા, વ્યાપકતા અને સમન્વયતા સિદ્ધ કરવા પ્રયત્ન કર્યો છે.

સાથે સાથે પ્રાચીન, અર્વાચીન અનેક પ્રમાણો, ઉદાહરણો અને સુપ્રસિદ્ધ વિદ્વાનો વગેરેના અભિપ્રાયો પણ જણાવ્યા છે.

પ્રાંતે આ લેખમાં મારા મતિદોષથી કાંઈ પણ વિપરીત કે અસ્પષ્ટ લખાયેલ હોય, તેનો મિચ્છામિ દુક્કડં આપતો વિરમું છું.

સ્યાદ્વાદ-અનેકાન્તવાદને અહર્નિશ અમારા કોટીશઃ વંદન હો.

**વીર સં. ૨૪૮૬, વિક્રમ સં. ૨૦૧૬, નેમિ સં. ૧૧,**

**શ્રાવણ સુદિ-૫, શુક્રવાર, તા.૨૯-૭-૬૦**

**(શ્રી નેમિનાથ તીર્થંકરનો જન્મકલ્યાણક દિવસ)**

**: સ્થળ :**

શ્રી સિદ્ધક્ષેત્ર-પાલીતાણા, ખુશાલ ભુવન

(સૌરાષ્ટ્ર)

**: લેખક :**

પ.પૂ. શાસનસમ્રાટ્ - સૂરિચક્ર - ચક્રવર્તિ તપોગચ્છાધિપતિ શ્રીમદ્‌વિજય **નેમિસૂરીશ્વરજી મ૦** શ્રીના પટ્ટાલંકાર - વ્યાકરણ વાચસ્પતિ - શાસ્ત્રવિશારદ - કવિરત્ન - પૂજ્યપાદ શ્રીમદ્‌વિજય **લાવણ્યસૂરીશ્વરજી મ૦** શ્રીના પ્રધાન પટ્ટાલંકાર - વ્યાકરણરત્ન - શાસ્ત્રવિશાદર - કવિદિવાકર - પૂજ્ય મહોપાધ્યાય - શ્રીમદ્ **દક્ષ-વિજયજી ગણિવરના** વિનેય પંન્યાસ **સુશીલવિજય** ગણિ.

**॥ શુભં ભવતુ શ્રીસંઘસ્ય ॥**

श्री सुशील-साहित्य प्रकाशन समिति

उद्देश्य

सम्यग्ज्ञान का प्रचार-प्रसार

नमो नाणस्स

## ટ્રસ્ટ મંડલ


| | |
|---|---|
| ★ સંઘવી શ્રી ગુણદયાલચંદજી ભંડારી | જોધપુર |
| ★ શા. હસ્તિમલજી દેવીચંદજી મુઠલિયા | તખતગઢ (મુંબઈ) |
| ★ સંઘવી શ્રી પ્રકાશચંદ્રજી ગેનમલજી મરડીયા | જાવાલ (ચૈન્નઈ) |
| ★ સંઘવી શ્રી માંગીલાલજી ચુનીલાલજી | તખતગઢ (ચૈન્નઈ) |
| ★ શા. નૈનમલજી વિનયચંદ્રજી સુરાણા | સિરોહી (મુંબઈ) |
| ★ શા. માંગીલાલજી તાતેડ | મેડતાસિટી (ચૈન્નઈ) |
| ★ શા. દેવરાજજી દીપચંદજી રાઠૌડ | જવાલી (પાલી) |
| ★ શા. રમણીકલાલજી મિલાપચંદજી | નોવી (સુરત) |
| ★ શા. પારસમલજી સરાફ | બિલાડા |
| ★ શા. ગણપતરાજજી ચોપડા | પચપદરાસિટી (મુંબઈ) |
| ★ શા. સુખપાલચંદજી ભંડારી | જોધપુર |


## કાર્યાલય


**શ્રી સુશીલ-સાહિત્ય પ્રકાશન સમિતિ**

C/o. સંઘવી શ્રી ગુણદયાલચંદજી ભંડારી

રાઈકા બાગ, પુરાની પુલિસ લાઈન પાસે

મુ.પો. જોધપુર - 342 006 (રાજ.)

Ph. : (0231) 2511829, 2510621

Printing by : Ambica Card Centre, A'bad-4. Ph.: (O) 2160989 (R) 7439106